૨૦૩ વર્ષ

દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ

R.N.I. No. GUJ GUJ /2013/58486 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 267 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ કાર્તિક સુદ-૮ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 9 November 2024, Saturday ■ REGD.No. MCS/058/2018-20

શનિવાર, ૯ નવેમ્બર ૨૦૨૪, કિંમત ₹ ૧૦.૦૦ | વીકએન્ડ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

દુનિયાની કોઈ પણ તાકાત

## કાશ્મીરમાં ૩૭૦મી કલમ પાછી નહીં લાવી શકેઃ મોદી

ધુળેઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આગામી વિધાનસભા ચૂંટણીઓ માટે મહારાષ્ટ્રમાં તેમની પ્રથમ રેલી દરમિયાન ઈન્ડી ગઠબંધન પર આકરા પ્રહારો કર્યા હતા અને તેમના પર અલગતાવાદી એજન્ડાને પ્રોત્સાહન આપવાનો અને રાજકીય લાભ માટે સમુદાયોને વિભાજિત કરવાનો પ્રયાસ કરવાનો આરોપ મૂક્યો હતો. તેમણે મતદારોને રાજ્યમાં સતત વિકાસ અને પ્રગતિ માટે ભાજપના નેતૃત્વવાળી મહાયુતિને સમર્થન આપવા વિનંતી કરી હતી.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે કોંગ્રેસની આગેવાની હેઠળના ઈન્ડી ગઠબંધન પર જમ્મુ અને કાશ્મીરમાંથી બંધારણને બહાર લઈ જવાનો આરોપ મૂક્યો હતો અને ભારપૂર્વક જણાવ્યું હતું કે વિશ્વની કોઈ શક્તિ ત્યાં કલમ ૩૭૦ પુનઃસ્થાપિત કરી શકશે નહીં. તેમણે કોંગ્રેસ પર એક જાતિને બીજી જાતિ સામે લડાવવાનો આરોપ પણ મૂક્યો હતો અને લોકોને એક થવા ચેતવણી આપી. 'એક હૈ, તો સલામત હૈ,' એમ તેમણે કહ્યું હતું.

૨૦ નવેમ્બરે યોજાનારી વિધાનસભા ચૂંટણી માટે મહારાષ્ટ્રમાં તેમની પ્રથમ રેલીને સંબોધતા મોદીએ કહ્યું હતું કે ઈન્ડી ગઠબંધન દલિતો અને આદિવાસીઓને ઉશ્કેરવા માટે બંધારણના રૂપમાં ખાલી પુસ્તકો દેખાડી રહ્યું છે.

મોદીએ કહ્યું હતું કે કોંગ્રેસ અને તેના સહયોગીઓએ 'પાકિસ્તાન એજન્ડા'ને પ્રોત્સાહન આપવું જોઈએ નહીં અને અલગતાવાદીઓની ભાષા બોલવી જોઈએ નહીં, એમ પણ મોદીએ કહ્યું હતું.

'જમ્મુ અને કાશ્મીરમાં આંબેડકરના બંધારણનું પાલન કરવામાં આવશે. તમે ટીવી પર જોયું હશે કે કેવી રીતે જમ્મુ અને કાશ્મીર વિધાનસભામાં કલમ ૩૭૦ પાછી લાવવાનો ઠરાવ લાવવામાં આવ્યો અને જ્યારે ભાજપના વિધાનસભ્યોએ વિરોધ કર્યો, ત્યારે તેમને બહાર ફેંકી દેવામાં આવ્યા. દેશ અને મહારાષ્ટ્રે આ સમજવું જોઈએ,' એમ મોદીએ કહ્યું હતું. (એજન્સી)■

### રાહુલ ગાંધી કે તેમના વંશજો કલમ ૩૭૦ને પુનઃસ્થાપિત કરી શકશે નહીંઃ અમિત શાહ

સાંગલીઃ કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધી કે તેમની ચોથી પેઢી જમ્મુ અને કાશ્મીરને વિશેષ દરજ્જો આપતી કલમ ૩૭૦ પાછી લાવી શકશે નહીં, એમ કેન્દ્રીય પ્રધાન અમિત શાહે શુક્રવારે મહારાષ્ટ્રના સાંગલીમાં એક ચૂંટણી રેલીમાં જણાવ્યું હતું. જમ્મુ-કાશ્મીર વિધાનસભાએ બુધવારે રાજ્યને વિશેષ દરજ્જો આપતી કલમ ૩૭૦ પુનઃસ્થાપિત કરવા માટે કેન્દ્ર સરકાર અને ચૂંટાયેલા પ્રતિનિધિઓ વચ્ચે સંવાદની માગણી કરતો ઠરાવ મંજૂર કર્યો હતો. રાજકીય પક્ષો દ્વારા આ પગલાંને આવકારવામાં આવ્યો હતો જ્યારે મુખ્ય વિપક્ષ ભાજપ દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો.

'છત્રપતિ શિવાજી મહારાજની ભૂમિ પરથી, રાહુલ બાબા હું તમને કહું છું કે તમે અથવા તમારી ચોથી પેઢી કલમ ૩૭૦ પુનઃસ્થાપિત કરી શકશો નહીં. દેશનું દરેક બાળક કાશ્મીર માટે લડવા માટે તૈયાર છે,' એમ ભાજપના વરિષ્ઠ નેતાએ ભારપૂર્વક જણાવ્યું હતું. 'જ્યારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કલમ ૩૭૦ નાબૂદ કરવાનો નિર્ણય લીધો, ત્યારે હું બિલ (સંસદમાં) લાવ્યો હતો, પરંતુ રાહુલ ગાંધી, શરદ પવાર, મમતા બેનર્જી, અખિલેશ યાદવ અને સ્ટાલિને આ પગલાનો વિરોધ કર્યો હતો. તેઓએ કહ્યું હતું કે કલમ ૩૭૦ દૂર કરશો નહીં કારણ કે તે કરશો તો ખીણમાં રક્તપાત થશે. લોહીની નદીઓ ભૂલી જાઓ, કોઈએ પથ્થર ફેંકવાની હિંમત ન કરી.'

સોનિયા ગાંધી અને મનમોહન સિંહની યુપીએ સરકાર દરમિયાન, આતંકવાદી હુમલાઓ વારંવાર થતા હતા, પરંતુ મોદી પીએમ બન્યા પછી, ઉરી અને પુલવામાની ઘટનાઓ સર્જિકલ સ્ટ્રાઇક્સ તરફ દોરી ગઈ જેણે પાકિસ્તાનમાં આતંકવાદીઓનો સફાયો કર્યો, એમ શાહે કહ્યું હતું. (એજન્સી)■

## ગુજરાતી શ્રદ્ધાળુઓની બસને ઉત્તર પ્રદેશમાં અકસ્માતઃ ત્રણનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતી શ્રદ્ધાળુઓની યાત્રિક બસને શુક્રવારે લખનઊ-આગ્રા એક્સપ્રેસ વે પર અકસ્માત નડ્યો હતો. ઉત્તર પ્રદેશના અયોધ્યાથી વૃંદાવન તરફ જઈ રહેલી ગુજરાતી યાત્રિકોની બસ રોડ પર ઊભેલા કન્ટેનર સાથે અથડાઈ હતી. આ અકસ્માતમાં બસમાં સવાર ત્રણ શ્રદ્ધાળુનાં મોત નીપજ્યાં હતાં, જ્યારે ૫૦થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. અમદાવાદથી ઉપડેલી આ બસમાં સવાર મોટાભાગના વૃદ્ધ યાત્રિકો હતાં.

આ દુર્ઘટના અંગે જાણકારી આપતાં પોલીસ સુપ્રિટેન્ડેન્ટ અખિલેશ ભદૌરિયાએ જણાવ્યુ હતું કે, ગુજરાતથી ઉત્તર પ્રદેશમાં તીર્થયાત્રા માટે આવેલી શ્રદ્ધાળુઓની બસને શુક્રવારે સવારે લખનઊ-આગ્રા એક્સપ્રેસ વે પર અકસ્માત નડ્યો હતો. આ બસ રોડ પર ઊભેલા એક કન્ટેનર સાથે અથડાઈ હતી. જેના કારણે બસમાં સવાર આઠ મુસાફરો ગંભીર રીતે ઘાયલ થયા હતા.

તેમણે વધુમાં જણાવ્યું હતં કે, ગુજરાતના તીર્થયાત્રીઓની બસ અયોધ્યાથી વૃંદાવન જતી હતી, ત્યારે સવારે છ વાગે અકસ્માતની ઘટના બની હતી. આ અકસ્માતમાં ૫૦ ઈજાગ્રસ્ત લોકોને હોસ્પિટલોમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. હોસ્પિટલમાં સારવાર દરમિયાન ત્રણ લોકોનાં મોત થયાં હતાં. આ ઘટના બાદ હાઇવે પર ટ્રાફિક જામ સર્જાયો હતો. પોલીસ સુપ્રિટેન્ડેન્ટએ જણાવ્યું કે, હોસ્પિટલમાં દાખલ ઈજાગ્રસ્તોમાંથી રાધાબેન, ઈશા પટેલ અને યુગ નામના વ્યક્તિનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું, જ્યારે અન્ય પાંચ ઈજાગ્રસ્ત લોકોની સારવાર શરૂ કરવામાં આવી હતી. પોલીસે દુર્ઘટના અંગે મૃતકોના પરિવારજનોને જાણ કરી દીધી હતી. ■

## જમ્મુ-કાશ્મીરમાં બે ગ્રામ રક્ષકની હત્યાઃ કિશ્તવાડમાં બંધ દરમિયાન દેખાવો




**ત્રાસવાદનો વિરોધઃ** જમ્મુ અને કાશ્મીરના કિશ્તવાડ જિલ્લામાં બે ગ્રામ રક્ષકની ત્રાસવાદીઓ દ્વારા કરાયેલી હત્યાને પગલે ત્રાસવાદના વિરોધમાં યોજાયેલા બંધ દરમિયાન ટાયર સળગાવીને દેખાવ કરી રહેલા લોકો. (પીટીઆઇ)

*સુરેશ એસ. ડુગ્ગર*

જમ્મુઃ જમ્મુ અને કાશ્મીરના કિશ્તવાડ જિલ્લામાં અલગ-અલગ વિસ્તારમાં ત્રાસવાદીઓએ બે ગ્રામ રક્ષકની હત્યા કરતા લોકો તેના વિરોધમાં રસ્તા પર ઊતર્યા હતાં અને કિશ્તવાડમાં સંપૂર્ણ બંધ રાખવામાં આવ્યો હતો.

માર્યા ગયેલા બે ગ્રામ રક્ષકમાં મહંમદ ખલીલના પુત્ર નજીર અહમદ અને અમરચંદના પુત્ર કુલદીપ કુમારનો સમાવેશ થાય છે. ત્રાસવાદીઓએ ગુરુવારે રાતે કિશ્તવાડમાં તેઓની હત્યા કરી હતી.

બે ગ્રામ રક્ષકની હત્યાના વિરોધમાં કિશ્તવાડના દ્રબશાલા ક્ષેત્રમાં સેંકડો લોકો ભેગા થયા હતા અને ટાયરો સળગાવ્યા હતા. તેઓએ પાકિસ્તાન અને ત્રાસવાદની વિરુદ્ધમાં સૂત્રો પોકાર્યા હતાં. તેઓએ 'ભારત માતાની જય'ના સૂત્રો પણ પોકાર્યા હતાં.

લોકો 'પાકિસ્તાન મુર્દાબાદ'ના નારા પોકારવાની સાથે રસ્તા પર ધરણાં પર બેઠા હતા. દ્રબશાલાના

(જુઓ પાનું ૨) ▸▸

### કાશ્મીરમાં બે ત્રાસવાદી ઠાર

જમ્મુઃ ઉત્તર કાશ્મીરના બારામુલ્લા જિલ્લામાં સોપોરના સાગીપોરા ખાતે સુરક્ષા દળોએ અથડામણમાં બે ત્રાસવાદીને ઠાર માર્યા હતા.

એક ઉચ્ચ અધિકારીએ આ સંબંધમાં માહિતી આપતા જણાવ્યું હતું કે સાગીપોરાના પાનીપોરામાં ત્રાસવાદીઓ હોવાની માહિતી મળ્યા બાદ સુરક્ષા દળોએ આ વિસ્તારને ઘેરી લીધો હતો અને ત્રાસવાદીઓ વિરોધી સંયુક્ત અભિયાન હાથ ધર્યું હતું. આમ છતાં, જનતાની સલામતીને ધ્યાનમાં રાખીને રાતના ત્રાસવાદીઓની વિરુદ્ધનું અભિયાન અટકાવાયું હતું, પરંતુ તેને શુક્રવારે સવારે ફરી શરૂ કરાયું હતું.

સલામતી દળો અને ત્રાસવાદીઓની વચ્ચે શુક્રવારે સવારે અથડામણમાં સામસામો ભારે ગોળીબાર થયો હતો. ઉત્તર કાશ્મીરમાં છેલ્લા થોડા દિવસ દરમિયાન સલામતી દળો અને ત્રાસવાદીઓ વચ્ચેની અથડામણની આ ત્રીજી ઘટના છે. ■



**હેપી બર્થ ડેઃ**
ભાજપના પીઢ નેતા લાલકૃષ્ણ અડવાણીને જન્મદિવસની શુભેચ્છા આપતા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ. (પીટીઆઇ)

## અંબાજીમાં ૧૫ વર્ષની સગીરા પર ૬ નરાધમોએ સામૂહિક દુષ્કર્મ આચર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં દુષ્કર્મની ઘટનાઓમાં સતત વધારો થઈ રહ્યો છે. અંબાજીમાં ૧૫ વર્ષની સગીરાને ઝાડી ઝાંખરાવાળા વિસ્તારમાં લઈ જઈને ૬ નરાધમોએ સામુહિક દુષ્કર્મ આચર્યું હતું. પોલીસે આરોપીઓને પકડવા માટે ચક્રો ગતિમાન કરીને વધુ તપાસ હાથ ધરી હતી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે યાત્રાધામ અંબાજીમાં પરિવાર સાથે રહેતી ૧૫ વર્ષની સગીરા પોતાના પિતાના મોટા ભાઈના ઘરે જવા નીકળી હતી. આ દરમિયાન તેનો ઓળખીતો વ્યક્તિ તેને બાઈક પર બેસાડી અવાવરુ જગ્યાએ લઈ ગયો હતો. જ્યાં ૬ નરાધમોએ મળીને સગીરા પર દુષ્કર્મ આચર્યું હતું. પીડિતા બેભાન થઈ જતાં આ નરાધમો ત્યાંથી ફરાર થઈ ગયા હતાં.

આ ઘટનાની જાણકારી મળતાં જ પોલીસનો કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો. સગીરાની માતાની ફરિયાદના આધારે પોલીસે તપાસ શરૂ કરી હતી. પોલીસે સગીરાના મેડિકલ ચેકઅપ માટેની કાર્યવાહી પણ હાથ ધરી હતી. સગીરાની માતાએ ફરિયાદમાં દુષ્કર્મ કરનાર વ્યક્તિ ઘોડા ટાંકણી ગામનો હોવાનું જણાવ્યું હતું. જે સગીરાને બાઈક પર બેસાડીને લઈ ગયો હતો. પોલીસે

(જુઓ પાનું ૨) ▸▸

## કૉર્ટે અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીના દરજ્જાનો કેસ નવી બૅન્ચને સોંપ્યો

નવી દિલ્હીઃ સર્વોચ્ચ અદાલતે અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીને લઘુમતીઓની શૈક્ષણિક સંસ્થાનો દરજ્જો આપવો કે નહિ, તે નક્કી કરવાનું કામ ત્રણ ન્યાયાધીશની નવી (રેગ્યુલર) બૅન્ચને સોંપ્યું હતું.

અગાઉ, ૧૯૬૭માં અપાયેલા સંબંધિત ચુકાદામાં જણાવાયું હતું કે અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી કેન્દ્રીય કાયદા મુજબ રચાઇ હોવાથી તેને લઘુમતીઓની શૈક્ષણિક સંસ્થા ગણી ન શકાય. સર્વોચ્ચ અદાલતની સાત ન્યાયાધીશની બૅન્ચે આ ચુકાદાને શુક્રવારે રદબાતલ કર્યો હતો.

અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીને લઘુમતીઓની શૈક્ષણિક સંસ્થાનો દરજ્જો આપવાને મુદ્દે બૅન્ચના ચાર ન્યાયાધીશ તરફેણમાં અને ત્રણ ન્યાયાધીશ વિરુદ્ધમાં હોવાથી દેશના મુખ્ય ન્યાયાધીશ ડી. વાય. ચંદ્રચૂડે આ અંગે નિર્ણય લેવાનું કામ ત્રણ ન્યાયાધીશની નવી (રેગ્યુલર) બૅન્ચને સોંપ્યું હતું.

અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીને લઘુમતીઓની શૈક્ષણિક સંસ્થાનો દરજ્જો આપતા ૧૯૮૧ના કાયદાની જોગવાઇને અલાહાબાદ વડી અદાલતે ૨૦૦૬ના જાન્યુઆરીમાં રદ કરી હતી.

મુખ્ય ન્યાયાધીશ ચંદ્રચૂડ, ન્યાયાધીશ સંજીવ ખન્ના, ન્યાયાધીશ જે. બી. પારડીવાલા અને ન્યાયાધીશ મનોજ મિશ્રાએ અલીગઢ મુસ્લિમ

(જુઓ પાનું ૨) ▸▸

**કવાયતઃ** ગોવાના કાંઠા નજીક વિમાનવાહક જહાજ આઇએનએસ વિક્રાંત ખાતેથી યોજાયેલી નૌકાદળની કવાયત. તેનું નિરીક્ષણ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ કર્યું હતું. (પીટીઆઇ)



## બિહારમાં છઠપૂજા નિમિત્તે ભક્તોએ ઉગતા સૂર્યને અર્ધ્ય અર્પણ કર્યું

પટનાઃ સમગ્ર બિહારમાં ભક્તોએ શુક્રવારે છઠપૂજાના છેલ્લા દિવસે ઉગતા સૂર્યને અર્ધ્ય અર્પણ કર્યું હતું. જેમાં મુખ્ય પ્રધાન નીતીશ કુમાર અને અન્ય ઘણા રાજકીય નેતાઓ સામેલ થયા હતા.

શુક્રવારે સવારે લાખો ભક્તોએ રાજ્યની રાજધાનીમાં ગંગા નદી અને અન્ય જળાશયોના કિનારે સૂર્યની પૂજા કરી અને અર્ધ્ય અર્પણ કર્યું હતું. કુમાર અને તેમના પરિવારના સભ્યોએ છઠની ઉજવણીમાં ભાગ લીધો હતો અને અહીં તેમના સત્તાવાર નિવાસસ્થાને ઉગતા સૂર્યને અર્ધ્ય અર્પણ કર્યું હતું. કેન્દ્રીય પ્રધાન અને લોક જનશક્તિ પાર્ટી(રામવિલાસ)ના પ્રમુખ ચિરાગ પાસવાને પણ રાજ્યની રાજધાનીના કૃષ્ણપુરી વિસ્તારમાં તેમના નિવાસસ્થાને ઉગતા સૂર્યને અર્ધ્ય અર્પણ કર્યું હતું. પાસવાને એક્સ પર એક પોસ્ટમાં શુક્રવારે લખ્યું કે છઠપૂજાના ચોથા દિવસે સમગ્ર પરિવારે ઉગતા સૂર્યને અર્ધ્ય અર્પણ કર્યું હતું.

મુખ્ય પ્રધાને પણ છઠની ઉજવણીમાં ભાગ લીધો હતો અને નડ્ડા સાથે સ્ટીમરની સવારી કરતાં પહેલા ગુરુવારે તેમના સત્તાવાર નિવાસસ્થાને ડૂબતા સૂર્યને અર્ધ્ય અર્પણ કર્યું હતું. કુમારે તેમના પરિવારના સભ્યો સાથે છઠપૂજાની ઉજવણીમાં ભાગ લીધો હતો. આ ચાર દિવસીય શુભ અવસર પાંચ નવેમ્બરના રોજ નહાય-ખાય વિધિ સાથે શરૂ થયો હતો અને શુક્રવારે સમાપ્ત થયો હતો. ■



**છઠપૂજાઃ** નવી દિલ્હીમાં તાહિરપુર વિસ્તારમાં છઠપૂજા મહોત્સવના અંતિમ દિવસે પૂજા કરી રહેલા શ્રદ્ધાળુઓ. ઉત્તર ભારતના રાજ્યોમાં છઠપૂજા ભારે ધામધૂમ અને શ્રદ્ધાથી ઊજવાય છે. (પીટીઆઇ)

# શ્રી રતન ટાટાની ગેરહાજરી દેશમાં જ નહીં સમગ્ર વિશ્વમાં અનુભવાય છે



શ્રી નરેન્દ્ર મોદી
વડા પ્રધાન , ભારત સરકાર

શ્રી રતન ટાટાજી આપણને છોડીને ગયા તેને એક મહિનો થઈ ગયો છે. ધમધમતાં શહેરો અને નગરોથી માંડીને ગામડાઓ સુધી, તેમની ગેરહાજરી સમાજના દરેક વર્ગમાં ઊંડે સુધી અનુભવાય છે. અનુભવી ઉદ્યોગપતિઓ, ઊભરતા ઉદ્યોગસાહસિકો અને મહેનતુ વ્યાવસાયિકો તેમના અવસાન પર શોક વ્યક્ત કરે છે. પર્યાવરણ પ્રત્યે પ્રખર અને પરોપકાર માટે સમર્પિત લોકો પણ એટલા જ દુ:ખી છે. તેમની ગેરહાજરી માત્ર દેશભરમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં ઊંડે સુધી અનુભવાઈ રહી છે.

યુવાનો માટે, શ્રી રતન ટાટા એક પ્રેરણા રૂપ હતા, જે યાદ અપાવે છે કે સપનાઓ અનુસરવા યોગ્ય છે અને સફળતા, કરુણા તેમજ નમ્રતા સાથે મળી શકે છે. અન્ય લોકો માટે, તેમણે ભારતીય ઉદ્યમની શ્રેષ્ઠ પરંપરાઓ અને અખંડિતતા, શ્રેષ્ઠતા અને સેવાના મૂલ્યો પ્રત્યે અડગ પ્રતિબદ્ધતાનું પ્રતિનિધિત્વ કર્યું. તેમના નેતૃત્વ હેઠળ ટાટા ગ્રૂપે વિશ્વભરમાં આદર, પ્રામાણિકતા અને વિશ્વસનીયતાને મૂર્ત સ્વરૂપ આપતા નવી ઊંચાઈઓને સ્પર્શ્યું. આમ છતાં, તેમણે તેમની સિદ્ધિઓને હળવાશથી, નમ્રતા અને ઉદારતા સાથે સ્વીકારી હતી.

અન્યોનાં સપનાં પ્રત્યે શ્રી રતન ટાટાનું અતૂટ સમર્થન તેમની સૌથી મોટી વિશેષતાઓમાંથી એક હતી. તાજેતરનાં વર્ષોમાં, તેઓ ભારતના સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમને માર્ગદર્શન આપવા અને ઘણા આશાસ્પદ સાહસોમાં રોકાણ કરવા માટે જાણીતા બન્યા. તેમણે યુવા ઉદ્યોગ સાહસિકોની આશાઓ અને આકાંક્ષાઓને સમજી અને ભારતના ભવિષ્યને આકાર આપવાની તેમની પાસે રહેલી ક્ષમતાને ઓળખી. તેમના પ્રયાસોને સમર્થન આપીને, તેમણે સ્વપ્ન જોનારાઓની પેઢીને હિંમતભેર જોખમો લેવા અને સીમાઓને આગળ ધપાવવા માટે સશક્તિકરણ કર્યું. આ નવીનતા અને ઉદ્યોગસાહસિકતાની સંસ્કૃતિ બનાવવા માટે એક લાંબો રસ્તો કાપ્યો છે, જેને લઈને મને વિશ્વાસ છે કે આવનારા દાયકાઓ સુધી ભારત પર તેની સકારાત્મક અસર પડતી રહેશે.



તેમણે હંમેશાં ઉત્કૃષ્ટતાની તરફદારી કરી અને ભારતીય સાહસિકોને વૈશ્વિક બેન્ચમાર્ક નિર્ધારિત કરવા માટેનો આગ્રહ કર્યો. મને આશા છે કે આ દ્રષ્ટિ આપણા ભાવિ નેતાઓને ભારતને વિશ્વ સ્તરની ગુણવત્તાનો પર્યાય બનાવવા માટે પ્રેરણા આપશે.

તેમની મહાનતા માત્ર બોર્ડરૂમ અથવા સાથી માનવોને મદદ કરવા સુધી મર્યાદિત ન હતી. તેમની કરુણા તમામ જીવો પર વિસ્તરેલી હતી. પ્રાણીઓ પ્રત્યેનો તેમનો ઊંડો પ્રેમ જાણીતો હતો અને તેમણે પ્રાણી કલ્યાણ પર કેન્દ્રિત દરેક સંભવિત પ્રયાસોને સમર્થન આપ્યું હતું. તેઓ અવારનવાર તેમના શ્વાનોના ફોટો શેર કરતા, જે તેમના જીવનનો એટલો જ ભાગ હતો જેટલું કે કોઈ વ્યવસાયિક સાહસ. તેમનું જીવન આપણા બધાને એ યાદ અપાવે છે સાચું નેતૃત્વ ફક્ત કોઈની સિદ્ધિઓ દ્વારા જ નહીં, પરંતુ સૌથી વધુ નબળા લોકોની સંભાળ રાખવાની ક્ષમતા દ્વારા માપવામાં આવે છે.

કરોડો ભારતીયો માટે, શ્રી રતન ટાટાની દેશભક્તિ સંકટના સમયમાં સૌથી વધુ ચમકતી હતી. ૨૬/૧૧ના આતંકવાદી હુમલા પછી મુંબઈમાં પ્રતિષ્ઠિત તાજ હોટેલને ફરીથી ખોલવી તે રાષ્ટ્ર માટે એક આહ્વાન હતું - ભારત એકજૂથ છે, આતંકવાદ સામે કોઈ પણ કાળે ઝૂકવાનો ઈનકાર કરે છે.

વ્યક્તિગત રીતે, મને વર્ષોથી તેમને ખૂબ નજીકથી જાણવાનું સૌભાગ્ય મળ્યું છે. અમે ગુજરાતમાં સાથે મળીને કામ કર્યું, જ્યાં તેમણે મોટા પાયે રોકાણ કર્યું છે, જેમાં એવા ઘણા પ્રોજેક્ટ્સનો પણ સમાવેશ થાય છે, જેને લઈને તેઓ ભાવુક હતા. થોડાં અઠવાડિયાં પહેલાં, હું સ્પેન સરકારના પ્રમુખ શ્રી પેડ્રો સાંચેઝ સાથે વડોદરામાં હતો અને અમે સંયુક્ત રીતે એક એરક્રાફ્ટ કોમ્પ્લેક્સનું ઉદ્ઘાટન કર્યું જ્યાં સી-૨૯૫ એરક્રાફ્ટ ભારતમાં જ બનાવવામાં આવશે. શ્રી રતન ટાટા જ હતા જેમણે આ અંગે કામ કરવાનું શરૂ કર્યું હતું. કહેવાની જરૂર નથી કે શ્રી રતન ટાટાની અનુપસ્થિતિની ઘણી જ ખોટ અનુભવાઈ.

હું શ્રી રતન ટાટાજીને એક સાહિત્યકાર તરીકે યાદ કરું છું - તેઓ વિભિન્ન મુદ્દાઓ પર વારંવાર મને પત્ર લખતા, પછી તે શાસનની બાબતો હોય, સરકારના સમર્થન માટે પ્રશંસા વ્યક્ત કરવી હોય અથવા ચૂંટણીમાં જીત પછી અભિનંદનની શુભેચ્છાઓ મોકલવાની હોય.

જ્યારે હું કેન્દ્રમાં ગયો ત્યારે અમારી વાતચીત ચાલુ જ રહી અને તે અમારા રાષ્ટ્ર નિર્માણના પ્રયાસોમાં એક પ્રતિબદ્ધ ભાગીદાર બની રહ્યા. સ્વચ્છ ભારતના મિશન માટે શ્રી રતન ટાટાનું સમર્થન ખાસ કરીને મારા હૃદયની નજીક હતું. તેઓ આ ઝુંબેશના મુખ્ય સમર્થક હતા, તેઓ જાણતા હતા કે ભારતની પ્રગતિ માટે સ્વચ્છતા, સ્વાસ્થ્ય અને સફાઈ ઘણી જ જરૂરી છે. મને આજે પણ ઓક્ટોબરની શરૂઆતમાં સ્વચ્છ ભારત મિશનની દસમી વર્ષગાંઠ નિમિત્તે તેમનો ભાવુક અને શાનદાર વીડિયો મેસેજ યાદ છે. તે તેમની અંતિમ સાર્વજનિક પ્રસ્તુતિઓમાંથી એક હતી.

તેમના હૃદયની નજીક વધુ એક મુદ્દો આરોગ્યસંભાળ અને ખાસ કરીને કેન્સર સામેની લડાઈ હતી. મને આસામમાં બે વર્ષ પહેલાનો કાર્યક્રમ યાદ છે, જ્યાં અમે સંયુક્ત રીતે રાજ્યમાં વિવિધ કેન્સર હોસ્પિટલોનું ઉદ્ઘાટન કર્યું હતું. તે સમયે તેમના ભાષણમાં, તેમણે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે તેઓ તેમના અંતિમ વર્ષો આરોગ્ય સંભાળ માટે સમર્પિત કરવા ઈચ્છે છે. આરોગ્ય અને કેન્સરની સંભાળને સુલભ અને સસ્તું બનાવવાના તેમના પ્રયાસો રોગ સામે લડતા લોકો માટે ઊંડી સહાનુભૂતિમાં મૂળ હતા. તેઓ એવું માનતા હતા કે ન્યાયી સમાજ તે છે જે પોતાના સૌથી નબળા લોકોની સાથે ઊભો રહે છે.

જેમ જેમ આપણે તેમને યાદ કરીએ છીએ તેમ તેમ આપણને તેમના દ્વારા કલ્પના કરવામાં આવેલ સમાજની યાદ આવે છે - જ્યાં વ્યવસાય બધા માટે એક શક્તિ તરીકે કામ કરી શકે છે, જ્યાં દરેક વ્યક્તિની ક્ષમતાને મહત્ત્વ આપવામાં આવે છે અને જ્યાં પ્રગતિ બધાની સુખાકારી અને સુખમાં માપવામાં આવે છે. તેમણે જે જીવનને સ્પર્શ્યું છે અને તેમણે જે સપનાઓ સંવાર્યા છે તેમાં તેઓ જીવંત છે. ભારતને ઉત્કૃષ્ટ, દયાળુ અને વધુ આશાસ્પદ દેશ બનાવવા માટે આવનારી પેઢીઓ તેમની આભારી રહેશે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(સૌર હેમંતઋતુ પ્રારંભ), શનિવાર, તા. ૯-૧૧-૨૦૨૪ દુર્ગાષ્ટમી,

- ભારતીય દિનાંક ૧૮, માહે કાર્તિક, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, કાર્તિક સુદ -૮
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે કાર્તિક, તિથિ સુદ-૮
- પારસી શહેનશાહી રોજ ૨૭મો આસમાન, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨૭મો આસમાન, માહે ૪થો તીર, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨૩મો દએપદીન, માહે ૮મો આવાં, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૬ઠ્ઠો, માહે ૫મો જમાદીલ અવ્વલ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૮મો, માહે ૫મો જમાદીલ અવ્વલ, સને ૧૪૪૬
- નક્ષત્ર શ્રવણ સવારે ક. ૧૧-૪૭ સુધી, પછી ઘનિષ્ઠા.
- ચંદ્ર મકરમાં રાત્રે ક. ૨૩-૨૭ સુધી, પછી કુંભમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મકર (ખ, જ), કુંભ (ગ, સ, શ, ષ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ.૪૩, અમદાવાદ ક. ૦૬ મિ. ૫૧, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૦૧, અમદાવાદ ક. ૧૮ મિ. ૫૬, સ્ટા. ટા.
- ભરતી : સાંજે ક. ૧૭-૨૦, મધ્યરાત્રિ પછી. ક. ૦૬-૧૨ (તા.૧૦)
- ઓટઃ સવારે ક.૧૧-૪૮, રાત્રે ક. ૨૩-૧૫
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, ''અનલ'' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, ''ક્રોધી'' નામ સંવત્સર, કાર્તિક શુક્લ - અષ્ટમી. દુર્ગાષ્ટમી, ગોપાષ્ટમી, પંચક પ્રારંભ ક. ૨૩-૨૭. વિષ્ટિ ક. ૧૧-૨૫ સુધી.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ
- મુહૂર્ત વિશેષઃશિવ પાર્વતી પૂજા, સપ્તશતી પાઠ, હવન, પિતૃ તર્પણ, સૂર્ય-ચંદ્ર દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ -લક્ષ્મી પૂજા, વિશ્વદેવતાનું પૂજન, ધ્રુવ દેવતાનું પૂજન, આંકડાના છોડનું પૂજન, વિદ્યારંભ, માલ વેંચવો, ખેતીવાડી, ધાન્ય ઘરે લાવવું, પશુ લેવડદેવડ, મિલકત લેવડદેવડ, ફણસનું વૃક્ષ વાવવું, બગીચો બનાવવો. સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, પરદેશગમનનું પસ્તાનું, અન્નપ્રાશન, નામકરણ, દેવદર્શન, મિત્રતા કરવી, નવા વસ્રો, આભૂષણ, દસ્તાવેજ, દુકાન, નોકરી, વેપાર, બી વાવવું, ધાન્ય ભરવું, પ્રયાણ શુભ, પ્રાણી પાળવા. નવી તિજોરીની સ્થાપના. મુંડન કરાવવું નહીં.
- આચમનઃ ચંદ્ર-સૂર્ય ચતુષ્કોણ કાર્યક્ષેત્રે મહેનતથી સફળ તકો મેળવી શકે, ચંદ્ર-ગુરુ ત્રિકોણ ભાતૃ સુખ સારું, ચંદ્ર-નેપ્ચ્યૂન ચતુષ્કોણ મુસાફરીમાં અમર્યાદિત ખર્ચા થાય.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-સૂર્ય ચતુષ્કોણ, ચંદ્ર-ગુરુ ત્રિકોણ, ચંદ્ર-નેપ્ચ્યૂન ચતુષ્કોણ
- ગોચરગ્રહોઃ સૂર્ય-તુલા, મંગળ-કર્ક, બુધ-વૃશ્ચિક, વક્રી ગુરુ-વૃષભ, શુક્ર-ધનુ, વક્રી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ- વૃષભ, વક્રી નેપ્ચ્યૂન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

# ભ્રષ્ટ લોકો વિરુદ્ધ તત્કાળ કાયદાકીય કાર્યવાહી ખૂબ જરૂરીઃ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ

નવી દિલ્હીઃ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ શુક્રવારે કહ્યું હતું કે ભ્રષ્ટાચારીઓ સામે તાત્કાલિક કાયદાકીય કાર્યવાહી ખૂબ જ જરૂરી છે કારણ કે વિલંબ અથવા નબળા પગલાં આવા લોકોને પ્રોત્સાહિત કરે છે. તેમણે અહીં સેન્ટ્રલ વિજિલન્સ કમિશન (સીવીસી) ના વિજિલન્સ અવેરનેસ વીક કાર્યક્રમને સંબોધતા કહ્યું કે વિશ્વાસ એ સામાજિક જીવનનો આધાર છે.

મુર્મૂએ કહ્યું હતું કે આ એકતાનો સ્રોત છે. સરકારના કામ અને કલ્યાણકારી યોજનાઓમાં જનતાનો વિશ્વાસ એ શાસનની શક્તિનો સ્રોત છે. ભ્રષ્ટાચાર આર્થિક પ્રગતિને પણ અવરોધે છે. સાથે તે સમાજમાં વિશ્વાસને પણ ઘટાડે છે. આનાથી લોકોમાં ભાઈચારાની લાગણી પર વિપરીત અસર થાય છે. દેશની એકતા અને અખંડિતતા પર પણ તેની વ્યાપક પ્રભાવ પડે છે.

રાષ્ટ્રપતિએ કહ્યું કે ભ્રષ્ટાચાર સામે તાત્કાલિક કાનૂની કાર્યવાહી અત્યંત જરૂરી છે. '' કાર્યવાહીમાં વિલંબ અથવા નબળા પગલાં અનૈતિક વ્યક્તિઓને જન્મ આપે છે,'' પરંતુ સાથે સાથે એ પણ જરૂરી છે કે દરેક કાર્યવાહી અને વ્યક્તિને શંકાની નજરથી જોવા જોઇએ નહીં. આપણે આનાથી બચવું જોઈએ. વ્યક્તિની ગરિમાને ધ્યાનમાં રાખવી જોઈએ અને કોઈ પણ કાર્ય ખરાબ ઈચ્છાથી પ્રેરિત ન હોવું જોઈએ. કોઈપણ કાર્યવાહીનો ઉદ્દેશ્ય સમાજમાં ન્યાય અને સમાનતા સ્થાપિત કરવાનો હોવો જોઈએ.

ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર અને ઈ-ટેન્ડરિંગનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું કે ભારત સરકારે ભ્રષ્ટાચારને ડામવા માટે અનેક પગલાં લીધાં છે. તેમણે કહ્યું કે છેલ્લાં દસ વર્ષમાં પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ હેઠળ ૧૨ અબજ ડોલરની સંપત્તિ જપ્ત કરવામાં આવી છે. રાષ્ટ્રપતિએ કહ્યું, ''મને વિશ્વાસ છે કે ભ્રષ્ટાચારને ક્યારેય ચલાવી લેવામાં આવશે નહીં તેવી નીતિ ભ્રષ્ટાચારને જડમૂળથી ઉખેડી નાખશે.''

સેન્ટ્રલ વિજિલન્સ કમિશન દર વર્ષે વિજિલન્સ સપ્તાહ ઉજવે છે. આ વર્ષે ૨૮મી ઓક્ટોબરથી ૩જી નવેમ્બર દરમિયાન વિજિલન્સ વીક ઉજવવામાં આવ્યું હતું અને તેની થીમ 'રાષ્ટ્રની સમૃદ્ધિ માટે અખંડિતતાની સંસ્કૃતિ' રાખવામાં આવી હતી. વિજિલન્સ સપ્તાહ ઉપરાંત આયોગ ત્રણ મહિના માટે પ્રીકોશનરી વિજિલન્સ અભિયાન ચલાવે છે. આ અંતર્ગત કેન્દ્ર સરકારના મંત્રાલયો, વિભાગો/સંસ્થાઓ ૧૬ ઓગસ્ટથી ૧૫ નવેમ્બર સુધી આ અભિયાન ચલાવી રહ્યા છે. આ અભિયાનમાં પાંચ વિષયો પર ભાર મૂકવામાં આવી રહ્યો છે જેમાં ક્ષમતા નિર્માણ, પ્રણાલીગત સુધારાઓની ઓળખ અને અમલીકરણ, પરિપત્ર/માર્ગદર્શિકા/નિયમાવલીનું અપડેટ, ૩૦ જૂન, ૨૦૨૪ પહેલા મળેલી ફરિયાદોનો નિકાલ અને ગતિશીલ ડિજિટલ હાજરી સહિતનો સમાવેશ થાય છે. આજના કાર્યક્રમમાં સેન્ટ્રલ વિજિલન્સ કમિશનર પ્રવીણ કુમાર શ્રીવાસ્તવ અને વિજિલન્સ કમિશનર એએસ રાજીવ અને અન્ય સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ■

# કેરળમાં કીડાવાળો ખોરાક વહેંચવાની ઘટનાની તપાસનો આદેશ અપાયો

તિરુવનંતપુરમઃ કેરળના વડા પ્રધાન પિનારાઇ વિજયને વાયનાડ જિલ્લાના ચૂરમાલા - મુંડકઇમાં ભૂસ્ખલનથી અસરગ્રસ્તોને મેપ્પાડી ગ્રામ પંચાયત દ્વારા અપાયેલા હોવાનું કહેવાતા કીડાવાળા ખોરાકની કિટ અંગે તપાસનો આદેશ આપ્યો હતો.

મુખ્ય પ્રધાનની કચેરીની અખબારી યાદીમાં જણાવાયું હતું કે કીડાવાળું ભોજન ધરાવતી ફૂડ કિટ્સની વહેંચણી અંગે પ્રસારમાધ્યમમાંના અહેવાલના સંબંધમાં મુખ્ય પ્રધાને તપાસનો હુકમ કર્યો હતો.

પિનારાઇ વિજયને જણાવ્યું હતું કે મેં સંબંધિત તપાસનો અહેવાલ જલદી સુપરત કરવાની સૂચના પણ આપી હતી.

વાયનાડ જિલ્લાના ચૂરમાલા - મુંડકઇમાં ભૂસ્ખલનથી અસરગ્રસ્તોને મેપ્પાડી ગ્રામ પંચાયત દ્વારા અપાયેલા ભોજનમાં કીડા હતા કે નહિ? તેની અને તેના માટેના અનાજની ગુણવત્તાની તપાસ કરવા હુકમ કરાયો હતો.

ડેમોક્રેટિક યુથ ફેડરેશન ઑફ ઇન્ડિયાએ ગુરુવારે આ અહેવાલના સંદર્ભે દેખાવ પણ યોજ્યા હતા અને ગુનેગારોને પકડીને તેઓની સામે કડક કાર્યવાહી કરવાની માગણી કરી હતી. મેપ્પાડી ગ્રામ પંચાયતમાં કૉંગ્રેસના નેતૃત્વ હેઠળની યુડીએફનું શાસન છે. (એજન્સી)■

# ચંદ્રચૂડનું યોગદાન કાયમ યાદ રખાશેઃ સંજીવ ખન્ના

## દેશના મુખ્ય ન્યાયાધીશનો વિદાય સમારંભ યોજાયો

નવી દિલ્હીઃ દેશના નવા નિમાયેલા મુખ્ય ન્યાયાધીશ સંજીવ ખન્નાએ શુક્રવારે જણાવ્યું હતું કે વિદાય લઇ રહેલા મુખ્ય ન્યાયાધીશ ડી. વાય. ચંદ્રચૂડે દેશના ન્યાયતંત્રમાં આપેલા યોગદાનને કાયમ યાદ રખાશે. સુપ્રીમ કોર્ટ બાર એસોસિયેશને ચંદ્રચૂડ માટે યોજેલા વિદાય સમારંભમાં જસ્ટિસ ખન્નાએ ભાવુક થઇને આપેલા પ્રવચનમાં જણાવ્યું હતું કે ચંદ્રચૂડની વિદાયને લીધે સર્વોચ્ચ અદાલતમાં ન પૂરી શકાય એવી ખોટ પડશે. તેમણે જણાવ્યું હતું કે જંગલમાં જ્યારે વિશાળ વૃક્ષ તૂટી જાય છે, ત્યારે પક્ષીઓ કલરવ કરતા બંધ થાય છે અને હવાની દિશા બદલાઇ જાય છે. અન્ય વૃક્ષો વિકસીને તેનું સ્થાન લે છે, પરંતુ વનમાં ફરી અગાઉ જેવું વાતાવરણ નથી રહેતું. સંજીવ ખન્નાએ જણાવ્યું હતું કે ચંદ્રચૂડ કાયદામાં નિષ્ણાત હોવા ઉપરાંત ઘમંડ વિનાના અને શાંત સ્વભાવના છે. તેમણે અનેક મહત્ત્વના ઐતિહાસિક ચુકાદા નિષ્પક્ષ બનીને આપ્યા હતા. તેમણે આજે આપેલા બે ચુકાદા ઉપરાંત તેમના નેતૃત્વ હેઠળની બંધારણીય બૅન્ચે ૩૮ ચુકાદા આપ્યા હતા અને આ વિક્રમ અતૂટ રહે એવી શક્યતા છે. તેઓ ઘણી વખત દિવસમાં ત્રણ જગ્યાએ પ્રવચન આપતા હતા. તેમના લખાયેલા શબ્દોમાં તેમનું જ્ઞાન દેખાય છે. ચંદ્રચૂડ શિસ્ત અને કામકાજને લગતા સિદ્ધાંતને અનુસરવાના આગ્રહી છે. (એજન્સી)■

# ઓસ્ટ્રેલિયન ચેનલ કેનેડામાં પ્રતિબંધિતઃ ભારત સરકારે કેનેડાને લગાવી ફટકાર

નવી દિલ્હીઃ કેનેડાની જસ્ટિન ટ્રુડો સરકારનું ભારત વિરોધી વલણ હવે ખૂલીને સામે આવી રહ્યું છે. કેનેડા સરકાર અવારનવાર ભારત વિરોધી પગલાં ભરી રહી છે. તાજેતરમાં કેનેડાએ ઓસ્ટ્રેલિયની એક ન્યૂઝ ચેનલ પર પ્રતિબંધ મૂકી દીધો હતો. આ ચેનલે ભારતના વિદેશ પ્રધાન એસ જયશંકરની પ્રેસ કોન્ફરન્સનું પ્રસારણ કર્યું હતું. કેનેડાના આ પગલાં બાદ ભારતે કેનેડાને ફટકાર લગાવી છે.

ઓસ્ટ્રેલિયન ટીવી ચેનલ દ્વારા એસ જયશંકરની પ્રેસ કોન્ફરન્સના પ્રસારણ પર કેનેડાએ વાંધો ઉઠાવ્યો હતો. એ પ્રેસ કોન્ફરન્સ દરમિયાન એસ જયશંકરે ભારત-કેનેડાના સંબંધો અંગે ટિપ્પણી કરી હતી. આ પ્રેસ કોન્ફરન્સ ઓસ્ટ્રેલિયા ટુડે યુટ્યુબ ચેનલ પર પ્રસારિત કરવામાં આવી હતી, જે કેનેડિયન સરકારને પસંદ ના પડ્યું. કેનેડા સરકારના આ નિર્ણય પર હવે ભારત સરકારે પ્રતિક્રિયા આપી છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે દિલ્હીમાં એક મીડિયા બ્રીફિંગમાં જણાવ્યું હતું કે અમને જાણવા મળ્યું છે કે આ આઉટલેટનું સોશિયલ મીડિયા હેન્ડલ બ્લોક કરવામાં આવ્યું છે અને તે હવે કેનેડામાં દર્શકો માટે ઉપલબ્ધ નથી. વિદેશ મંત્રાલયે કહ્યું કે આ હેન્ડલે એસ જયશંકર અને પેની વોંગની પ્રેસ કોન્ફરન્સનું પ્રસારણ કર્યું હતું. ■

# વાઇટ હાઉસના સ્ટાફનાં

## વડાં બન્યાં સુસી વિલ્સ

### અમેરિકાના ઇતિહાસમાં પ્રથમ વખત મહિલાને આ હોદ્દો મળ્યો

વૉશિંગ્ટનઃ અમેરિકાના નવા ચૂંટાયેલા પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે પોતાના ચૂંટણીપ્રચારનાં મેનેજર સુસી વિલ્સને વાઇટ હાઉસના કર્મચારીઓ (સ્ટાફ)નાં વડાં બનાવ્યાં છે.

જાહેરમાં બહુ ઓછું બોલતાં સુસી વિલ્સે બુધવારે સવારે ટ્રમ્પના વિજયની ઉજવણી વખતે માઇકમાં બોલવાનું પણ ટાળ્યું હતું.

ડોનલ્ડ ટ્રમ્પે એક નિવેદનમાં જણાવ્યું હતું કે સુસી વિલ્સ શક્તિશાળી, હોશિયાર અને પરિવર્તન લાવી શકે એવા સુધારાવાદી મહિલા છે અને વિશ્વભરમાં માન ધરાવે છે. સુસી અમેરિકાને ફરી મહાન બનાવવા માટે કાર્ય કરવાનું ચાલુ રાખશે. તેમણે જણાવ્યું હતું કે અમેરિકાના ઇતિહાસમાં સૌપ્રથમ વખત વાઇટ હાઉસનાં વડાં તરીકે મહિલાની નિમણૂક કરાઇ છે. સુસી વિલ્સ અમેરિકાને ફરી ગૌરવવાળો દેશ બનાવશે, તેમાં મને કોઇ શંકા નથી. સુસી વિલ્સે ફ્લોરિડામાં ૨૦૧૬ અને ૨૦૨૦ વખતે રિપબ્લિકન ઉમેદવાર ટ્રમ્પ માટે જોરદાર પ્રચાર અભિયાન ચલાવ્યું હતું. તેમણે ૨૦૨૦માં ફ્લોરિડાના ગવર્નરની ચૂંટણીમાં રિક સ્કોટ માટે પ્રચાર અભિયાન હાથ ધર્યું હતું. (એજન્સી)■

## પહેલા પાનાનું ચાલુ

### અંબાજીમાં

પણ આરોપીઓને પકડવા માટે સઘન તપાસ શરૂ કરી દીધી હતી.

અંબાજીમાં સામૂહિક દુષ્કર્મની ઘટના અંગે સાંસદ ગેનીબેન ઠાકોરે ગૃહરાજ્ય પ્રધાન હર્ષ સંઘવીને ટકોર કરતાં કહ્યું હતું કે, રાજ્યના ગૃહ પ્રધાન વાવ વિધાનસભાના પ્રચારમાં વ્યસ્ત છે. જો એમનું વહીવટી તંત્ર અને પોલીસ ત્યાં હોત તો આવી ઘટના બની ના હોત. એમને માત્ર ચૂંટણીમાં રસ છે બેન દીકરીનું રક્ષણ કે કાયદો વ્યવસ્થા જાળવવામાં રસ નથી. અન્ય રાજ્યમાં ઘટના બને ત્યારે અહીં રેલીઓ નીકળતી હોય છે. ગૃહ મંત્રીને વિનંતી કરું છું કે કાયદો અને વ્યવસ્થા જળવાય અને જે ગુનેગાર છે તેને કડક સજા થાય તેવા પ્રયાસો હાથ ધરવામાં આવે. ■

### જમ્મુ-કાશ્મીરમા

રહેવાસી કુલદીપ સિંહે જણાવ્યું હતું કે આ પ્રકારની ઘટના અહીં લાંબા સમયથી નહોતી બની. ગ્રામ રક્ષકો પોતાના ઢોરોને ચરાવતા હતા ત્યારે ત્રાસવાદીઓએ તેઓનું અપહરણ કર્યું હતું અને બાદમાં તેઓની હત્યા કરી હતી. લોકોએ જમ્મુ અને કાશ્મીરમાંથી ત્રાસવાદને સંપૂર્ણ ખતમ કરવાની માગણી કરી હતી.

ગ્રામ રક્ષકો ઢોરોને ચરાવવા માટે મુંજલા ધાર ગયા હતા, પણ ત્યાંથી જ તેઓનું અપહરણ કરાયું હતું. નેશનલ કોન્ફરન્સના અધ્યક્ષ ડૉ. ફારુક અબ્દુલ્લા અને ઉપાધ્યક્ષ તેમ જ મુખ્ય પ્રધાન ઉમર અબ્દુલ્લાએ આ ઘટનાને વખોડી હતી. ■

### કોર્ટે અલીગઢ

યુનિવર્સિટીને મુસ્લિમ શૈક્ષણિક સંસ્થાનો દરજ્જો આપવાની તરફેણમાં અભિપ્રાય આપ્યો હતો, જ્યારે ન્યાયાધીશ સૂર્યકાંત, ન્યાયાધીશ દીપંકર દત્તા અને ન્યાયાધીશ સતીશચંદ્ર શર્માએ વિરુદ્ધમાં પોતાનો અભિપ્રાય આપ્યો હતો.

અગાઉ, ૧૯૬૭માં એસ. અઝીઝ બાશા વિરુદ્ધ ભારત સરકારના કેસમાં પાંચ ન્યાયાધીશની બંધારણીય બૅન્ચે અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીને કેન્દ્રીય વિદ્યાપીઠ (યુનિવર્સિટી) ગણાવી હતી અને તેને લઘુમતી કોમની ગણવાનો ઇનકાર કર્યો હતો. આમ છતાં, સંસદે ૧૯૮૧માં કાયદામાં સુધારો કરીને તેને લઘુમતીઓની શૈક્ષણિક સંસ્થાનો દરજ્જો આપ્યો હતો. (એજન્સી)■

# ભાજપ આદિવાસીઓ પાસેથી 'જલ, જંગલ, જમીન' છીનવવા માગે છેઃ રાહુલ

સિમડેગા : કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ શુક્રવારે ભાજપ પર આદિવાસી લોકો પાસેથી 'જલ, જંગલ, જમીન' (પાણી, જંગલ, જમીન) છીનવી લેવાનો પ્રયાસ કરવાનો આરોપ મૂક્યો હતો.

તેમણે ઝારખંડની ચૂંટણીને ઇન્ડી બ્લોક અને ભાજપ-આરએસએસ ગઠબંધન વચ્ચેની વિચારધારાની લડાઈ ગણાવી હતી. કોંગ્રેસના નેતાએ આરોપ લગાવ્યો હતો કે આરએસએસ-ભાજપનું મિશન દેશના બંધારણને ''નાશ'' કરવાનું હતું, જ્યારે ઇન્ડી જૂથ તેનું ''રક્ષણ'' કરવા માંગે છે. પીએમ (નરેન્દ્ર) મોદી તમને 'વનવાસી' કહે છે કારણ કે ભાજપ માને છે કે જમીન, જંગલ અને પાણી ભગવા પક્ષ, આરએસએસ અને મૂડીવાદીઓના છે. ભાજપ તેના નવા સિક્કા શબ્દ વિકાસ હેઠળ આદિવાસીઓની જમીન હડપ કરવામાં માને છે. તે આદિવાસીઓ પાસેથી જલ, જંગલ, જમીન' (પાણી, જંગલ, જમીન) છીનવી લેવા માંગે છે. ગાંધીએ ઝારખંડના સિમડેગામાં એક રેલીને સંબોધિત કરતી વખતે આક્ષેપ કર્યો હતો કે બંધારણ ''સતત હુમલા'' હેઠળ છે અને ઇન્ડી બ્લોક ''તેના રક્ષણ માટે તમામ પ્રયાસો'' કરી રહ્યું છે. ■

# એમ્સ્ટર્ડમમાં ઇઝરાયલી સોકર ચાહકો પર હુમલા બાદ ૬૨ની અટકાયત

એમ્સ્ટરડેમ : એમ્સ્ટરડેમ પોલીસે શુક્રવારે જણાવ્યું હતું કે સોકર મેચ બાદ ઇઝરાયલી સમર્થકો પર તોફાનીઓએ હુમલો કર્યો હતો. ઘાયલ થયેલા પાંચ લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા અને ૬૨ જણની ધરપકડ કરવામાં આવી હતી.

એમ્સ્ટર્ડમના મેયર ફેમકે હલસેમા દ્વારા લાદવામાં આવેલા સોકર સ્ટેડિયમ નજીક પેલેસ્ટાઈન તરફી પ્રદર્શન પર પ્રતિબંધ હોવા છતાં હિંસા ફાટી નીકળી હતી.

પોલીસે એક્સ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે તેમણે બહુવિધ હિંસક ઘટનાઓની મોટી તપાસ શરૂ કરી છે. પોસ્ટમાં ગુરુવારે રાત્રે થયેલી હિંસામાં ઘાયલ અથવા અટકાયત કરાયેલા લોકો વિશે વધુ વિગતો આપવામાં આવી નથી.

અગાઉ, ડચ રાજધાનીની મ્યુનિસિપાલિટી, પોલીસ અને પ્રોસિક્યુશન ઑફિસ દ્વારા જારી કરવામાં આવેલાં નિવેદનમાં કહેવામાં આવ્યું હતું કે એજેક્સ અને મકાબી તેલ અવીવ વચ્ચે યુરોપા લીગની મેચ પછીની રાતે હિંસાની ઘણી ઘટનાઓ નોંધાઇ હતી.

નેધરલેન્ડ અને ઇઝરાયલ બંનેના નેતાઓ દ્વારા હિંસાની નિંદા કરવામાં આવી હતી. ઇઝરાયલે જાહેરાત કરી હતી કે તે ચાહકોને ઘરે જવા માટે ડચ રાજધાનીમાં વિમાનો મોકલી રહ્યું છે.

મેચ પછી હિંસા ક્યારે અને ક્યાં ફાટી નીકળી તે તરત જ સ્પષ્ટ થઈ શક્યું નથી.

એમ્સટર્ડમના નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું કે ''શહેરમાં ઘણી જગ્યાએ, ઇઝરાયલી સમર્થકો પર હુમલો કરવામાં આવ્યો હતો. પોલીસને ઘણી વખત દરમિયાનગીરી કરવી પડી હતી, ઇઝરાયલ સમર્થકોની સુરક્ષા કરવી પડી હતી અને તેમને હોટલોમાં લઈ જવા પડ્યા હતા. શહેરમાં મોટા પ્રમાણમાં પોલીસની હાજરી હોવા છતાં, ઇઝરાયલી સમર્થકો ઘાયલ થયા છે.''

પોલીસ આગામી દિવસોમાં શહેરમાં પેટ્રોલિંગ કરશે અને શહેરની યહૂદી સંસ્થાઓ કે જ્યાં મોટી સંખ્યામાં યહૂદી સમુદાય છે, ત્યાં સુરક્ષા વધારી દેવામાં આવશે.■

## ગુજરાતના ૧૧ ભ્રષ્ટ અધિકારીની ૫૪ કરોડની અપ્રમાણસર મિલકત પકડાઈ

અમદાવાદઃ ગુજરાત એન્ટી કરપ્સન બ્યૂરો(એસીબી)એ ભ્રષ્ટ સરકારી અધિકારીઓ પર તવાઈ બોલાવી છે. એસીબીની ટ્રેપમાં ઝડપાયેલા અંદાજે ૨૫૦થી ૩૦૦ ભ્રષ્ટ સરકારી બાબુ અને તેમના વહીવટદારની મિલકતોની તપાસ કરાઈ હતી. જેમાં એસીબીએ ઓક્ટોબર સુધીના ૧૦ મહિનામાં સૌથી વધુ ભ્રષ્ટ ૧૧ સરકારી અધિકારીની ૫૩.૭૦ કરોડની અપ્રમાણસર મિલકત પકડી પાડી છે. આ ૧૧માંથી ૬ ઉચ્ચ અધિકારી અમદાવાદ અને ગાંધીનગરના છે. ભ્રષ્ટાચાર કરી અપ્રમાણસર મિલકત વસાવવામાં રાજકોટના ટીપીઓ મનસુખ સાગઠિયા મોખરે છે. મનસુખ સાગઠિયાની સૌથી વધારે રૂ.૨૪.૩૧ કરોડની અપ્રમાણસર મિલકત પકડાઈ હતી. જેમાં જમીન, મકાન, દુકાન, ફાર્મ હાઉસ, બેંક બેલેન્સ, ફિક્સ ડિપોઝિટ, સોના - ચાંદીના દાગીના, કારનો સમાવેશ થાય છે. ૨૦૨૧માં ભ્રષ્ટ સરકારી અધિકારીઓની ૫૬.૬૧ કરોડની અપ્રમાણસર મિલકત પકડાઈ હતી. હજુ ૨થી ૩ ભ્રષ્ટ અધિકારીઓની મિલકતની આકારણી ચાલી રહી છે. આ કેસમાં ડિસેમ્બર સુધીમાં ગુના દાખલ થવાની શક્યતા છે. ૨૦૨૧થી ૨૪માં ૧૨૩ કરોડની અપ્રમાણસર મિલકત પકડાઈ છે. આ ભ્રષ્ટ અધિકારીઓમાં ગાંધીનગરના પૂર્વ કલેક્ટર એસ.કે. લાંગા તેમના પુત્ર, મ્યુનિ.ના આસિસ્ટન્ટ ટીડીઓ હર્ષદ ભોજક, મ્યુનિ.ના સિટી ઇજનેર મનોજ સોલંકી તેમજ આસિસ્ટન્ટ ટીડીઓ સુનીલ રાણાનો સમાવેશ થાય છે.

જે પણ ભ્રષ્ટ સરકારી બાબુ એસીબીની ટ્રેપમાં પકડાયા તેમની અને પરિવારની મિલકતોની તપાસ કરવામાં આવી હતી. કેટલાક કિસ્સામાં એસીબી શંકાના આધારે તેમજ ફરિયાદોના આધારે કેટલાકની મિલકતોની તપાસ થાય છે. તમામ સરકારી વિભાગો પાસેથી તેમજ બેંકો પાસેથી માહિતી બાદ તેમની કાયદેસરની આવક બાદ કર્યા બાદ અપ્રમાણસર મિલકતનો ગુનો નોંધાય છે.

## ગુજરાતમાં ૨૦૨૪માં ૩૧ ઑગસ્ટ સુધી સ્વાઈન ફ્લૂના ૧૨૯૬ કેસ નોંધાયાઃ ૩૩ લોકોનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભારતમાં છેલ્લાં પાંચ વર્ષમાં સ્વાઈન ફ્લૂના રેકોર્ડ બ્રેક કેસ નોંધાયા હતાં. દેશમાં સૌથી વધુ કેસ નોંધાયેલા પાંચ રાજ્યોમાં ગુજરાતનો સમાવેશ પણ થાય છે. રાજ્યમાં ચાલુ વર્ષમાં ૩૧ ઓગસ્ટ સુધીમાં સ્વાઈન ફ્લૂના ૧૨૯૬ કેસ નોંધાયા હતાં અને ૩૩ લોકોના મોત થયાં હતાં. રાજ્યમાં પાંચ વર્ષમાં ૨૦૨૦ બાદ સ્વાઈન ફ્લૂના કેસોમાં સૌથી મોટો વધારો નોંધાયો હતો.

નેશનલ સેન્ટર ઓફ ડિસિસ કન્ટ્રોલ તરફથી જાહેર કરવામાં આવેલા આંકડામાં જાણવા મળ્યું હતું કે, ગુજરાતમાં છેલ્લા પાંચ વર્ષમાં સ્વાઈન ફ્લૂના કેસોમાં વધારો થયો હતો. જેમાં ચાલુ વર્ષના ઓગસ્ટ મહિનાના અંત સુધીમાં ૧૨૯૬ દર્દીઓ નોંધાયા હતાં અને ૩૩ લોકોના મોત થયા હતાં. નિષ્ણાત તબીબોના જણાવ્યા પ્રમાણે ઓગસ્ટ ૨૦૨૪ બાદ સ્વાઈન ફ્લૂના કેસોમાં વધારો નોંધાયો હતો. કેડી હૉસ્પિટલના ક્રિટિકલ કેર સ્પેશિયાલિસ્ટ ડો. જીગર મહેતાએ જણાવ્યું હતું કે, રાજ્યમાં સ્વાઈન ફ્લૂના ક્રિટિકલ કેસમાં દર્દીને ફેફસાંમાં ઈન્ફેક્શન, શ્વસન ક્રિયામાં તકલીફો જોવા મળતી હોય છે. જેથી દર્દીને વેન્ટિલેટર સપોર્ટ અને આઈસીયુમાં દાખલ કરવાની ફરજ પડે છે. આ પ્રકારના કેસોમાં વાયરલ ન્યુમોનિયાનો વ્યાપ પણ ખાસ્સો વધ્યો છે. છેલ્લા બે વર્ષ કરતાં ચાલુ વર્ષમાં સ્વાઈન ફ્લૂના કેસોમાં વધારો જોવા મળ્યો છે. એપોલો હૉસ્પિટલના ઈન્ટર્નલ મેડિસિન સ્પેશિયાલિસ્ટ ડો. મહર્ષિ દેસાઈએ જણાવ્યું હતું કે, આ વર્ષે હાઈ ફિવરના કેસોમાં વધારો નોંધાયો હતો. જ્યાં સુધી દર્દીમાં લક્ષણો દેખાય નહીં ત્યાં સુધી તેના ખાસ પ્રકારના ટેસ્ટ નથી થતાં. જેના કારણે સ્વાઈન ફ્લૂ ઈન્ફેક્શન છે કે નહીં તે જાણી શકાતુ નથી. જેથી સામાન્ય લક્ષણો હોય તેવા કેસો રેકોર્ડમાં નથી હોતા. નિષ્ણાંતોના જણાવ્યા પ્રમાણે સ્વાઈન ફ્લૂ સાથે કેટલાક લક્ષણો હાઈ ગ્રેડ ફિવર, કફનું વધુ પ્રમાણ, શરીરમાં દુઃખાવો, ગળામાં બળતરા અને ડાયેરિયાના પણ જોવા મળે છે. જેથી દર્દીને ન્યુમોનિયાના લક્ષણો હોવાથી તેની હાલત ગંભીર થઈ જાય છે.

ગુજરાતમાં ૨૦૧૯માં ૧૫૧ લોકોના મોત નોંધાયા હતાં. ૨૦૧૮માં ૯૭ અને ૨૦૨૨માં ૭૧ લોકોનાં મોત થયા હતાં. ૨૦૧૮થી ઓગસ્ટ ૨૦૨૪ સુધીમાં ગુજરાતમાં સ્વાઈન ફ્લૂના ૧૦ હજાર ૭૦૦ કેસ નોંધાયા હતાં અને ૩૫૯ લોકોના મોત થયા હતાં. ૨૦૧૮થી મહારાષ્ટ્રમાં સ્વાઈન ફ્લૂને કારણે સૌથી વધુ ૯૯૫ લોકોના મોત થયાં હતાં. જ્યારે રાજસ્થાનમાં ૪૫૪ લોકોનાં મોત થયા હતાં.

## ગુજરાતમાં ૧૬૦ ખરીદ કેન્દ્રો ખાતે ૧૧ નવેમ્બરથી ટેકાના ભાવે મગફળીની ખરીદી શરૂ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં આ વર્ષે પણ મગફળીના પાકનું મબલખ ઉત્પાદન થયું છે. દિવાળી બાદ લાભ પાંચમથી શરૂ થયેલા માર્કેટયાર્ડમાં સૌરાષ્ટ્રના ખેડૂતોએ મગફળી વેચવા માટે લાઈનો લગાવી હતી, પરંતુ ખેડૂતોને ટેકાના ભાવ કરતાં પણ ઓછા ભાવ મળતાં નિરાશા વ્યાપી હતી. જ્યારે રાજ્ય સરકાર તરફથી આગામી ૧૧મી નવેમ્બરથી ખેડૂતો પાસેથી ટેકાના ભાવે મગફળી ખરીદવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

ગુજરાતના કૃષિ પ્રધાન રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, સાબરકાંઠાના હિંમતનગર ખાતેથી મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ આગામી ૧૧ નવેમ્બરના રોજ એકસાથે રાજ્યભરના ૧૬૦થી વધુ ખરીદ કેન્દ્રો ખાતે મગફળીની ટેકાના ભાવે ખરીદીનો શુભારંભ કરાવશે. ટેકાના ભાવે મગફળીનું વેચાણ કરવા માટે અત્યાર સુધીમાં રાજ્યના કુલ ૩,૩૩,૦૦૦થી વધુ ખેડૂતોએ ઓનલાઈન નોંધણી કરાવી છે. નોંધણી કરાવેલા તમામ ખેડૂતો પાસેથી રૂ. ૧,૩૫૬.૬૦ પ્રતિ મણના ભાવે પૂરતા પ્રમાણમાં મગફળીની ખરીદી કરવામાં આવશે.

તેમણે કોઇપણ અફવાઓ કે વાતોમાં આવ્યા વગર ટેકાના ભાવે વેચાણનો લાભ લેવા રાજ્યભરના ખેડૂતોને અનુરોધ કરતા કહ્યું હતું કે, ભારત સરકારની તાજેતરની જાહેરાત મુજબ એક દિવસમાં એક ખેડૂત પાસેથી વિસ્તાર આધારિત મહત્તમ ૪,૦૦૦ કિ.ગ્રા એટલે કે, ૨૦૦ મણ મગફળીની ખરીદી કરવામાં આવશે. ખેડૂતોની લાગણી અને માગણીને ધ્યાને રાખીને રાજ્ય સરકાર દ્વારા ટેકાના ભાવે વેચાણ માટે નોંધણીની તારીખ લંબાવવામાં આવી છે. હજુ પણ નોંધણી કરાવવાની બાકી હોય તેવા તેવા ખેડૂતો આગામી તા. ૧૦ નવેમ્બર સુધી ઓનલાઈન નોંધણી કરાવી શકશે.

## ભરૂચમાંથી નકલી ક્રાઈમ બ્રાન્ચ અધિકારી ઝડપાયોઃ આઈકાર્ડ બતાવી અનેક લોકો સાથે છેતરપિંડી આચરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં છેલ્લાં ઘણાં વખતથી નકલી અધિકારીનો જાણે રાફડો ફાટ્યો છે. નકલી પીએમઓ, નકલી સીએમઓ, નકલી આઈપીએસ, નકલી ઈડી અધિકારી, નકલી ડેપ્યુટી કલેક્ટર જ નહીં, નકલી જજ સુધ્ધાં પકડાઈ ચૂક્યા છે. ભરૂચમાંથી પણ આવા એક નકલી અધિકારીની ધરપકડ કરી લેવામાં આવી હતી. ભરૂચમાં છેલ્લાં ઘણા સમયથી ફોરવીલ ગાડીમાં પોલીસની નેમ પ્લેટ અને પોકેટમાં ક્રાઈમ બ્રાન્ચનું આઈકાર્ડ લઈને ફરનાર આખરે અસલી પોલીસના સકંજામાં આવી ગયો હતો. આરોપીએ અનેક લોકો સાથે આઈકાર્ડ બતાવી છેતરપિંડી કરી હોવાનું પણ બહાર આવ્યું છે. આખરે નકલી ક્રાઈમબ્રાન્ચના અધિકારીનો ભાંડો હોસ્ટેલ ગ્રાઉન્ડના ફટાકડા સ્ટોલ ઉપર ફૂટી ગયો અને પોલીસે ધરપકડ કરી હતી. ભરૂચના હોસ્ટેલ ગ્રાઉન્ડ ઉપર દિવાળી ટાણે ફટાકડા બજાર ભરાયું હતું. એક ફટાકડાના સ્ટોલ ઉપર છેલ્લા બે દિવસથી ફોરવ્હિલ ગાડીમાં પોલીસના નામની નેમ પ્લેટ સાથે એક ગઠિયો કમલ નટવરલાલ પારેખ તરીકે આવતો પરંતુ જ્યારે પણ ફટાકડા લેતો અને પૈસા ઓછા આપતો અને હંમેશાં લાઇસન્સની માંગણી અને ક્રાઈમ બ્રાન્ચના અધિકારીનું આઈકાર્ડ બતાવતો હતો, જેથી વેપારી ડરી ગયો અને ફટાકડા આપી દીધા હતાં. પરંતુ ખરેખર ક્રાઈમ બ્રાન્ચનો અધિકારી છે તે દિશામાં તપાસ કરવામાં આવતા નકલી અધિકારીએ કરેલા ગૂગલ પે ઉપરથી તેનો ફોટો સોશિયલ મીડિયાના એપ ઉપર શોધવામાં આવતા તેની ઓળખ થઈ હતી. તપાસ દરમિયાન તે કોઈ પણ અધિકારી ના હોવાનું જાણવા મળ્યું હતું. એટલું જ નહીં પરંતુ ભરૂચમાં ગાડીના શોરૂમમાં સેલ્સમેન તરીકે નોકરી કરતો હોવાનું સામે આવ્યું હતું. ઘણા લોકો સાથે અધિકારી તરીકે છેતરપિંડી પણ કરી હોવાનું બહાર આવ્યું હતું. નકલી ક્રાઈમબ્રાન્ચ અધિકારીના આઈકાર્ડને તપાસવામાં આવતા તેમાં પોલીસ સીબીઆઇ વિજિલિયન્સ તથા સીઆઈડીનો ઉલ્લેખ હતો અને ગવર્મેન્ટ ઓફ ઇન્ડિયા લખેલું હતું. પોલીસે આ મામલે વધુ તપાસ અને આરોપી વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરી દીધી છે.

## કચ્છમાં અંગદઝાડતી ગરમીથી લોકો ત્રાહિમામ્ઃ દિવસ અને રાતના તાપમાનમાં ૧૭ ડિગ્રીનો તફાવત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ જમ્મુ-કાશ્મીર અને લેહ લદાખ જેવા પહાડી વિસ્તારોમાં બરફ પડવાની સાથે શિયાળો બેસવાની લોકો આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે. જોકે, સમગ્ર ઉત્તર ભારતની સાથે કચ્છ જિલ્લામાં લાભપાંચમ બાદ પણ ગરમીનું પ્રમાણ યથાવત્ રહેવા પામ્યું છે. કચ્છ જિલ્લામાં વહેલી સવારે ઝાકળવર્ષા સાથે ૨૧થી ૨૪ ડિગ્રી સેલ્સિયસ લઘુતમ તાપમાન સાથે અનુભવાતા ગુલાબી ઠંડીના ચમકારા બાદ દિવસ ચઢતાની સાથે જ મહતમ તાપમાનનો આંક ૩૫થી ૩૮ ડિગ્રી સેલ્સિયસ જેટલો ઊંચે ચઢી જતા ચૈત્ર મહિનામાં પડતી ગરમીનો અહેસાસ નવેમ્બર માસમાં જનજીવનને થઇ રહ્યો છે. સવારના દસ વાગ્યા બાદ કચ્છના મોટાભાગના મથકોમાં મહત્તમ તાપમાનનો આંક ૩૫થી ૩૮ ડિગ્રી સેલ્સિયસ પર પહોંચી જતાં વાતાવરણ ગરમ બની જાય છે.

ભુજમાં ગુરુવારે લઘુતમ ૨૨ અને મહત્તમ તાપમાન ૩૮ ડિગ્રી આસપાસ રહેતા ૧૬ ડિગ્રીનો તફાવત રહ્યો હતો. જેથી વહેલી સવારે ગુલાબી ઠંડકની અનુભૂતિ થવા પામી હતી. વાતાવરણમાંથી ભેજનું પ્રમાણ ઓછું થઇ જતાં અને પવનો મંદ પડી જતાં ગરમીની અનુભૂતિ શહેરમાં મધ્યાહનના સમયે થવા પામી રહી છે.ગરમીને કારણે લોકો બપોરના સમયગાળા દરમ્યાન બહાર જવાનું ટાળી રહ્યા છે.

અબડાસા તાલુકાના મુખ્ય મથક નલિયા ખાતે પણ લઘુતમ ૨૧ ડિગ્રી જયારે મહત્તમ ૩૬ ડિગ્રી સેલ્સિયસ સાથે દિવસ-રાતના તાપમાનમાં ૧૭ ડિગ્રી જેટલો મોટો તફાવત રહેવાની સાથે અહીં પણ દિવસે ગરમી રાત્રે ગુલાબી ઠંડકનો અહેસાસ થવાનો શરૂ થયો છે. બીજી તરફ કંડલા બંદરમાં ૩૬ ડિગ્રી મહત્તમ તાપમાન રહેતાં આસપાસના ગાંધીધામ, અંજાર આદિપુરમાં પણ ગરમીની આણ યથાવત રહી હતી.

ચાલુ નવેમ્બર મહિના દરમ્યાન શિયાળો બેસવાના કોઈ એંધાણ મળતાં નથી. આવી ગરમી પડવાનું મુખ્ય કારણ પશ્ચિમી વિક્ષોભની ગેરહાજરી અને બંગાળના ઉપસાગરમાં ઊભા થયેલા લો-પ્રેશરના કારણે પૂર્વના પવનો ઠલવાઇ રહ્યા છે જેને લઈને ગરમી વધવા પામી છે.

તાપમાન ઘટાડવા ઉત્તર-પશ્ચિમી પવનો મુખ્ય ભાગ ભજવે છે, પરંતુ હજુ પણ ચોમાસાની ગતિવિધિઓની હાજરી હોવાના કારણે તાપમાનમાં ઘટાડો થતો નથી અને એકધારી ગરમી પડી રહી છે. હજુ પણ તાપમાન સામાન્ય કરતાં ૨થી ૪ ડિગ્રી સેલ્સિયસ ઊંચું રહેવાની ધારણા છે જેને કારણે દેશના ઉત્તર-પશ્ચિમ મેદાની વિસ્તારોમાં હજુ એકાદ પખવાડિયા સુધી શિયાળો શરૂ થવાના કોઈ સંકેત મળતા નથી જે અસામાન્ય બાબત છે.

બીજી તરફ, પ્રશાંત મહાસાગરમાં હાલ નિષ્ક્રિય 'અલ-નિનો'ની પરિસ્થિતિ પણ શિયાળાના આગમનને વિપરીત અસર પહોંચાડી રહી છે તેમ ગોવા સ્થિત નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઓસનોગ્રાફીના પ્રવક્તા પાસેથી જાણવા મળ્યું હતું. આ પ્રકારના વિચિત્ર વાતાવરણને કારણે નાના બાળકો અને વૃદ્ધોની તબિયત પર વિપરીત અસર પહોંચી રહી છે અને શરદી-કફ ઉધરસ જેવી બીમારીઓના કેસોમાં ઉછાળો આવ્યો છે તેમ ભુજના જાણીતા વરિષ્ઠ તબીબ ડો. દિનેશ બી દવેએ જણાવ્યું હતું.

## ભ્રષ્ટ સરકારી કર્મીઓ પર તવાઈઃ ચાર અધિકારીને નોકરીમાંથી પાણીચું અપાયું

અમદાવાદઃ ગુજરાત સરકારે ભ્રષ્ટ સરકારી અધિકારીઓ સામે આકરું વલણ અખત્યાર કર્યું છે. રાજ્ય સરકાર દ્વારા તંત્રમાં રહીને ભ્રષ્ટાચાર આચરતા ઉચ્ચ અધિકારીઓ સામે ઓપરેશન ગંગાજળ ચલાવવામાં આવી રહ્યું છે. જેમાં પદ પર રહીને ગેરરીતિ ભ્રષ્ટાચારને કારણે સમગ્ર વહીવટી તંત્રને બદનામ કરનારા અધિકારીઓને ઘર ભેગા કરવામાં આવી રહ્યા છે. ભૂપેન્દ્ર પટેલની સરકારે દિવાળી બાદ છેલ્લા ત્રણ દિવસમાં ચાર અધિકારીઓને ફરજિયાત નિવૃત્ત કર્યા હતા. ભ્રષ્ટ્રાચાર મામલે આ અધિકારીઓને નિવૃત કરાયા હતા. રાજયમાં અત્યાર સુધી કુલ ૨૫ અધિકારીને ફરજિયાત નિવૃત્ત કરાયા છે તેમ જ નિવૃત્તિ બાદ તમામ અધિકારીઓ સામે ખાતાકીય તપાસ ચાલુ રાખવામાં આવી છે. ભિલોડા અને સુરતના આઈ.ટી.આઈ. ખાતે ફરજ બજાવતા બે પ્રિન્સિપાલને ફરજિયાત નિવૃત્ત કરવાના આદેશ રાજ્યના શ્રમ રોજગાર વિભાગ દ્વારા કરવામાં આવ્યા હતા. ભિલોડા આઈ. ટી. આઈ. ના પ્રિન્સિપાલ ભરતભાઈ રાવલ તેમ જ સુરત આઈટીઆઈના પ્રિન્સિપાલ હસમુખભાઈ કાકડિયાને ફરજિયાત નિવૃત્ત કરાયા છે. તેના મહેસૂલ વિભાગ દ્વારા અરવલ્લી ખાતે ફરજ બુજાતા લેન્ડ રેકોર્ડ અધિકારી કે પી ગામીતને ઘર ભેગા કરાયા હતા. રાજ્ય સરકારે જેટલા પણ અધિકારીઓને ફરજિયાત નિવૃત્ત કર્યા છે તે તમામ સામે ખાતાકીય કાર્યવાહી ચાલુ રહેશે.

## પશ્ચિમ રેલવેએ સાત મહિનામાં ૩૪,૮૦૦ ખુદાબક્ષ મુસાફરોને ઝડપ્યાઃ ૮૦ કરોડ દંડ વસૂલ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ટ્રેન કે બસોમાં ટિકિટ વિના જ મુસાફરી કરતાં લોકો અનેક વખત ઝડપાતા હોવાની ઘટનાઓ પ્રકાશમાં આવતી હોય છે. ત્યારે પશ્ચિમ રેલવે દ્વારા ટ્રેનોમાં ટિકિટ વિના યાત્રા કરતા યાત્રીઓ સામે દંડની કાર્યવાહી કરવા ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. લોકલ ટ્રેનો, મેલ, એક્સપ્રેસ તેમજ પેસેન્જર ટ્રેનો અને હોલિડે સ્પેશિયલ ટ્રેનોમાં ટિકિટ વિના મુસાફરી કરતા યાત્રીઓને પકડવા શરૂ કરેલ ટિકિટ ચેકિંગમાં ટિકિટ વિના મુસાફરી કરતાં મુસાફરો પાસેથી એપ્રિલથી ઓક્ટોબર દરમ્યાન કુલ ૮૦ કરોડનો દંડ વસૂલવામાં આવ્યો હતો.

ટ્રેનોમાં ટિકિટ વિના મુસાફરી કરતાં લોકોને પકડવાની ડ્રાઈવમાં નિયમ અનુસાર દંડની વસુલાત પણ કરવામાં આવી હતી. વલસાડ રેલવે વિભાગે ટિકિટ ચેકીંગ કરીને દંડની વસૂલાત કરી હતી. કોલેજ, આઈટીઆઈ અને શાળાના વિદ્યાર્થીઓ ટિકિટ વિના અને પાસ ન ચાલતો હોય તેવી ટ્રેનમાં યાત્રા કરતા વિદ્યાર્થીઓને પાસ ચાલતો હોય તેવી જ ટ્રેનમાં યાત્રા કરવા રેલવે વિભાગ દ્વારા જાગૃત કરવામાં આવ્યા હતાં.

પશ્ચિમ રેલવે દ્વારા ચાલુ વર્ષે એપ્રિલથી ઑક્ટોબર માસ દરમ્યાન વિવિધ ટ્રેનોમાં ટિકિટ ચેકિંગ ડ્રાઇવ હાથ ધરવામાં આવી હતી. ચેકીંગ ડ્રાઇવ દરમ્યાન ટિકિટ વિના મુસાફરી કરતાં લોકો પાસેથી રેલવેના નિયમ મુજબ કુલ ૮૦.૫૬ કરોડ રૂપિયાના દંડની વસૂલાત કરવામાં આવી હતી. જેમાં મુંબઈ વિભાગમાંથી વસૂલવામાં આવેલા રૂ. ૨૬.૬૦ કરોડનો સમાવેશ થાય છે.

પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી વિનીત અભિષેક દ્વારા જારી કરવામાં આવેલી અખબારી યાદી મુજબ, ઓક્ટોબર ૨૦૨૪ દરમિયાન લોકલ ટ્રેનો સહિતની તમામ ટ્રેનોમાં અનધિકૃત મુસાફરીને રોકવા માટે નિયમિત સરપ્રાઈઝ ટિકિટ ચેકિંગ ડ્રાઈવ હાથ ધરવામાં આવે છે. આ ડ્રાઈવોના પરિણામે, એપ્રિલથી ઓક્ટોબર ૨૦૨૪ દરમિયાન અંદાજે ૩૪,૮૦૦ અનધિકૃત મુસાફરોને દંડ ફટકારવામાં આવ્યો હતો.

## ભાજપ શાસિત કચ્છ જિલ્લા પંચાયતની આરોગ્ય સમિતિના ચેરમેન સામે ચાર લાખની વીજચોરીનો ગુનો નોંધાયો

ભુજઃ ભાજપ શાસિત કચ્છ જિલ્લા પંચાયતની આરોગ્ય સમિતિના ચેરમેન રાજેન્દ્રસિંહ જાડેજા તેમના નિવાસસ્થાનનું વીજ મીટર બાયપાસ કરીને વીજળીની ચોરી કરતાં ઝડપાતાં સ્થાનિક રાજકારણમાં ભારે ચકચાર પ્રસરી હતી. ૨૪ ઓક્ટોબરના રોજ વીજ તંત્રની વિજિલન્સ ટીમે નખત્રાણાના મણિનગર વિસ્તારમાં રહેણાંક મકાનમાં તપાસ કરીને વીજ મીટર બાયપાસ કરી બારોબાર વીજ વપરાશ કરાતો હોવાની ગેરરીતિ પકડી પાડી હતી. વિજિલન્સની ટીમે ચેડાં કરાયેલા મીટર સાથે વીસ વીસ મીટરના કેબલના બે ટુકડા પણ જપ્ત કર્યા હતા. મકાન માલિક રાજેન્દ્રસિંહ બળવંતસિંહ જાડેજા તથા રાજેન્દ્રસિંહે મકાન જેમની પાસેથી ખરીદયું હતું તે ભાવનાબેન મનીષભાઈ આશર કે જેમના નામે વીજ જોડાણ બોલે છે તેમની સામે ઈન્ડિયન ઈલેક્ટ્રિસિટી એક્ટની કલમ ૧૩૫ હેઠળ નખત્રાણાના નાયબ ઇજનેર ધર્મેન્દ્રસિંહ જાડેજાએ ફરિયાદ નોંધાવી હતી. વીજ જોડાણ કાપી નાખ્યા બાદ નિયમ મુજબ પચાસ ટકા રકમ ભરપાઈ કરી દીધી હોવાનું રાજેન્દ્રસિંહે જણાવ્યું હતું. વીજ તંત્રએ ૩ લાખ ૯૬ હજાર ૪૨૯ રૂપિયાની વીજ ચોરી અને ૧૧ હજાર રૂપિયા કમ્પાઉન્ડિંગ ચાર્જ લગાડ્યો હતો. નખત્રાણાની નેત્રા બેઠક પરથી ચૂંટાયેલો ભાજપનો જ પદાધિકારી ખુલ્લેઆમ લાખોની વીજ ચોરી કરતાં રંગેહાથ ઝડપાતાં રાજકીય આલમમાં આ મામલો ભારે ચર્ચાસ્પદ બન્યો છે.

## ગુજરાત સરકારે ૨૦૨૫ના વર્ષ માટે ૨૭ રજા જાહેર કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકારે ૨૦૨૫ના વર્ષ માટે ૨૭ રજા જાહેર કરી હતી. તહેવારોના દિવસે જે જાહેર રજા કરવામાં આવી છે તેમાં ચાર તહેવાર એવા છે કે તે દિવસે રવિવાર હોવાથી કર્મચારીઓને રજાના મામલે નુકસાન થશે. જેમ કે, તારીખ ૨૬ જાન્યુઆરીના રોજ રવિવારે પ્રજાસત્તાક દિવસ તારીખ ૩૦ માર્ચના રવિવારે ચેટીચાંદ તારીખ ૬ એપ્રિલના રવિવારે રામનવમી અને તારીખ ૬ જુલાઈના રોજ રવિવારે મોહરમ આવે છે અને તેથી જાહેર રજા હોવા છતાં સરકારી કર્મચારીઓને તેમાં નુકસાન જશે.

સરકારી કર્મચારીઓ માટે જાહેર રજા નક્કી કરાયા પછી ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા રાયની હૉસ્પિટલો અને દવાખાનાઓ માટે પણ રજા જાહેર કરવામાં આવે છે. જોકે ૨૭ માંથી ૧૪ રજા એવી છે કે ત્યારે સરકારી હૉસ્પિટલ અને દવાખાનાઓમાં અડધો દિવસ ઓપીડી ચાલુ રાખવાની રહેશે. જયારે સાત રજામાં ઓપીડી સંપૂર્ણપણે બધં રાખવાનું નક્કી કરવામાં આવ્યું છે. જે જાહેર રજાના દિવસે સરકારી હોસ્પિટલ અને દવાખાનાઓમાં અડધો દિવસ ઓપીડી ચાલુ રહેવાની છે તેવી ૧૪ જાહેર રજામાં મકરસંક્રાંતિ, મહાશિવરાત્રી, રમજાન ઈદ, મહાવીર જયંતી, ડૉક્ટર આંબેડકર જયંતી, પરશુરામ જયંતી બકરી ઈદ, રક્ષાબંધન, જન્માષ્ટમી, દિવાળી, સરદાર પટેલ જયંતી ભાઈબીજ અને ગુરુ નાનક જયંતિનો સમાવેશ કરાયો છે.

દરમિયાન ધુળેટી, ગુડ ફ્રાઈડે, સ્વતંત્રતા દિવસ, પતેતી, દશેરા, સંવત્સરી, નૂતન વર્ષ દિન અને નાતાલના દિવસે સરકારી હોસ્પિટલ અને દવાખાનાઓમાં ઓપીડી અડધો દિવસ ચાલુ રહેશે. ૧૫ ઑગસ્ટ સ્વાતંત્ર્ય દિવસ અને પારસીના નૂતન વર્ષ, પતેતીની રજા, ૧૫ ઑગસ્ટ ૨૦૨૫ના શુક્રવારે એક જ દિવસે આવતી હોવાથી આમાં પણ રજાના એક લાભની નુકસાની થઈ છે. આવી જ રીતે દશેરા અને ગાંધી જયંતી ૨ ઑગસ્ટ ૨૦૨૫ના ગુરુવારે આવે છે અને ત્યારે પણ એક રજાની નુકસાની કર્મચારીઓને થશે.

## ગુજરાતના શિક્ષણ વિભાગે ૧૩,૮૫૨ પ્રાથમિક શિક્ષકની ભરતીની પ્રક્રિયા શરૂ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના શિક્ષણ વિભાગ દ્વારા ઉચ્ચતર માધ્યમિક, માધ્યમિક અને પ્રાથમિક શાળામાં ક્રમિક ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. પ્રાથમિક શાળામાં વિદ્યા સહાયકની ૧૩,૮૫૨ જગ્યાની ભરતી માટે તા.૭ નવેમ્બરથી ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ થઈ હતી. વિદ્યા સહાયકોની ભરતી માટે જનરલ કેટેગરીમાં પુરુષોની મર્યાદા ૧૮થી ૩૫ વર્ષ, જ્યારે મહિલાઓની મર્યાદા ૧૮થી ૪૦ વર્ષ નક્કી કરવામાં આવી હતી.

કોરોનાના કારણે આ વય મર્યાદામાં છૂટછાટ આપી હોવાનું જણાવવામાં આવ્યું હતું, એસ.સી.એસ.ટી એસ.ઈ.બી.સી કેટેગરીમાં પુરુષોની વયમર્યાદામાં પણ એક વર્ષનો ઘટાડો કરવામાં આવ્યો છે.

વિદ્યા સહાયકોએ પોતાની અરજી કરતી વખતે ૨૩ જેટલા ડોકયુમેન્ટ જોડવાના રહેશે. જો નિયત કરેલા ૨૩ જેટલા ડોકયુમેન્ટ જોડવામાં નહીં આવે તો વિદ્યાસહાયક માટે કરેલી ઓનલાઇન અરજી રિજેક્ટ થઇ શકે છે. આ ઉપરાંત ઓનલાઇન ફોર્મ ભર્યા બાદ અરજીને જિલ્લાના સ્વીકાર કેન્દ્રમાં જમા કરાવતી વખતે પણ ડોકયુમેન્ટ સાથે જોડવાના રહેશે.

રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૧થી ૫ અને ધોરણ ૬થી ૮ના શિક્ષકોની ભરતીમાં અરજી કરનાર ઉમેદવારોએ કયા કયા ડોકયુમેન્ટ અરજીની સાથે જોડવાના કે અપલોડ કરવાના રહેશે તેની વિગતો શિક્ષણવિભાગના વિધાસહાયક ભરતીના ઓનલાઇન અરજી સ્વિકારતા પોર્ટલ ઉપર ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

તેમ છતાં અમુક ઉમેદવારો દ્વારા તેની તકેદારી રાખ્યા વિના જ ઓનલાઇન ફોર્મ ભરતા હોવાથી તેવા ઉમેદવારોની અરજીઓ રિજેકટ કરવામાં આવે છે. આથી વિધાસહાયકની ભરતી માટે ઓનલાઇન અરજી કરતી વખતે ઉમેદવારોએ ટેટ અને ટાટ પાસ પરીક્ષાનું પ્રમાણપત્ર સહિતના ૨૩ ડોકયુમેન્ટ જોડાણ કરવાનું રહેશે.

## સુરતમાં બેઝમેન્ટના હોલમાં ઓક્સિજન ઘટી જતાં ૨૦થી વધુ મહિલા બેભાન થઈ જતાં અફડાતફડી મચી

અમદાવાદઃ સુરતમાં ઝાંપા બજાર વિસ્તારમાં સ્થિત નુરપુરાના એસી ધરાવતા બેઝમેન્ટ હોલમાં ઓક્સિજનનું પ્રમાણ ઘટી જતાં દાઉદી વહોરા સમાજના રાત્રિ ભોજન માટે નોનવેજ સિઝલરની મિજબાની માણવા આવેલી ૨૦થી વધુ મહિલાઓ એક પછી એક બેભાન થઈને ઢળી પડતાં અફડાતફડી મચી જવા પામી હતી. આ મહિલાઓને રાત્રે હૉસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવી હતી. સુરતમાં ઝાંપા બજારમાં નુરપુરામાં સ્થિત એક ઇમારતના બેઝમેન્ટમાં ગુરુવારે રાત્રે દાઉદી વહોરા સમાજની મહિલાઓ માટેના જમણમાં નોનવેજ સિઝલર પીરસવામાં આવ્યું હતું. હોલમાં સિઝલરનો ધુમાડો બેઝમેન્ટનાં હોલમાં ફરી વળતાં ઓક્સિજન લેવલ ઘટી જવાને કારણે ૨૦થી વધુ મહિલાઓ ભોજન આરોગવા દરમિયાન ચક્કર ખાઈ બેભાન થઈ જતાં લોકોમાં નાસભાગ મચી ગઈ હતી. બેભાન થયેલી મહિલાઓને મહિધરપુરા ટાવર રોડ ખાતેની બુરહાની હૉસ્પિટલની એમ્બ્યુલન્સમાં સારવાર માટે ખસેડવામાં આવી હતી.

જ્યાં ધુમાડાથી ગૂંગળામણ થતાં અને ઓક્સિજન લેવલ ઓછું થઈ જતાં મહિલાઓ સાથે ઘટના બની હોવાનું બુરહાની હૉસ્પિટલના તબીબોએ પરિવારના સભ્યોને જણાવ્યું હતું. આવી ગંભીર ઘટના બની છતાં મહિલાઓ માટે રાત્રિ ભોજનનું આયોજન કરનાર આયોજકોએ પોલીસ અને આરોગ્ય વિભાગને જાણ કરી ન હતી.

## ગુજરાત સરકારના કર્મચારીઓની રજા, એલટીસી માટે હવે એકમાત્ર કર્મયોગી એપ્લિકેશન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકારના તમામ વિભાગો હેઠળની તમામ કચેરીઓના તમામ કર્મચારીઓ, અધિકારીઓ દ્વારા રજા અને એલટીસી એપ્લિકેશન હવે માત્ર કર્મયોગી એપ્લિકેશનમાં જ થઈ શકશે તેવી જાહેરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા કરવામાં આવી હતી. અત્યાર સુધી આ પ્રકારની કામગીરી સાથી એપ્લિકેશનમા થતી હતી, પરંતુ તેમાંથી આ એપ્લિકેશન હટાવી લેવામાં આવી છે. આમ કરવાનું કોઈ કારણ રાજ્ય સરકારે આ અંગે કારણ જણાવ્યું નથી, પરંતુ સૂત્રોના જણાવ્યા મુજબ થોડા સમય પહેલા આમ આદમી પાર્ટીના ગોપાલ ઇટાલિયાનું પોલીસ ડિપાર્ટમેન્ટના પ્રમોશનમાં નામ આવી જવાનો મુદ્દો ભારે વિવાદાસ્પદ બન્યો હતો. ભવિષ્યમાં આવી કોઈ ઘટના ન બને તે માટે સરકાર હવે વધુ જાગૃત બની છે અને તેથી આ ફેરફાર કરવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે. સરકારના તમામ અધિકારીઓ અને કર્મચારીઓની માહિતી એક જ એપ્લિકેશન પર ઉપલબ્ધ રહે તે માટે સાથી એપ્લિકેશનને હાસિયામાં ધકેલી દેવામાં આવી છે અને તેના સ્થાને કર્મયોગી એપ્લિકેશનને વધુ મજબૂત બનાવવામાં આવી છે.

# સંસ્થા સમાચાર

## દેવલાલીમાં અહેસાસ ઉપધાન તપનું આયોજન

પ. પૂ. અધ્યાત્મનિષ્ઠ ગચ્છાધિપતિ આ. ભ. શ્રી વિ. કલ્પતરુસૂરીશ્વરજી મહારાજા, પ. પૂ. પ્રશાંતમૂર્તિ આ. ભ. શ્રી વિ. તીર્થભદ્રસૂરીશ્વરજી મહારાજા આદિ વિશાલ શ્રમણ-શ્રમણી ભગવંતો શ્રી જવાહરનગર જૈન શ્વે. મૂર્તિપૂજક સંઘ ગોરેગામ (પ.)માં ઐતિહાસિક ચાતુર્માસ કરીને દેવલાલીની દિવ્યભૂમિમાં ''કલાપૂર્ણમ''ના પ્રાંગણે અહેસાસ ઉપધાન તપને નિશ્રાનો ઉજાસ આપવા દેવલાલી તરફ વિહાર કરશે. તા. ૧૫-૧૨-૨૪ (માગસર સુદ ૧૫) રવિવારે પ્રથમ પ્રવેશથી માળા તા. ૩-૨-૨૦૨૫ (મહા સુદ ૬) સોમવાર સુધી. આ અહેસાસ ઉપધાન તપના આયોજક ઘાટકોપરના છાયાબેન વિનય મેઘજી નિસર (ધાણીથર કચ્છ વાગડ) પરિવાર છે. તા. ૩૦-૧૧-૨૪ ફોર્મ આપવાની છેલ્લી તારીખ છે.

વધુ વિગત માટે અને ફોર્મ માટે ગોરેગાંવના શ્રી જવાહરનગર જૈન શ્વે. મૂર્તિ. સંઘના ગુંદેચા આરાધના ભવનમાં પૂ. પ. પ્ર. શ્રી તીર્થરૂચી મ.સા. તથા મેઘજી રણમલ એન્ડ કું. ૨૭, અગ્યારી લેન, બઝાર ગેટ સ્ટ્રીટ પાસે, ફોર્ટ, મુંબઈ-૧ ઉપર સંપર્ક કરવો.

## રોટરી કલબ દ્વારા માનસિક સ્વસ્થતા પર કાર્યક્રમ યોજાયો

૧૪ ઑક્ટોબરના રોજ, રોટરી કલબ ઑફ બોમ્બે એરપોર્ટ (આરસીબીએ), રોટરી કલબ ઑફ બોમ્બે અને એટલાસ સ્કિલ ટેક ઈન્સ્ટિટયૂટના રોટરેક્ટર્સના સહયોગથી, એટલાસ સ્કિલટેક યુનિવર્સિટી, કુર્લા, મુંબઈ ખાતે ''ધ થ્રિંક એન્ડ ધ નટ'' કાર્યક્રમનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમમાં ૨૫૦થી વધુ વિદ્યાર્થીઓને જોડવા માટે રમજૂનો ઉપયોગ કરીને ડિપ્રેશન અને આત્મહત્યાની વૃત્તિઓ સહિત માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓનો સામનો કરવાનો પ્રયાસ થયો હતો. મનોચિકિત્સક ડૉ. અંજલિ છાબરિયા અને હાસ્ય કલાકાર અતુલ ખત્રીએ સહાયક વાતાવરણને ઉત્તેજન આપતા સત્રોનું નેતૃત્વ કર્યું હતું. માનસિક સ્વસ્થતા અને યુવા મનમાં જાગૃતિને પ્રોત્સાહન આપ્યું હતું.

## શ્રી માહ્યાવંશી મિત્ર મંડળ મીરા રોડ

દ્વારા તા. ૧૯/૧૦/૨૦૨૪ના રોજ રાસ-ગરબા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. એમાં મંડળના પ્રમુખ શ્રી ભરતભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ માનદ મંત્રી શ્રી મિતેષ મેહવાલા અને કારોબારી સમિતિએ કાર્યક્રમને સફળ બનાવવા માટે અપાર મહેનત કરીને સફળતા હાંસલ કરી હતી. કાર્યક્રમમાં માનવમહેરામણ ઊમટ્યું હતું અને રાસ ગરબાની રમઝટ બોલાવી હતી. સ્વરુચિ ભોજનનો આનંદ માણી બધા સભ્યો છૂટા પડ્યા હતા. મંડળની અથાગ મહેનતને લીધે કાર્યક્રમ ખૂબ જ સફળ રહ્યો હતો.

# કમાઠીપુરાનો પુનર્વિકાસ મ્હાડા નહીં પણ બીએમસીના માથે?

મુંબઈઃ ડેવલપરના હિત માટે દક્ષિણ મુંબઈના કામાઠીપુરા પરિસરનો કાયાપલટનો પ્રોજેક્ટ હવે મ્હાડા નહીં પણ મુંબઈ મહાનગરપાલિકા દ્વારા અમલમાં મૂકવાનો નિર્ણય રાજકીય સ્તરે લેવામાં આવ્યો હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે. દક્ષિણ મુંબઈના કામાઠીપુરા પરિસરનો કાયાપલટ ક્લસ્ટર ડેવલપમેન્ટ હેઠળ મહારાષ્ટ્ર હાઉસિંગ એન્ડ એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટી (મ્હાડા) કરવાની હતી. તે માટે તમામ પ્રક્રિયા પૂરી કરીને ટેન્ડર કાઢવાની તૈયારી ચાલી હતી. જોકે અચાનક હવે આ પ્રોજેક્ટ મ્હાડાને બદલે મુંબઈ મહાનગરપાલિકા મારફત અમલમાં મૂકવામાં આવશે એવું જાણવા મળ્યું છે. વિધાનસભાની ચૂંટણીની આચારસંહિતા પૂરી થયા બાદ નિર્ણય જાહેર કરવામાં આવશે એવું જાણવા મળ્યું છે. આ ફેરફાર ખાસ ડેવલપરના હિત માટે કરવામાં આવ્યો હોવાનું રાજકીય સ્તરે ચર્ચાઈ રહ્યું છે.

કામાઠીપુરા લગભગ ૨૭ એકર પરિસરમાં ફેલાયેલું છે. આ પરિસરમાં ૪૭૫ સેસ્ડ (ઉપકર) ઈમારતો આવેલી છે. તો ૧૬૩ ઉપકર નહીં ભરનારી ઈમારતો સહિત રિડેવલપ થયેલી ૧૫ ઈમારત તથા વડા પ્રધાન અનુદાન પ્રોજેક્ટ અંતર્ગત બાંધવામાં આવેલી ઈમારતો છે. બાવન બિલ્ડિંગ તૂટી ગઈ છે અને ૧૫ ધાર્મિક સ્થળ, બે સ્કૂલ, ચાર સરકારી ઓફિસ અને આઠ અન્ય બાંધકામ છે.

## આઠમા પાનાનું ચાલુ

### 'કટેંગે..' નારા સામેના

ચૂંટણીની લડાઇ થવાની છે, એમ ઉદ્ધવ ઠાકરેએ વધુમાં જણાવ્યું હતું.

મહારાષ્ટ્રના દરેક જિલ્લામાં છત્રપતિ શિવાજી મહારાજનાં મંદિર બનાવવામાં આવશે તથા તેમાં મરાઠાના રાજા કેવી રીતે સુશાસન કરતા હતા અને મહિલાઓનું સન્માન કરતા હતા તેની ઝાંખી દર્શાવવામાં આવશે. ગુજરાતના સુરતમાં પણ શિવાજી મહારાજનું મંદિર બનાવવામાં આવશે, એમ તેમણે કહ્યું હતું.

### અજિત પવારને લક્ષ્ય

આવ્યો છે. આ જાહેરખબરનો વીડિયો પણ વાઇરલ કરવામાં આવ્યો છે. તેથી સંબંધિતો સામે કાર્યવાહી કરવાની માગણી કરાઇ છે.

આ જાહેરખબરમાં અજિત પવારના પાત્રમાં એક વ્યક્તિ એક મહિલાને તમને દોઢ હજાર રૂપિયા મળ્યાને એમ કહેતા નજરે પડે છે. તેમાં ગુલાબી જેકેટ અને ઢોકળા ખાતા અજિત પવારને ચિત્રિત કરવામાં આવ્યા છે.

મોંઘવારી વધી છે અને તમે પોતાનામાં જ મસ્ત છો. ૧૫૦૦ રૂપિયામાં કંઇ થતું નથી, મહિનાનો ખર્ચ ૧૫,૦૦૦ છે. 'ખોટા દાદા, ફસવા વાદા' એવું બોલતી મહિલા જાહેરખબરમાં દેખાય છે.

### હિન્દુઓને 'પાખંડ' કહેનારાઓ

આતંકવાદી હુમલાના દોષી અજમલ કસાબને બિરયાની ખવડનારાઓની સાથે તમે બેઠા છો. ભગવાન રામના અસ્તિત્વ પર સવાલ ઉઠાવનારાઓ સાથે તમે બેઠા છો. તમને શરમ આવવી જોઇએ. ૨૦૧૯ની મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી પછી શિવસેના જ્યારે એક હતી અને ભાજપની આગેવાની હેઠળની સરકારનો ભાગ હતી, તો પછી તેણે હરીફ કોંગ્રેસ અને એનસીપી સાથે કેમ હાથ મિલાવ્યા.

શાહે વધુમાં કહ્યું હતું કે શરદ પવાર આ ઉંમરે પણ જૂઠું બોલવામાં અચકાતા નથી. તેઓ કહે છે કે રોકાણ મહારાષ્ટ્રમાં આવતું નથી. હું તેમને એ કહેવા માગું છું કે તમારી ઉદ્ધવ ઠાકરે સાથે સરકાર હતી ત્યારે મહારાષ્ટ્રમાં વિકાસની દૃષ્ટિએ રાજ્યનું રેન્કિંગ નીચે ગયું હતું, પણ એકનાથ શિંદે અને દેવેન્દ્ર ફડણવીસ હેઠળની મહાયુતિ સરકાર સત્તા પર આવી ત્યારે એફડીઆઈને આકર્ષવામાં સફળ રહી છે.

શાહે જણાવ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ફડણવીસ અને શિંદે દ્વારા મહારાષ્ટ્રમાં રોડ કનેક્ટિવિટી, સમૃદ્ધિ એક્સપ્રેસવે, મુંબઈ કોસ્ટલ રોડ, અટલ સેતુ, મુંબઈ અને પુણેમાં મેટ્રો ટ્રેન અને સિંચાઈ પ્રોજેક્ટ જેવા સંખ્યાબંધ ઈન્ફ્રસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ હાથ ધર્યા છે. ફડણવીસે જળયુક્ત શિવાર યોજના રજૂ કરીને સિંચાઈની અનેક યોજનાઓ હાથ ધરી છે. હું શરદ પવારને અહીં કહું છું કે એમવીએ સરકારે મૂકેલા એક પણ કામ કર્યું હોય તો તેની યાદી રજૂ કરે.

શાસક મહાયુતિ દ્વારા તેના ઢંઢેરામાં આપવામાં આવેલાં વચનોમાં લાડકી બહીણ યોજનાની રકમ ૧૫૦૦થી વધારીને ૨૧૦૦ રૂપિયા કરવાનો સમાવેશ થાય છે. આ નરેન્દ્ર મોદીની ગેરંટી છે, એમ તેમણે કહ્યું હતું.

### મહારાષ્ટ્ર વિધાનસભાની

રાજ્યના લોકો પાસેથી કંઈક પૂછ્યું છે, ત્યારે તેઓએ કૃપા વરસાવી છે.

'મેં ૨૦૧૪માં અગાઉની સરકારના ૧૫ વર્ષના કુશાસનનો અંત લાવવા માટે તમારા આશીર્વાદ માગ્યા હતા. તમે કૃપાપૂર્વક ખાતરી આપી હતી કે ભાજપને અભૂતપૂર્વ સફળતા મળી રહે. આજે હું મહારાષ્ટ્રમાં મારા પ્રચારની શરૂઆત ધુળેથી કરી રહ્યો છું. મહાયુતિના દરેક ઉમેદવાર તમારા આશીર્વાદ માગું છું, એમ તેમણે કહ્યું હતું.

'હું તમને ખાતરી આપું છું કે છેલ્લા અઢી વર્ષમાં મહારાષ્ટ્રના વિકાસની ગતિને ચાલી રહી છે તેને રોકવા દેવામાં આવશે નહીં, એમ મોદીએ કહ્યું હતું.

મોદીએ કહ્યું કે આગામી પાંચ વર્ષમાં મહારાષ્ટ્રની પ્રગતિ અને વિકાસને નવી ઊંચાઈએ લઈ જવામાં આવશે. 'માત્ર મહાયુતિ જ સુશાસન આપી શકે છે. મહા વિકાસ અઘાડી એક એવું વાહન છે જેમાં પૈડાં નથી, બ્રેક નથી અને ડ્રાઈવરની સીટ પર બેસવા માટે લડાઈ છે. કોઈ પણ વ્યક્તિ વિવિધ પ્રકારના હોર્ન સાંભળી શકે છે, એમ તેમણે કહ્યું હતું.

'લોકોએ યાદ રાખવું જોઈએ કે મહાયુતિ આહે તર ગતિ આહે... મહારાષ્ટ્ર ચી પ્રગતિ આહે (જો મહાયુતિ છે ગતિ છે, મહારાષ્ટ્રની પ્રગતિ અને વિકાસ

સુનિશ્ચિત છે), એમ તેમણે મરાઠી ભાષામાં કહ્યું હતું.

એમવીએનો લોકો અને રાજ્યના વિકાસ માટે કામ કરવાનો કોઈ ઈરાદો નથી અને તેના નેતાઓનું લક્ષ્ય જનતાને લૂંટવાનું છે, એમ તેમણે જણાવ્યું હતું. એમવીએની રચના છેતરપિંડી દ્વારા કરવામાં આવી હતી અને રાજ્યે તેઓ જે કામ કર્યું છે તે જોયું છે. શિવસેનામાં એકનાથ શિંદેના બળવાએ તેને ડૂબાડી દીધી અને જૂન ૨૦૨૨માં બાલ ઠાકરે દ્વારા સ્થાપિત પક્ષને વિભાજિત કર્યો તે પહેલાં એમવીએ બે વર્ષ સત્તામાં હતી.

'એમવીએએ વિકાસની યોજનાઓ પર અવરોધો મૂક્યા અને લોકોનું જીવન સુધારી શકે એવી દરેક યોજનાને બંધ કરી દીધી હતી. જ્યારે, તમારા આશીર્વાદથી મહાયુતિ સરકારની રચના થઈ ત્યારે પરિસ્થિતિ બદલાઈ ગઈ અને વિકાસની નવી ઊંચાઈઓ જોવા મળી, એમ તેમણે કહ્યું હતું. મહારાષ્ટ્રનું ખોવાયેલું ગૌરવ અને વિકાસ પ્રત્યેનો વિશ્વાસ પાછો ફરી રહ્યો છે, એમ તેમણે જણાવ્યું હતું.

ભાજપ, શિવસેના અને એનસીપીની બનેલી મહાયુતિનો ઢંઢેરો વિકાસનો રોડમેપ છે. તે આર્થિક પ્રગતિ, સામાજિક સમાનતા, સુરક્ષાની વાત કરે છે અને સર્વસમાવેશક છે, એમ તેમણે કહ્યું હતું.

'વિકસિત મહારાષ્ટ્ર માટે મહિલા સશક્તિકરણ મહત્વપૂર્ણ છે. અગાઉની સરકારોએ મહિલાઓને પ્રગતિ કરતા રોકી હતી અને મોદી અને મહાયુતિએ તમામ અવરોધો દૂર કર્યા હતા અને તેમને ઘણી તકો પૂરી પાડી હતી,' એમ તેમણે કહ્યું હતું.

રાજ્યની 'લાડકી બહેન' યોજનાની સમગ્ર દેશમાં ચર્ચા કરવામાં આવી રહી છે, પરંતુ કોંગ્રેસની ઇકોસિસ્ટમ તેની વિરુદ્ધ કામ કરી રહી છે અને તેને કોર્ટમાં પણ લઈ ગઈ છે, એમ તેમણે જણાવ્યું હતું.

'જો સત્તામાં આવશે, તો એમવીએ આ યોજનાને રદ કરશે. દરેક મહિલાએ એમવીએથી સાવચેત રહેવું જોઈએ,' એમ તેમણે કહ્યું હતું.

નાશિકમાં તેમણે કહ્યું હતું કે અમારા માટે મરાઠી ઈતિહાસ, સંસ્કૃતિ આસ્થાસ્થાન છે. સાવરકર અમારા માટે પ્રેરણામૂર્તિ છે, પરંતુ કોંગ્રેસ અને સાથી પક્ષોએ મરાઠીને જે સન્માન મળવું જોઈએ એ ક્યારેય આપ્યું નહોતું. તેઓ સાવરકરનું વારંવાર અપમાન કરે છે. એમવીએના એક સિનિયર નેતાએ કોંગ્રેસના યુવરાજને સાવરકરનું અપમાન કરવાથી દૂર રહેવા જણાવ્યું છે કેમ કે અત્યારે ચૂંટણીઓ છે. જે લોકો સાવરકરને આદર્શ માને છે તે આજે કોંગ્રેસની સાથે છે, એમ તેમણે શિવસેના (યુબીટી)નો આડકતરો ઉલ્લેખ કરતાં કહ્યું હતું.

કોંગ્રેસની અત્યંત આકરા શબ્દોમાં ઝાટકણી કાઢતાં તેમણે કહ્યું હતું કે હવે કોંગ્રેસ કાખઘોડી પર ચાલી રહી છે. મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, બિહાર કે પછી ઝારખંડ હોય મોટા ભાગના રાજ્યોમાં કોંગ્રેસ કાખઘોડી પર અસ્તિત્વ ધરાવે છે. તેઓ અન્ય પાર્ટીના ટેકાથી ચૂંટણીઓ લડી રહ્યા છે.

દાયકાઓથી કોંગ્રેસ ગરીબી હટાવવાના સૂત્રો આપે છે, પરંતુ આજની તારીખે ગરીબો અનાજ, વસ્ત્રો અને આશ્રય માટે આશ્રિત રહ્યા છે, એમ તેમણે કહ્યું હતું. જ્યાં કોંગ્રેસ અને તેના સાથીઓ છે ત્યાં કૌભાંડો થવાના જ છે, એમ પણ તેમણે કહ્યું હતું. (એજન્સી)

# જૈન મરણ

પાલનપુર-કુંભાસન નિવાસી ઉર્મિલાબેન શાહ (ઉં. વ. ૮૨) ૭મી નવેમ્બર ૨૪ના સ્વર્ગસ્થ થઈ ગયા છે. સ્વ.મનચંદભાઈ ચુનીલાલ શાહના પત્ની. નીતિન, કિરીટ, તૃપ્તિ, ધીરેન, પ્રમિતના માતા. રેખા, સ્વ.અનીતા, સ્વ.ઉર્વેશ, મોના, બેલાના સાસુ. રીકેન, પ્રિયંકા, રાજીવ, રચના, સલોની, સાનીલ, ઉર્જા, સ્વ.સમકિત, અર્શના દાદી. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

સાવરકુંડલા નિવાસી હાલ ઘાટકોપર પ્રફુલભાઇ બાલુભાઇ ગુલાબચંદ દોશી (ઉં. વ. ૬૪) તા. ૭-૧૧-૨૪ના ગુરુવારના અરિહંતશરણ પામેલ છે. તે પ્રતિભાબેનના પતિ. બિપિનભાઇ, સ્વ. શશીકાંતભાઇ, નીતાબેન જગતકુમાર, સ્વ. વાસંતીબેન વૃજલાલના ભાઇ. વિરલ, નિમેષ, નીરાલી અંકિતકુમારના પિતાશ્રી. શ્વેતા, ઝરણાના સસરા. આરના, હીયા, ધ્રુહીના દાદા. સાસરા પક્ષે બાબુભાઇ વનમાળીદાસ દોશીના બનેવી. પિતૃવંદના તા. ૧૦-૧૧-૨૪ના રવિવાર, સવારે ૧૦.૩૦થી ૧૨. ઠે. પાટીદાર હોલ, એલ. બી. એસ. માર્ગ, ઘાટકોપર (વેસ્ટ).

**જામનગર હાલાર અને સોરઠ વિશા શ્રીમાળી જૈન**

જામભાણવડ નિવાસી, હાલ-બોરીવલી મનસુખલાલ હેમરાજ સંઘવીના ધર્મપત્ની ભારતી સંઘવી (ઉં.વ. ૮૦) તા. ૭-૧૧-૨૪, ગુરુવારના અરિહંતશરણ પામેલ છે. તે કેતન, વિપુલ અને નીતા કેલેશ વોરાના માતુશ્રી. મહેન્દ્રકુમાર મુગટલાલ વોરાના બેન. મીતા કેતન સંઘવીના સાસુ. ભાવિક, વૈભવ, આસ્નાના દાદીમા. હેનલ, પ્રીયાના નાનીમા. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. સ્થળઃ ૮૦૪/૮૦૫, પુષ્પવિનોદ-૪, એસ.વી. રોડ, તીરૂમાલા સામે, બોરીવલી (વેસ્ટ). (ચક્ષુદાન કરેલ છે.)

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થા. જૈન**

જોરાવરનગર નિવાસી હાલ મિરારોડ ભાનુમતી કાંતિલાલ શાહના સુપુત્ર કેતન શાહ તથા સોનલબેન કેતનભાઈ શાહની સુપુત્રી દિશા શાહ (ઉં. વ. ૨૬) તા. ૫-૧૧-૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે ભાવિષા મનીષભાઈ, મંજરી નૈનેષભાઈ, ફાલ્ગુની જતીનભાઈની ભત્રીજી. નિકેત, મીત, હેતવી, યશ, રૂપીન, વિલી, પુજા, મિલન, વિરાજ, જીમીતની બેન, કંથારિયા નિવાસી હાલ મિરારોડ અરૂણાબેન વૃજલાલ અજમેરાની દોહિત્રી, જયશ્રીબેન મુકેશભાઈ અજમેરા, મીનાક્ષીબેન દિપકકુમાર ડુગલી, રૂપા મિતેશકુમાર શાહની ભાણેજી, અરિહંતશરણ પામેલ છે. સાદડી પ્રથા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ભાવનગર નિવાસી, હાલ-બોરીવલી સ્વ. લલિતભાઈ ભાઈચંદભાઈ મહેતાના ધર્મપત્ની ચંદનબેન (ઉં.વ. ૮૦) તા. ૭-૧૧-૨૪ના અરહિંત શરણ પામેલ છે. તે સ્વ. શ્રી. મલીચંદભાઈ જેચંદભાઈ શેઠના દીકરી. નીરજ, સમીર તથા મેહુલના માતુશ્રી. કાનન, તેજલ, રિદ્ધિના સાસુ. અદિતી, યશ અને દ્રિશનાના દાદી. સ્વ. બચુભાઈ, સ્વ. શારદાબેન, સ્વ. ભારતીબેન, બિપિનભાઈ, વિમલભાઈ અને પૂનમબેનના ભાભી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વીશા શ્રીમાળી જૈન**

અમરેલી નિવાસી હાલ ખાર મુંબઈ સ્વ. ચંદનબેન અમૃતલાલ મહેતાના સુપુત્ર સ્વ. દીલીપભાઈના ધર્મપત્ની ઉષાબેન (ઉં. વ. ૬૯) ૭-૧૧-૨૪ના રોજ અરિહંતશરણ પામેલ છે. તેઓ ખેમલ, તરલના માતુશ્રી. તે સોનમ, શેતલના સાસુ. સ્વ. રંજનબેન - કીકીબેન - ઉષાબેન, જાસુદબેનના ભાભી. પિયર પક્ષે સ્વ. ભારતીબેન ચીનુભાઈ શાહના દીકરી. તા.ક. લૌકિક વ્યવહારની પ્રથા બંધ છે.

**પાટણ જૈન**

પાટણ નિવાસી કોકાના પાડાના સ્વ.ચંદુલાલ ત્રિભોવનદાસ સંઘવીના સુપુત્ર સ્વ.બચુભાઈ (મહેન્દ્રભાઈ)ના ધર્મપત્ની, પૂર્ણિમાબેન (ઉં. વ. ૮૬) હાલ ઘાટકોપર પ્રિયવદનભાઈ, મહેશભાઈ, અનિલાબેન રમેશચંદ્ર તથા નયનાબેન પ્રવિણચંદ્રના ભાભી. નયનાબેન, સ્મિતાબેનના જેઠાણી. સ્વ.લલીતાબેન હીરાલાલ મણિયારના દીકરી ૭/૧૧/૨૪ના અરિહંતશરણ પામેલ છે.

### ચૂંટણી વખતે

લસણ ૫૦૦ રૂપિયા કિલોના દરે વેચાઇ રહ્યા છે. નવા વર્ષે નવો પાક બજારમાં નહીં આવે ત્યાં સુધી લસણના દરમાં કોઇ ઘટાડો થશે નહીં, એમ વેપારીઓનું કહેવું છે.

### લીલા વટાણાના દર પણ ૨૫૦ રૂપિયાને પાર

લીલા વટાણાની પણ માર્કેટમાં આવક ઓછી થઇ રહી છે. એપીએમસી માર્કેટમાં વટાણા ૧૬૦થી ૨૦૦ રૂપિયા કિલો વેચાઇ રહ્યા છે. રિટેલ બજારમાં આ દર ૨૫૦ રૂપિયા કિલોએ પહોંચ્યા છે. રિટેલ બજારમાં મેથીની એક જૂડી પણ ૩૦ રૂપિયામાં વેચાઇ રહી છે.

### કાલબાદેવી, નાલાસોપારા

મળ્યા નહોતા. આ આખી પ્રક્રિયાનું વીડિયો રેકોર્ડિંગ કરવામાં આવ્યું હતું. જપ્ત કરાયેલા રૂપિયાની જાણ આવકવેરા વિભાગને કરવામાં આવી હતી.

### થાણેમાં દારૂ અને ડ્રગ્સ સહિત ૧૩.૨૬ કરોડની વસ્તુઓ જપ્ત

વિધાનસભાની ચૂંટણી જાહેર થયા પછી લાગુ કરાયેલી આચારસંહિતા દરમિયાન થાણે જિલ્લામાંથી દારૂ અને ડ્રગ્સ સહિત મતદારોને વહેંચવા માટેની ૧૩.૨૬ કરોડ રૂપિયાની વિવિધ પ્રકારની વસ્તુઓ જપ્ત કરવામાં આવી હતી. પોલીસ અને ચૂંટણી અધિકારીઓએ થાણેના વિવિધ વિસ્તારોમાં ૧૫ ઑક્ટોબરથી પાંચમી નવેમ્બર દરમિયાન કાર્યવાહી કરી હતી. જપ્ત વસ્તુઓ મામલે ૨૦૯ એફઆઈઆર નોંધવામાં આવ્યા હતા, એવું થાણેના કલેક્ટર અશોક શિંગારેએ સમીક્ષા બેઠકમાં જણાવ્યું હતું.

લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. એ/૪૦૩, નંદનવન, એલ ટી રોડ, બોરીવલી વેસ્ટ.

**રાધનપુર જૈન**

રાધનપુર જૈન તીર્થ નિવાસી હાલ કાંદિવલી સ્વ. સેવંતીલાલ વાડીલાલ શાહના ધર્મપત્ની સુશીલાબેન (ઉં. વ. ૯૩) તે સુરેશાબેન, સ્વ.નરેશભાઈ, રશ્મિકાબેન તથા મોહિનીબેનના માતુશ્રી. સ્વ.મહેન્દ્રકુમાર, ભાવનાબેન, સ્વ.પંકજકુમાર તથા અશ્વિનકુમારના સાસુ. જીનાંગ તથા શ્રુતિના દાદી. કેયૂર, મેહુલ, જીનલ, નીરજા, વિરાગ તથા તપનના નાની. પિયર પક્ષે સ્વ.કેશવલાલ મોહનલાલ મસાલિયાના દીકરી ૦૭-૧૧-૨૪ ગુરુવારના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

મોટા ભમોદ્રા નિવાસી હાલ મુલુન્ડ શાહ મંગળજી છગનલાલના ધર્મપત્ની કમળાબેન, (ઉં. વ. ૯૩) તા. ૨૮-૧૦-૨૪ના સ્વર્ગવાસ થયેલ છે. તે નવીનભાઈ, હર્ષદભાઈ, સુરેશભાઈ, મોટાચુયણા નિવાસી ઈન્દુમતી પ્રવિણચંદ્ર દોશી, પાવઠી નિવાસી સ્વ. રેખાબેન બિપીનકુમારના માતુશ્રી. તે આશાબેન, હર્ષાબેન, પ્રતિભાબેનના સાસુ, હાર્દિક, નિરવ, જીનેશ, દર્શીન, રાજ, ક્રિશાના મોટી બા તથા પિયરપક્ષે દેપલા નિવાસી હેમચંદભાઈ, માનચંદભાઈ, હિંમતભાઈ, ટાણા નિવાસી જયાબેન શશીકાન્તના બેન. માતૃવંદના રવિવાર તા. ૧૦-૧૧-૨૪ના ૧૦ થી ૧૨. સ્થળ- જીવરાજ ભાણજી (અશોક હોલ), અશોકનગર, નાહુર રોડ, મેહુલ સીનેમા પાસે, મુલુન્ડ વેસ્ટ.

**શ્રી વાગડ વિ.ઓ.જૈન**

ગામ ભચાઉના રમેશ (ઉં. વ. ૬૫) ગુરૂવાર, તા.ઃ ૭-૧૧-૨૪ના અ.પા. છે. ગં.સ્વ. વિજયાબેન રૂપશી ભોજરાજ છેડાના સુપુત્ર. કલ્પનાબેનના પતિ. અંકીત, ઋષભના પિતાશ્રી. ધ્વની, એકતાના સસરા.નયના, ધીરજ, યોગેશના ભાઇ. મનફરાના ભચીબેન કરમણ કારા દેઢિયાના જમાઇ. પ્રાર્થના સભાઃ આવતી કાલે રવિવાર, તા. ૧૦-૧૧-૨૪ પ્રા.સ્થળઃ પરમ કેશવ બાગ, નવરોજી લેન, ઘાટકોપર (વેસ્ટ). સવારના ૧૦ થી ૧૧.૩૦.

**શ્રી વાગડ વિ.ઓ.જૈન**

ગામ આધોઇના બાબુલાલ (ઉં. વ.૭૪) ગુરૂવાર, તા. ૭-૧૧-૨૪ના અવસાન પામેલ છે.સ્વ. ખેતઇબેન ધનજી રાઘા શાહના પૌત્ર. સ્વ. રામુબેન ડાયાલાલ શાહના સુપુત્ર. કેશરબેનના પતિ. કલ્પેશ, હિતેન્દ્ર, પ્રિતીના પિતાશ્રી. હર્ષા, અમિતા, સ્વ. પરેશના સસરા. સાંગણ અજા કારીયાના જમાઇ. પ્રા.ટા.ઃ સવારે ૧૦થી ૧૧.૩૦. પ્રા.સ્થળઃ શ્રી અચલગચ્છ જૈન ભવન, જોગેશ્વરી (ઇસ્ટ). લૌકીક વ્યવહાર બંધ છે.

**શ્રી વાગડ વિ.ઓ.જૈન**

ગામ ગાગોદરના રત્નાબેન (ઉં. વ. ૭૪) સોમવાર, તા. ૪-૧૧-૨૪ના મુંબઇ મધ્યે અવસાન પામેલ છે. મીઠીબેન ડુંગરશી નિસરના પુત્રવધૂ. સ્વ. કાનજીના ધર્મપત્ની. સ્વ. વેલજી, શવજી, ગુણવંતી, સુશીલા, જયશ્રીના માતુશ્રી. જયશ્રી, શામજી, શાંતિલાલ, અરવિંદના સાસુ. કરન, હિતના દાદી. પ્રાર્થના સમયઃ સવારે ૧૦.૩૦ થી ૧૨.૦૦ પછી બરવિધી રાખેલ છે. પ્રાર્થના સ્થળઃ શ્રી કરસન લઘુભાઇ નિસર હોલ, દાદર (વે.). નિવાસસ્થાનઃ ભોલા મુનશી ચાલ, રૂમ નં. ૨૩, નટવરનગર રોડ નં. ૫, જોગેશ્વરી (ઈસ્ટ).

**વાગડ વિ.ઓ.જૈન**

ગામ પેથાપર હાલે લાકડીયાના દિવાળીબેન હરખચંદ ગડા (ઉં.વ.૯૩) મુંબઇ મધ્યે તા. ૬-૧૧-૨૪, બુધવારના અવસાન પામેલ છે. સ્વ. વિશાબેન નાગશી લખમણ ગડાના પુત્રવધૂ. સ્વ. હરખચંદ નાગશીના ધર્મપત્ની. લાલજી, સ્વ. માલશી, રમેશ, વેલુબેન, રતનબેન, જયશ્રીબેનના માતુશ્રી. રમીલાબેન, સ્વ. ઉર્મીલાબેન, અરૂણાબેન, કુંવરજી નિસર, વાલજી રીટા, રમેશ ઝાલાણીના સાસુ. પ્રફુલ્લ, મનિષ, દિપેશ, માનીલ, વૈશાલીના દાદી. પ્રાર્થના સમય બપોરેઃ ૨.૩૦ થી ૪.૦૦, પ્રાર્થના સ્થળઃ સરદાર વલ્લભભાઇ પટેલ હોલ, એસ.વી. રોડ, સીટી સેન્ટર મોલની સામે, ગોરેગામ (વે.). પ્રાર્થના પછી બરવિધિ રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે. નિવાસસ્થાનઃ ૧૦૪, કાદંબરી સોસાયટી, એચ.એન. કમ્પાઉન્ડ, એમ.જી.રોડ, ગોરેગામ (વે.), મુંબઇ-૧૦૪.

**વાગડ વિ.ઓ.જૈન**

ગામ રવના શ્રી હરઘોર કરમણ કારીઆ (ઉં.વ. ૮૮) બુધવાર, તા. ૭-૧૧-૨૪ મુંબઇ મધ્યે અ.પા. છે. સ્વ. પુંજીબેન કરમણ ભારમલના સુપુત્ર. સ્વ. સુમાબેન ભારમલ ખેતશીના પૌત્ર. સ્વ. શાંતાબેનના પતિ. રમણીક, કાંતી, મંજુલાબેનના પિતાશ્રી. કલ્પના, અમીતા, મુરજીભાઈના સસરા. ખ્યાતિ, નેહલ, વિધિ, જુહી, રાજ, ઋષભના દાદા. પ્રાર્થના સમયઃ સવારે ૧૦.૩૦ થી ૧૨ વાગે. પ્રાર્થના સ્થળઃ યોગી સભાગૃહ, સ્વામીનારાયણ મંદિરની બાજુમાં, દાદર-ઈસ્ટ. મુંબઈ. ત્વચા દાન કરેલ છે. (લૌકિક વ્યવહાર બંધ છે.)

**શ્રી કચ્છી વિશા ઓશવાળ જૈન**

કોટડી મહાદેવપુરીના વસંત લખમશી નાગડા (ઉં. વ. ૬૩) ૭-૧૧ના અવસાન પામેલ છે. માતુશ્રી પુરબાઇ લખમશી નાગડાના સુપુત્ર. મનીષાના પતિ. મમતા, દિપાલીના પિતા. સ્વ. દેવકા, ઝવેર, નવલ, વલ્લભજી, પ્રેમજી, ખીમજીના ભાઇ. પાલી (રાયગઢ)ના સીતા રામચંદ્ર ગોવિંદ ગોફણના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઘરે આવવાની તસ્દી લેવી નહીં. ઠે. મનીષા નાગડા, સી/૪૦૧, લાર્કીન્સનગર, ડોંબીવલી (વે.) ૪૨૧૨૦૨.

તુંબડીના પ્રભાબેન શીવજી સાવલા (ઉં. વ. ૭૪) તા. ૬-૧૧-૨૪ના અવસાન પામેલ છે. સ્વ. પુંજીબેન દેવરાજના પુત્રવધુ. સ્વ. શીવજીના પત્ની. મહેશ, ભરત, શિલ્પાના માતુશ્રી. ભુજપુરના રતનબેન વેલજી ગાલાના પુત્રી. શાંતીલાલ, ગીરીશ, વડાલા મંજુલા રામજી, મેરાવા નિર્મળા ચંપકના બેન. પ્રા. શ્રી વ.સ્થા. જૈન શ્રા.સં.સં. શ્રી કરસન લઘુ નિસર હોલ, દાદર (વે.). ટા. ૨ થી ૩.૩૦. ઠે. મહેશ સાવલા, ૪૧૦, હેરીટેઝ બીલ્ડીંગ નં. ૧, એમ.જી.રોડ નં. ૧, સાઇ નગર, કાંદીવલી (વે.) ૬૭.

મુન્દ્રા હાલે બેલારીના પ્રકાશ વિસનજી તેજાણી/કિનીયા (ઉ.વ. ૮૦) તા. ૬-૧૧-૨૦૨૪ના અવસાન પામ્યા છે. હાંસબાઈ/નાનબાઈ વિસનજી કુંવરજીના સુપુત્ર. રેખાબેન (રૂક્મણી)ના પતિ. સ્વ. ધવલ, કાજલ, ટવીંકલના પિતાશ્રી. અરવિંદ, મહેન્દ્ર, હિંમત, દિપકના ભાઈ. ગોધરાના વેલબાઈ ચનાભાઈ રણશીના જમાઈ. પ્રા : શ્રી વ.સ્થા.જૈન શ્રા.સં.: કરશન લઘુભાઈ નિસર હોલ (દાદર). ટા. ૪ થી ૫.૩૦. નિ. પ્રકાશ તેજાણી : શ્રી પેરેડાઈઝ, ફ્લેટ નં. ૩૦૬, ૧લી ક્રોસ સત્યનારાયણ પેઠ, બેલારી - ૫૮૩૧૦૧.

**ઝાલાવાડી વિશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**

વઢવાણ નિવાસી હાલ મીરારોડ જયસુખલાલ વ્રજલાલ કોઠારીના ધર્મપત્ની જ્યોત્સનાબેન તા. ૭-૧૧-૨૪ ગુરુવારના અરિહંતશરણ પામેલ છે. જયેશ તથા તુષારના માતુશ્રી. અમિતા તથા વૈશાલીના સાસુ, ભરતી નમન શાહ હર્ષ અને ધૈર્યના દાદી. પિયર પક્ષે માણેકલાલ પીતાંબર દાસ શાહની પુત્રી. પ્રાર્થનાસભા તથા લૌકિકવ્યવહાર બંધ રાખેલ છે.

# હિન્દુ મરણ

**જંબુસર દશા પોરવાડ વણિક**

અપૂર્વભાઇ મહેતા (ઉં. વ. ૪૭) શુક્રવાર, તા. ૮-૧૧-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. તેઓ સ્વ. જયવદનભાઇ અને નિરંજનાબેનના પુત્ર. ધ્વનિના પતિ. અનુષ્કાના પિતા. પારૂલ, અલકા, બિંદુ તથા અર્ચનાના ભાઇ. હંસલભાઇ અને નિલેશ્વરીબેનના જમાઇ. સમીરભાઇ, કૌશિકભાઇ, જિતેનભાઇ અને રાકેશભાઇના સાળા. પ્રાર્થનાસભા રવિવાર, તા. ૧૦-૧૧-૨૪ના સવારે ૧૧થી ૧. ઠે. વિલેપાર્લે મેડિકલ હોલ (આઇએમએ), જે. વી. પી. ડી. ગ્રાઉન્ડની સામે, ચંદન થિયેટરની બાજુમાં, જુહુ.

**હાલાઇ લોહાણા**

દ્વારકા નિવાસી હાલ કાંદિવલી લક્ષ્મીબેન ગોરધનદાસ કાપડિયા (રાજા)ના પુત્ર ચંદ્રકાંતભાઇ (ઉં. વ. ૮૧) તે સ્વ. ગીતાબેન, ગં. સ્વ. સુમનબહેનના પતિ. કેયૂર અને જલ્પાના પિતા. રિનલ અને ચિરાગભાઇના સસરા. સ્વ. સૂર્યકાંતભાઇ, સ્વ. મુળરાજભાઇ, સ્વ. મંજુલાબેન, સ્વ. સુશીલાબેન, સ્વ. પન્નાબહેન, સ્વ. રેખાબેન, કિરીટભાઇ, વર્ષાબહેનના ભાઇ. સ્વ. કુસુમબેન નારાયણદાસ નથવાણી અને સ્વ. જયાબહેન ગોપાલદાસ રાણાના જમાઇ. તા. ૭-૧૧-૨૪ના ગુરુવારે શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા શનિવાર, તા. ૯-૧૧-૨૪ના સાંજે ૪થી ૬. ઠે. લોહાણા મહાજન વાડી, ૧લે માળે, સ્ટેશન પાસે, કાંદિવલી (વેસ્ટ).

**કચ્છી લોહાણા**

મૂળ ગામ ગુંદારા, હાલ - મુલુંડ નર્મદાબેન (ઉં.વ. ૯૨) મણિલાલ વીરજી ઠક્કર (પવાણી)ના ધર્મપત્ની. સ્વ. મહેન્દ્ર, દિનેશ, હસમુખ, સ્વ. રાજેશ તથા વસુબેન અરુણકુમાર ઠક્કરના માતુશ્રી. સ્વ. બેચરદાસ નારણજી રાજદેના પુત્રી તા. ૭-૧૧-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. સ્વાતી, મીતા તથા રશ્મિના સાસુ. સચીન, સાગર, સ્મીત, માનસી, વિધી, રીયોમના દાદી-નાની. રૂચિતાના સાસુ. પ્રાર્થનાસભા રાખેલ નથી. રૂચિતાના દાદીસાસુ.

**હાલાઈ લોહાણા**

સ્વ. શ્રી ચંદ્રકાંતભાઈ કાપડિયા ગુરુવાર, તા ૭-૧૧-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. (ઉં.વ. ૮૧) લક્ષ્મીબહેન ગોરધનદાસ કાપડિયા (રાજા)ના પુત્ર. સ્વ. ગીતાબહેન, ગં.સ્વ. સુમનબહેનના પતિ. કેયૂર અને જલ્પાના પિતા. રિનલ અને ચિરાગભાઈના સસરા. સ્વ. સૂર્યકાંતભાઈ, સ્વ. મુળરાજભાઈ, સ્વ. મંજુલાબહેન, સ્વ. સુશીલાબહેન, સ્વ. પન્નાબહેન, સ્વ. રેખાબહેન, કિરીટભાઈ અને વર્ષાબહેનના ભાઈ. સ્વ. કુસુમબહેન નારાયણદાસ નથવાણી અને સ્વ. જયાબહેન ગોપાલદાસ રાણાના જમાઈ. પ્રાર્થનાસભાઃ શનિવાર, ૯-૧૧-૨૪ના ૪થી ૬. સ્થળઃ લોહાણા મહાજન વાડી, પહેલે માળે, સ્ટેશન પાસે, કાંદિવલી (વેસ્ટ).

**કચ્છી લોહાણા**

સ્વ. જમનાદાસ રામજી કતીરા કચ્છ ભાચુંડા હાલે મુલુંડના ધર્મપત્ની ગં.સ્વ. નિર્મલાબેન (ઉં.વ. ૮૨) તે સ્વ. સાકરબાઈ હંસરાજ (શંભુભાઈ) મોજાર કચ્છ કોઠારા હાલે મુલુંડની જયેષ્ઠ પુત્રી. રાજુ, જીતુ, હર્ષા, ભરતભાઈ પંડિતપૌત્રા તથા વંદના પ્રફુલ્લભાઈ આઈયાના માતુશ્રી. સ્વ. દરિયાલાલ તથા ચંદુલાલના ભાભીશ્રી. માલા તથા ધર્મિષ્ઠાના સાસુજી. યશ, જય, દિયા તથા હેતવીના દાદીમા તા. ૭-૧૧-૨૪, ગુરુવારના મુલુંડ મધ્યે રામશરણ પામ્યાં છે. બંને પક્ષની પ્રાર્થનાસભા શનિવાર, તા. ૯-૧૧-૨૪ના ૫થી ૭. સ્થળઃ પરમેશ્વરી સેન્ટર, પહેલે માળે, ઓફ મદન મોહન માલવિયા રોડ, અચીજા હોટેલની ગલ્લીમાં, મુલુંડ (વેસ્ટ). બહેનોએ તેજ દિવસે આવી જવું.

**કચ્છી લોહાણા**

સ્વ. વેલબાઈ પ્રાગજી અરજણ સચદે ગામ મોટી ધ્રુફીવાળા હાલે મુલુંડના મોટા સુપુત્ર ધરમશી (ઉં. વ. ૭૯) તે ગીતાબેનના પતિ. સ્વ. માનબાઈ ખેરાજ ભાગચંદ ધીરાવાણી ગામ કોઠારાવાળાના જમાઈ. તે આશિષ, આરતી અને આનંદના પિતાજી. સ્વ. પુષ્પાબેન રામજી ઠક્કર, કમલાબેન કિશોરકુમાર ઠક્કર, સ્વ. મુલરાજ, રમેશ, કલ્પના જીતેન્દ્ર ભીંડે અને પ્રતાપના ભાઈ. તે માધવી મુલરાજ અને સંધ્યા રમેશના જેઠજી. બુધવાર ૬-૧૧-૨૪ના પરમધામ સિધાવેલ છે. બંને પક્ષ તરફથી પ્રાર્થનાસભા શનિવાર ૯-૧૧-૨૪ના ૫.૩૦થી ૭. ભાગીરથી હોલ, ગોપુરમ, ડો. રાજેન્દ્ર પ્રસાદ માર્ગ, મુલુંડ (૫). બૈરાઓએ તેજ દિવસે આવી જવું. લૌકિક વ્યવહાર સદંતર બંધ રાખેલ છે.

**દશા સોરઠીયા વણિક**

કાનપર નિવાસી હાલે મુલુંડ ધનસુખલાલ (ઉં. વ. ૮૨) ૫-૧૧-૨૪ મંગળવારના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. સરસ્વતીબેન અને જમનાદાસ મૂળજી સાંગાણીના સુપુત્ર. ઉષાબેનના પતિ. મેહુલના પિતા. શિલ્પા મનોજભાઈ ઘીયાના સસરા. સ્વ. વજીબેન ભગવાનદાસ મણિયારના જમાઈ. સ્વ. જશવંતરાય, સ્વ. વ્રજલાલ, સ્વ. પરમાનંદદાસ, ગુણવંતરાય, નવનીતરાય, વિરેન્દ્ર, ચંદ્રકાંત, સ્વ. શારદાબેન પ્રવિણચંદ્ર ધોળકિયા, સ્વ. તારાબેન જયંતીલાલ ગગલાણી, જયશ્રીબેન વિજયકુમાર રાજકોટીયા, પ્રભાબેન કનૈયાલાલ ગાંધી, કુસુમબેન ઉપેનકુમાર માંડવીઆના ભાઈ. પ્રાર્થનાસભા પદ્માવતી બેન્કવેટ હોલ, મહાત્મા ગાંધી રોડ, મુલુંડ વેસ્ટ રવિવારના ૧૦-૧૧-૨૪ સાંજે ૫ થી ૭.

**નડિયાદ દશા ખડાયતા વણિક**

ગં.સ્વ. ધર્મિષ્ઠાબેન દેસાઈ (ઉં. વ. ૯૪) તે સ્વ. ઓચ્છવલાલ માણેકલાલ દેસાઈના પત્ની તથા ભરત, જયેશ, રીટાના માતુશ્રી. યોગીની, પારુલ તથા સુરેશકુમારના સાસુ ૨-૧૧-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા - કલબ હાઉસ, ન્યૂ ચંદ્રા સોસાયટી, ઓફ વીરા દેસાઈ રોડ, અંધેરી વેસ્ટ. શનિવાર ૯-૧૧-૨૪ના ૪ થી ૬.

**દશા ખડાયતા વૈષ્ણવ વણિક**

સાંડાસાલ નિવાસી સંજયભાઈ કેશવલાલ શાહ (ઉં. વ. ૮૪) હાલ બોરીવલી તેઓ લીલાબેનના પતિ. દીપકભાઈના પિતા. જયશ્રીબેનના સસરા. ડૉ. તન્વી અને ધ્રુવના દાદા. સ્વ. વસંતલાલ, અશોકભાઈ, અરૂણભાઈ, ડૉ. બિપીનભાઈ, ભારતીબેન દેસાઈ તથા લીલાબેન દેસાઈના ભાઈ સોમવાર ૪-૧૧-૨૪ના રોજ શ્રીજીચરણ પામ્યા છે.

**ઘોઘારી મોઢ**

મૂળ ગામ રાણપુર હાલ અંધેરી સ્વ. રસિકલાલ અમુલખરાય શાહના ધર્મપત્ની ગં.સ્વ. ચંદનબેન (ઉં. વ. ૯૦) તે બોટાદ નિવાસી સ્વ. વૃજલાલ અને રેવા દાણીના સુપુત્રી. સ્વ. પ્રમિતા હિમાંશુ કોઠારી ઉમેશ અને ભાવેશના માતુશ્રી. પ્રજ્ઞા અને વૈશાલીના સાસુ. જહાનવી નિષ્કા રિયાના દાદી ૬-૧૧-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક પ્રથા બંધ છે.

**લાડ વણિક**

રાજેન્દ્ર મરચંટ (બાપુનાના) (ઉં. વ. ૭૯) ગુરુવાર તા. ૦૭ નવેમ્બર ૨૪ના શ્રીજીચરણ પામ્યા છે તે સ્વ.ધાર્મિષ્ઠા તથા સ્વ.ધરમદાસ રણછોડદાસ મરચંટના પુત્ર. પન્નાબેનના પતિ. ચિત્રાંગના પિતાશ્રી. સ્વ. મુકેશ, કેતકી દિપક રેશમદલાલ, ઉર્વશી પ્રકાશ શાહ અને ઝરણા વિજય દલાલના ભાઈ. સ્વ. સુશીલાબેન તથા સ્વ.નરેન્દ્રભાઇ મોતીવાલાના જમાઈ, આરુષના દાદા. પ્રાર્થનાસભા શનિવાર તા. ૦૯ નવેમ્બર ૨૪ના ૫ થી ૭. ઠે. ચતવાની હોલ, તેલી ગલી, અંધેરી પૂર્વ લૌકિક પ્રથા બંધ છે.

**સૌરાષ્ટ્ર ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ**

ફતેગઢ નિવાસી હાલ મુંબઈ મનસુખલાલ પંડ્યા (ઉં. વ. ૭૩) તે સ્વ.કુંદનબેન રતિલાલ જેઠાલાલ પંડ્યાના પુત્ર. ગીતાબેનના પતિ. હંસાબેન, વિનુભાઈ, શુગીબેન, યોગેશ પંડ્યાના ભાઈ. કલ્પેશ તથા વીરેનના પિતા. સ્વ.પ્રાણકુંરબેન દયાશંકર ત્રિવેદી શાપરના જમાઈ. ૭/૧૧/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૯/૧૧/૨૪ના ૫ થી ૭. કચ્છી કડવા પાટીદાર વાડી, રતન નગર, દોલતનગર રોડ નં ૧૦, સેન્ટ ઝેવીયર્સ સ્કૂલની પાસે, બોરીવલી ઈસ્ટ.

**દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

માળિયા હાટીના નિવાસી હાલ વિલેપાર્લે કાંતિભાઈ દ્વારકાદાસ જુઠાણી (ઉં. વ. ૭૬) તે સુધાબેનના પતિ. ચિરાગ-નિર્મિતા તથા પાયલ વેંકટેશ્વરના પિતા. ઈશાન તથા પાર્મીના દાદા. સ્વ. હરિવલ્લભદાસ, સ્વ.મનસુખલાલ, કુમુદચંદ્ર, સ્વ.ભગવાનદાસ, સ્વ.લીલાવાતિબેન ભગત તથા સ્વ.તારાબેન દેસાઈના ભાઈ. જુનાગઢ નિવાસી સ્વ.અમીદાસ લીલાધર મોદીના જમાઈ. ૭/૧૧/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૯/૧૧/૨૪ના ૫ થી ૭. પહેલે માળે, વિશ્વેશ્વર ભવન, સન્યાસ આશ્રમ કમ્પાઉન્ડ, વિલેપાર્લે વેસ્ટ.

**વિશા સોરઠીયા વણિક**

ગામ સુત્રાપાડા નિવાસી હાલ બોરીવલી હેમંતભાઈ તલાટી (ઉં. વ. ૬૨) તે સ્વ.જમનાબેન હરિભાઈ તલાટીના પુત્ર, હેમાલીના પિતા, પ્રેરકના પિતા. પ્રવીણભાઈ, હસમુખભાઈ, સ્વ. પ્રદીપભાઈ, કલ્પુબેનના ભાઈ. સરોજબેન હસમુખભાઈ શેઠના જમાઈ. તા. ૭/૧૧/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

સાવરકુંડલાવાળા હાલ બોરિવલી સ્વ.કમળાબેન ગંગાદાસ કાનજીભાઈ શેઠના સુપુત્ર કિરીટભાઈ શેઠ (ઉં. વ. ૭૪) તા.૦૭/૧૧/૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે વીણાબેનના પતિ. હેતલના પિતાશ્રી. પ્રવિણભાઈ, સ્વ.નરેન્દ્રભાઈ, સુધીરભાઈ, ગં.સ્વ.રંજનબેન કાંતિલાલ મહેતા, ગં.સ્વ.ભદ્રાબેન (ભાવના) જયંતિલાલ મહેતા, ગં. સ્વ. વર્ષાબેન ઉમેશ કુમાર મોદીના ભાઈ. મહુવાવાળા સ્વ.ધીરજલાલ દેવરાજ ચિતલીયાના જમાઈ. સર્વ પક્ષની પ્રાર્થનાસભા તા.૧૦/૧૧/૨૪, રવિવારે ૫ થી ૭. લોહાણા બાળાશ્રમ, મથુરાદાસ રોડ, અતુલ ટાવરની બાજુમા, કાંદિવલી (વેસ્ટ).

**લોહાણા**

ગં.સ્વ.હસુમતી હસમુખલાલ જસાણી (ઉં. વ. ૮૧) પંકજ, સંગીતા અને કામિનીના માતુશ્રી, પારૂલના સાસુ, સંકેત અને નિકુંજના દાદી, સ્વ.રળિયાતબેન રતિલાલ પુજારાના પુત્રી. હંસાબેન જમનાદાસ સોમૈયા, સ્વ.રમીલાબેન રજનીકાન્ત ભાટે તથા પારૂલબેન અજીતભાઈ ધાબળીવાળાના ભાભી. તા. બુધવાર, તા. ૬-૧૧-૨૦૨૪ના શ્રીજી ચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા સોરઠીયા વણિક**

અ. સૌ.ચંદ્રિકાબેન તે લલિત જમનાદાસ શેઠ મેંદરડા નિવાસી હાલ મુંબઈના ધર્મપત્ની તા. ૮-૧૧-૨૦૨૪ શુક્રવારના શ્રીજીચરણ પામેલ છે, કાર્તિક, જયશ્રી અને રાજેશ્રીના માતૃશ્રી, સ્વ. મનહરભાઈ, સ્વ. ચંદ્રકાંતભાઈ, મહેન્દ્રભાઈ, કિર્તીભાઈ શેઠ, સ્વ.મંછાબેન પ્રભુદાસ, સ્વ. હિનાબેન સોભાગ્યચંદ્ર, સ્વ.ભારતીબેન પ્રવીણચંદ્રના ભાભી, સ્વ.અચરતબેન માધવજી ડુંગરાણીના દીકરી, સ્વ.પુરુષોત્તમભાઈ માધવજી, જીતેન્દ્ર હરગોવિંદદાસનાબેન, રીના કાર્તિક શેઠ, ભરત નાથાલાલ સાંગાણી, અરવિંદ ધીરજલાલ પારેખના સાસુજી. પ્રાર્થના સભા અને લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

મહુવાવાળા સ્વ મંગળાબેન નવલકિશોર દોશીના પુત્ર ભરતભાઈ (ઉં. વ. ૭૫) ૭મી ને ગુરુવારે શ્રીજીચરણ પામ્યા છે. તે પૂર્ણિમાબેનના પતિ. રાધિકા સૌમિલ ખાંડવાલા, ગોપીકા દર્પન ખાડવાલાના પિતા. સ્વ. જશવંતરાય, રમેશ, મહેશ, શૈલેષ, સ્વ.પ્રમિલાબેન ઈશ્વરદાસ ગોરડિયા, સ્વ.જ્યોતીબેન માણેકલાલ પારેખ, રંજનબેન હરીશભાઈ ગાંધીના ભાઈ. સ્વ.વલ્લભદાસ ધનજી ભુતાના જમાઈ. લૌકિક પ્રથા બંધ છે.

**અનાવિલ બ્રાહ્મણ**

પાર્લા નિવાસી શ્રીમતી દર્શનાબેન (દુર્ગાબેન) જયંતિલાલ દેસાઈ પિયરઃ ગણદેવી, સાસરુઃ સુલતાનપુર (ઉં. વ. ૮૨) તે બીના, અનિષા અને દેવેનના માતાશ્રી. સમીરભાઈ, આશિષભાઈ તથા દર્શિનીના સાસુજી તથા પ્રાચી, મિલોની અને નીલના નાની/દાદી. તા.૮-૧૧-૨૪ના દેવલોક પામ્યા છે. લૌકિક રિવાજ બંધ છે.

# પારસી મરણ

રોશન રુસી બતીવાલા તે મરહુમ રુસીના ધન્યાની. તે મરહુમો ગુલબાનું પેસતનજી દારૂવાલાના દીકરી. તે ફ્રેની નરીમાન તવરીયાના બહેન. તે જેસમીન, પોવરસ, કોહીનાના માસી. તે મરહુમો દીનામાય નરીમાન બતીવાલાના વહુ. નરીમાન, બુરઝીન ને દાનેશ માતા માસી, ને શેરનાઝ ભેસાનીયા ને મરહુમ થ્રીતી પતેલના માસી. (ઉં. વ. ૯૨) રે.ઠે. ૬૬૫, લેડી જહાંગીર રોડ, ફાઈવ ગાર્ડન આગળ, પારસી કોલોની, દાદર (ઈ), મુંબઈ ૪૦૦૦૧૪. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૯-૧૧-૨૪ને દિને બપોરે ૩.૪૦ વાગે ઓલબલેસ બંગલીમાં ડુંગરવાડી પર.

હોમી કેખશરુ દસ્તુર તે થ્રીસાના ધની. તે મરહુમો મની કેખશરુ દસ્તુરના દીકરા. તે આબાન, સરોશ તથા મરહુમ ગુલના ભાઈ. તે વોહુમન, ઝીનોબીયાના મામા. (ઉં. વ. ૮૨) રે.ઠે. ૮૧૧, જામે જમશેદ બિલ્ડીંગ, જામે જમશેદ રોડ, રૂમ નં. ૩૦, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, ખોદાદાદ સર્કલ બ્રાન્ચ, દાદર (ઈ), મુંબઈ ૪૦૦૦૧૪. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૯-૧૧-૨૪ને દિને બપોરે ૩.૪૦ વાગે અંધેરી પતેલ અગ્યારીમાં છે જી.

મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

# વીક એન્ડ

## ક્લોઝ અપ

ભરત ઘેલાણી
feedback@bombaysamachar.com



# ઓળખી લો,
# આવા છે આ વિક્રમવીર ડોનલ્ડ
# ‘ધ તોફાની’ ટ્રમ્પ....!

***‘કભી કભી કુછ જીતને કે લિયે કુછ હારના પડતા હૈ...ઔર હાર કે ભી જીતનેવાલે કો બાજીગર કહેતે હૈ...!’ આપણા શાહરુખ ખાનનો આ યાદગાર ડાયલોગ અજાણતા જ અમેરિકાના ડોનલ્ડ ટ્રમ્પે જાણે આત્મસાત્ કરી લીધો હોય તેમ અગાઉ હારીને પણ અનેકવિધ વિવાદ સાથે ઐતિહાસિક જીત મેળવીને આજે એ ફરી બીજી વાર અમેરિકાના પ્રેસિડન્ટ બની ગયા છે...!***

**યુક્રેન-રશિયા** ઉપરાંત ઈઝરાયલ -ઈરાન વચ્ચે સતત યુદ્ધ ચાલી રહ્યું છે અને આ બધા વચ્ચે હમણાં અમેરિકામાં પણ ખેલાઈ ગયું એક મિની યુદ્ધ, જેણે દુનિયાના શ્વાસ અધ્ધર કરી દીધા હતા. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ પદ માટેના એ જંગમાં મારફાડ કરતાં ડોનલ્ડ ટ્રમ્પ ધરાર બેસી ગયા ત્યાંના રાષ્ટ્રપ્રમુખની ગાદીએ... એ સાથે કમલા હેરિસ વિરુદ્ધ રસાકસીભર્યો ચૂંટણીજંગ જીતનારા ટ્રમ્પના નામે અનેક જાત-ભાતના રેકોર્ડ્સ ને વિવાદ પણ નોંધાઈ ગયા છે, જેમકે..અમેરિકાની ચૂંટણીમાં એક વાર જીતીને -બીજી વાર હારીને ફરી સત્તા પર પરત થનારા ડોનલ્ડ ટ્રમ્પ પ્રથમ રિપબ્લિકન પ્રમુખ છે..

આ અગાઉ છેક ૧૮૯૨માં આવું બન્યું હતું. ત્યારે ડેમોક્રેટિક પાર્ટીના ગ્રોવર ક્લેવલેન્ડ રાષ્ટ્રપ્રમુખ બન્યા પછી બીજી ટર્મમાં હાર્યા ને ફરી વાર જીતીને પ્રેસિડન્ટ બન્યા.

ટ્રમ્પ વિશે જાણવા જેવો મજાનો યોગાનુયોગ એ છે કે બન્ને વાર રાષ્ટ્રપ્રમુખના પદ માટે લડનારી મહિલા ( હિલેરી ક્લિન્ટન - કમલા હેરિસ)ને એ પરાજિત કરીને પ્રેસિડન્ટ બન્યા છે.

ઉદ્ધત-મિજાજી અને ‘બેડ બોય’ તરીકે બદનામ એવા આ ટ્રમ્પ સામે અનેક કોર્ટ કેસ ચાલી રહ્યા છે. એક કેસમાં એ દોષી ઠર્યા છે-ત્રણથી વધુમાં તો એ મુખ્ય આરોપી પણ છે. એક કેસ તો એવો છે, જેમાં એક પોર્નસ્ટાર સાથે સમય ગાળવાની ‘ફી’ ચૂકવી હતી એને એ પેમેન્ટ માટે એમણે કેટલા હિસાબી ગોટાળા પણ કર્યા હતા!

આમ છતાં, અમેરિકાના કાયદા નિષ્ણાતો કહે છે કે ટ્રમ્પ હવે રાષ્ટ્રપ્રમુખ બન્યા છે એટલે કદાચ એમની વિરુદ્ધના કેસ નબળા પડે અથવા જો સજા થાય તો એનો અમલ એમનો કાર્યકાળ સમાપ્ત થયા પછી થઈ શકે. એવું પણ થઈ શકે કે સત્તાની લોન્ડ્રીમાં એમનાં બધાં પાપ ધોવાઈ પણ જાય!

૭૮ વર્ષી ટ્રમ્પ અમેરિકાના સૌથી વયોવૃદ્ધ એવા રાષ્ટ્રપ્રમુખ બનશે, જેમની પર સત્તા પર હતા ત્યારે એમણે બે વાર ઈમ્પિચમેન્ટ -મહાભિયોગનો સામનો કરવો પડ્યો અને હમણાં ચૂંટણીપ્રચાર દરમિયાન બે વાર ખૂની હુમલા પણ થયા છે.

હજુ એક મજાની વાત તો ડોનાલ્ડ ટ્રમ્પનાં પત્ની મેલાનિયા વિશે છે. ત્રીજી વારની આ પત્ની મેલેનિયાને આ બીજી વાર ‘ફર્સ્ટ લેડી ઓફ અમેરિકા’ બનવાનું બહુમાન મળશે!

આવા અવનવા વિક્રમ અને અનેક જાતના વાદ-વિવાદના અવરોધો હોવા છતાં સો વાતની એક વાત એ કે આવા તોફાની ટ્રમ્પ ફરી એક વાર વિશ્વની મહાસત્તાના સર્વોચ્ચ સ્થાને બિરાજીને આગામી ચાર વર્ષ સુધી ઠાઠમાઠથી રાજ કરશે ને પોતાના મનસ્વી સ્વભાવથી જગત આખાને ઉજાગરા પણ કરાવશે..!

### કેટલામાં પડશે અમેરિકાને આ નવા રાષ્ટ્રપ્રમુખ?

વેલ, આપણા વિધાનસભ્યો કે સાંસદના જે રીતે સમયાંતરે પગાર-ભથ્થા-સુવિધા વધે છે એવું અમેરિકામાં નથી. અમેરિકન પ્રેસિડેન્ટની સેલેરી કે વેતનમાં છેલ્લાં બે દાયકામાં કોઈ ખાસ વધારો થયો નથી,પણ એમનું વેતન અને અન્ય સુવિધા, ઈત્યાદિ ખરા અર્થમાં આપણા રાષ્ટ્રપતિ - વડા પ્રધાનની સરખામણીએ અજાયબીથી આંખ પહોળી થઈ જાય એવી તગડી હોય છે.

અમેરિકાના પ્રેસિડન્ટને દર વર્ષે ચાર લાખ ડૉલર સેલેરી પેટે મળે છે. આપણા ૩.૩૬ કરોડ રૂપિયા વેતનની સાથે એમને વાર્ષિક ૫૦ હજાર ડૉલર (આશરે ૪૨ લાખ રૂપિયા) સત્તાવાર કામ માટે મળે છે. આ બધા ઉપરાંત એમની સુરક્ષા-હેલ્થ- મનોરંજન, વગેરે ખર્ચ માટે ખાસ્સી એવી અલગ રકમ પણ ફાળવવામાં આવે છે. દેશ -વિદેશના પ્રવાસ માટે દુનિયાનું સૌથી સુરક્ષિત વિમાન એરફોર્સ ‘વન’ની સેવા પણ હાજરાહજૂર હોય છે. ત્યાંના રાષ્ટ્ર પ્રમુખની સેલેરીની રકમ ભૂલી જાવ તો પણ એમને -એમના પરિવારને મળતી સુવિધાનો ખર્ચ પણ લાખો ડૉલરનો છે...

### આ ‘પોટસ’ - ‘ફ્લોટસ’ ને ડોટ્સ’ વળી શું છે ?

કુદરત હોય કે માનવ, જીવનમાં એક જ વાત-વસ્તુ પર્માનેન્ટ એટલે કે સ્થાઈ છે અને એ છે પરિવર્તન. સતત થતો બદલાવ એ જ જીવનનું સનાતન સત્ય છે. બદલાતા- પલટાતા જીવનમાં નવી વાત જાણવા-શીખવા મળે એની સાથે નવાં નવાં શબ્દ પણ આપણી રોજિંદી ભાષામાં ઉમેરાય જતાં હોય છે.

કપરા કોરોનાકાળમાં અનેક નવા શબ્દ આપણી રોજિંદી ભાષામાં ધરાર ઘૂસી ગયા, જેમકે વાઈરસ- માસ્ક- ક્વોરન્ટાઈન- વેક્સિન-સોશિયલ ડિસ્ટન્સિંગ, ઈત્યાદિ અને એના પગલે આપણને જાણવા મળ્યા ડિજિટલ-ઓનલાઈન ટ્રાન્ઝેક્શન - ક્રિપ્ટો કરન્સી જેવાં વર્ચ્યુલ-આભાસી મની અને એના પગલે આપણને આજે સાંભળવાં-વાંચવાં મળે છે-સાયબર ફ્રોડ અને ડિજિટલ એરેસ્ટ!

આજકાલ સૌથી વધુ ચર્ચામાં છે એવા અમેરિકન ‘ડોન’ અર્થાત ડોનાલ્ડ ટ્રમ્પ. હવે બીજી વાર એમની મહિલા પ્રતિસ્પર્ધીને પરાજિત કરીને સત્તાવાર ‘સત્તા’ મેળવીને ટૂંક સમયમાં અમેરિકાના પ્રેસિડન્ટ બની જશે અને ફરી એક વાર અમુક શબ્દો કાને પડવા શરુ થઈ જશે, જેમકે

POTUS - FLOUTS - DOTS

આ ટૂંકાક્ષરના અર્થ સમજીએ : POTS એટલે

પ્રેસિડન્ટ ઓફ ધ યુનાઈટેડ '.. FLOUTS એટલે

ફર્સ્ટ લેડી ઓફ ધ યુનાઈટેડ સ્ટેટ્સ’

આમ તો આવા ટૂંકાક્ષરી શબ્દોની શરૂઆત અમેરિકામાં છેક ૧૮૮૩થી થઈ હતી ત્યાંની સિક્રેટ સર્વિસને લીધે. એ લોકો આ શબ્દ કોડવર્ડ તરીકે વાપરતા હતા, પણ પછીથી એ વધુ પ્રચલિત થયા હોલીવૂડની ફિલ્મ્સને લીધે.

છેલ્લાં ચાર વર્ષથી એક નવો શબ્દ પણ ઉમેરાયો હતો. એ હતો LOTUS. આ ‘લોટ્સ’ એટલે આપણી ભાષામાં ‘કમળ’ ને એ ‘કમળ’ શબ્દ ઉમેરાયો હતો અત્યાર સુધી ત્યાંના વાઈસ પ્રેસિડન્ટ રહ્યાં એવાં મૂળ ભારતીય વંશજ ગણાતા કમલા હેરિસના કારણે. હવે તો એ શબ્દ ત્યાં જલ્દી વિસરાઈ જશે, કારણ કે પ્રમુખપદની ચૂંટણીમાં કમલા હેરિસ હારી ગયાં છે

આવો જ એક બીજો શબ્દ છે DOTUS એટલે કે ‘ડોગ્સ ઓફ યુનાઈટેડ સ્ટેટ્સ’ ! હાલના પ્રેસિડન્ટ જો બાઈડનના બે શ્વાન ‘ચેમ્પ’ અને ‘મેજર’ એમની સાથે વ્હાઈટ હાઉસમાં રહે છે અને એ બન્ને બહુ ભારાડી છે. અત્યાર સુધીમાં આ બન્ને વ્હાઈટ હાઉસના સુરક્ષા કર્મચારીઓને ૧૪ વાર કરડી ચૂક્યા છે ! જોકે, બાઈડનની સાથે એ બન્ને પણ ત્યાંથી વિદાય થઈ જશે અને એ સાથે DOTUS શબ્દ પણ ભૂલાઈ જશે... કારણ કે હવે બ્રેકિંગ ન્યૂઝ એ છે કે નવા પ્રેસિડન્ટ ટ્રમ્પને કૂતરાં -બિલાડાં દીઠે નથી ગમતાં એટલે અગાઉની જેમ આ ચાર પગવાળાઓને પણ હવેથી વ્હાઈટ હાઉસમાં ‘નો એન્ટ્રી ’! ■

## મસ્તરામની મસ્તી

મિલન ત્રિવેદી
feedback@bombaysamachar.com

# એન્ડ અવૉર્ડ ગો...ઝ ટુ...!

આ કોઈ ફિલ્મફેર અવૉર્ડ નથી કે પદ્મશ્રી- પદ્મવિભૂષણ એનાયાત કરવાનો કોઈ ઉપક્રમ નથી. આ વખતની દિવાળીએ કે જે લોકોના ઘરે સાલ મુબારક કરવા ગયા તેમાં નાસ્તાની ક્વોલિટી, ક્વોન્ટીટી, શુભેચ્છા સંદેશ,... વિગેરે મેગા ઇવેન્ટના એવોર્ડ જાહેર કરવાની વિધિ છે.

પહેલાના જમાનામાં તો ઘરના બહેનો સાથે મળી અને ઘારી -ફરસી પૂરી ને જુદી જુદી મીઠાઈઓ મઠિયા વિગેરે જાતે જ બનાવતા અને બનાવતા પાંચ દિવસ થાય ને ખાલી કરતાં દિવાળી અને બેસતું વર્ષ બે જ દિવસ થાય. અત્યારે બહારથી લાવેલી મીઠાઈ અમુક મહેમાનો થાળીમાં હાથ નાખે ત્યારે એમ થાય કે એક કટકો લઇ અને અટકી જાય તો સારું. ₹૫૦થી લઈ અને સો રૂપિયાનો કટકો દિલમાં મોટો ખટકો બની અને તકલીફ આપે. અમુક મહેમાન ઘાઘરી બંધ અને પાઘડી બંધ આવે એટલે કે ત્રણે ત્રણ પેઢી એક સાથે હોય. શુભેચ્છા આપવા નહીં, પરંતુ નાસ્તાની ડિશ પર ધાડ પાડવા આવ્યા હોય તેવું લાગે. અમુક કુટુંબે તો સાથે બેસી નક્કી પણ કરી રાખ્યું હોય કે કોના ઘરે જઈશું તો શું મળશે તેને માટે છેલ્લી પાંચ દિવાળીનો સર્વે લખીને રાખ્યો હોય. સુલોચનાબહેનના ઘરે જઈશું તો ત્યાં માત્ર ઘારી અને મઠિયા જ ખાવાના, મંદાબહેને ના ઘરે રાતડા અને પ્રભાવતીબહેનના ઘરે ગળ્યા ઘુઘરા, જેવી જેની હથોટી. જોકે, હવે અવૉર્ડ આપવામાં પણ ધ્યાન રાખવું પડે તેવું છે, કારણ કે ખાનગીમાં દરેકના પતિને પૂછી લેવું પડે કે કોણે બનાવ્યું છે? અવૉર્ડ આપનાર સમિતિનો આ વર્ષનો સર્વે એવો છે કે મોટાભાગના પતિદેવો મેદાનમાં આવ્યા હતા એટલે કે આવવું પડ્યું હતું એટલે કે માત્ર એમણે જ બનાવ્યું હતું એટલે કે ફરજિયાત બનાવવું પડ્યું હતું....

અમુક લોકોએ બારોબાર દુકાનમાંથી મંગાવી લીધું હતું. જે ઘરમાં આગ્રહ કરી કરી અને સામેથી ખવડાવે તો સમજી લેજો કે ઘરે બનાવેલું છે, પરંતુ ‘એક ઘારી આપું.. એક ઘૂઘરો આપું’ એવું પૂછી પૂછી તમને કેટલું ખાધું તેનો અહેસાસ કરાવે તો સમજી લેવું કે મોંઘા ભાવનું બહારથી મંગાવેલું છે અને તમને તે ખાવા માટે યોગ્ય ગણતા નથી.

મારો અનુભવ છે કે બેસતા વર્ષ સુધીમાં દિવાળીની શુભકામનાઓ રૂબરૂ પતાવી લેવી અને નાસ્તા- પાણી ઉપર ધોંસ બોલાવી લેવી. લાભ પાંચમની આસપાસ નાસ્તો કરવા જાવ તો આગ્રહ કરી કરી અને લાલ લીલી ચટણી ઉમેરી ભેળ ખવડાવશે. સીબીઆઇના રિપોર્ટ મુજબ જાણવા મળ્યું છે કે લાભ પાંચમ પહેલાંના અઠવાડિયા દરમિયાન મહેમાનોએ ખાતા બચેલો અડધો ઘૂઘરો કે અડધી ફરસી પૂરી કે સેવ- ગાંઠિયા બધું જ મિક્સ કરી અને એક ડબ્બામાં ભરી રાખવામાં આવે છે પછી મહેમાનોને ભેળ તરીકે પ્રેમથી પીરસવામાં આવે છે

એટલે આ વર્ષે બેસ્ટ આઈટમ કોણ બનાવે છે તેનો અવૉર્ડ આપવાનું કેન્સલ કરવામાં આવ્યું છે.



રંગોળી અવૉર્ડ પણ અવૉર્ડ સમિતિને ખૂબ તકલીફ પડી. જુદી જુદી ડિઝાઈનવાળા કાગળિયા બજારમાં મળે છે સીધા ગોઠવી દઈ તેની માથે કલર ઢોળી કાગળ ઉપાડી લેવામાં આવે એટલે નીચે ડિઝાઇન તૈયાર. પહેલાના જમાનામાં તો રાતના જમી- ખાઈ- પી અને કુટુંબ આખું સાથે બેસતું અને જુદા જુદા ચિરોડીના કલર દ્વારા પરિવાર સાથે મળી અને રંગોળી બનાવતું. જેને ડ્રોઈંગ સારું આવડે તે પહેલા ડ્રોઈંગ કરે. નાના છોકરાઓએ અઠવાડિયા અગાઉ શાળામાંથી શિક્ષકને ખબર ન પડે તે રીતે સરકાવેલા ચોકથી આંગણામાં ચિત્રકામ થાય.

ત્યાર પછી ઘરના બહેનો ચપટી દ્વારા રંગોળીમાં કલર પૂરતા જાય. મધુકાન્તાબહેનના ભાગે મોટી ડિઝાઇન જ આવતી, કારણ કે આપણી મુઠ્ઠી જેવડી એમની ચપટી રહેતી. વડીલો કચકચ ન કરે એટલા માટે હવેની ફેશનેબલ વહુ કાણાવાળા કાગળિયની ડિઝાઇન લાવી સિંગલ કલર રંગોળી બનાવે છે. અમુક તો એટલી પણ તસ્દી નથી લેતી - સીધા દરવાજાની વચ્ચોવચ વેલકમના સ્ટિકર લગાવી દે છે.

સોસાયટીમાં દરેક ઘરે રંગોળી થતી હોય ત્યારે રાત્રે જાગતા જુવાનિયાઓ રંગોળી કરતા કરતા જ એકબીજાના પ્રેમમાં પડ્યા હોય, લગ્ન પણ થઈ જાય અને બે ઘર વચ્ચેની દીવાલ તૂટી અને મોટું ફળિયું થતું મેં જોયું છે. અત્યારે તમે જ કહો આવી રંગોળીનો અવૉર્ડ કોને આપવો?

શુભેચ્છાના શબ્દો દિવાળીના સમયમાં ખૂબ અગત્યના હોય છે, પરંતુ હવે પત્ર વ્યવહાર કે દિવાળી કાર્ડનો જમાનો ક્યારનો વિસરાઈ ગયો. મોબાઇલમાં આવેલા મેસેજને ફોરવર્ડ કરી કરી અને લોકો એકબીજાને રૂબરૂ મળ્યા તુલ્ય શુભેચ્છા સંદેશ આપવા માંડે છે. વર્ષોથી અમુક મેસેજ ફરતા જ રહે છે, જેમકે સુખનું તોરણ ઝૂલતું રહે....’ . અરે ભાઈ, તું અમારા જીવનમાં દખલગીરી નહીં કરે, ઉછીના લીધા છે તે પાછા આપી દઈશ, ભવિષ્યમાં ઉછીના નહીં માંગ તો આ શુભકામનાઓની જરૂર નથી...અમારે ત્યાં આપમેળે સુખનું તોરણ ઝૂલતું જ રહેશે..! .

ઘણા તો દિવાળીના અઠવાડિયા પહેલા મંગળ ઉપર પાણી શોધ્યું હોય અને વૈજ્ઞાનિકો જેટલા ખુશ થાય તેમ દિવાળી અને બેસતા વર્ષનો મેસેજ ચીપકાવી લખે કે ‘સૌથી પહેલા મેં તમને શુભેચ્છા આપી! ’

એવા બધા ઉત્સાહી શુભેચ્છકોને કહેવાની ઈચ્છા થાય કે ભઈ, દસેક દિવસ પછી મોકલી હોત તો સારું હતું... બોણીમાં તારી શુભકામના આવનારા દિવસો કેવા દેખાડશે તે નક્કી નહીં... ! ’

પગે લાગવાનો રિવાજ તો જાણે ભુલાય જ ગયો છે.... જોકે ભેટવાનો રિવાજ વધી ગયો છે, પરંતુ જે ચરણ સ્પર્શ કરી શકે તેને અચૂક અવૉર્ડ મળવો જોઈએ.

આ દિવાળીએ આમ તો મેં ઘણા અવૉર્ડ જાહેર કર્યા, પરંતુ સાથે સાથે અત્યારે જે દિવાળીના સેલ ચાલતા હોય કે એ પછી પણ ચાલવાના હોય તેમાં શરતોને ‘આધીન’ની ફૂદડી હોય તેવી ફૂદડી પણ મેં રાખી, જેથી કોઈ પણ અવૉર્ડ ન આપવાનો અવૉર્ડ મને મળવો જોઈએ! ■

### વિચારવાયુઃ

***આપણા ક્રિકેટ બોર્ડે એ વિચારવા જેવું છે કે મોટી સાઈઝના રોકેટ બનાવી ભારતીય ક્રિકેટ ટીમના અમુક ક્રિકેટરોને દેવદિવાળીએ રોકેટ સાથે બાંધી અજ્ઞાત જગ્યાએ રવાના કરી દેવા જોઈએ, જેથી નવાની જગ્યા થાય !***

## અરાઉન્ડ ધ વર્લ્ડ

પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@bombaysamachar.com

# કેરેરાઃ ઘેટાં ને ગાયોના ટાપુની પરિક્રમા...





જ્યાં સુધી સ્કોટલેન્ડ પહોંચ્યાં ત્યાં સુધી મેં માત્ર એડિનબરા ફ્રિન્જનું રિસર્ચ કરેલું. કુમારે ટ્રિપની શરૂઆતમાં આરગાયલ રિજનનું બુકિંગ કર્યું ત્યારે કલ્પના ન હતી કે ત્યાં આ સ્તરનું સૌંદર્ય જોવા મળશે. પ્લાનમાં એક આખો દિવસ બેન નેવિસની ટોચ પર પહોંચવાનું તો હતું જ. જોકે જે બે દિવસ દરમ્યાન બેન નેવિસનો ઓપ્શન ઓપન હતો, એ બંને દિવસ ત્યાં વરસાદ હતો. વરસાદમાં પહાડ ચઢવાનું જોખમ તો લેવા જેવું ન હતું. બેન નેવિસ ભલભલા પ્રવાસીઓ અને હાઇકર્સનાં બકેટ લિસ્ટ પર હોય છે. તે ટ્રિપમાં અમે તે ઇચ્છા પૂરી કરવાનાં હતાં. જોકે અંતે બન્યું એવું કે અમારે હજી કમસેકમ એક વાર તો સ્કોટલેન્ડ ફરી બેન નેવિસ માટે આવવું જ રહ્યું. હજી એક વાર તો માત્ર આયલ ઓફ સ્કાયમાં જ રહેવાની ઇચ્છા છે. ક્યારેક ફારો ટાપુઓ તરફ ફેરી લઈને નીકળી પડવું છે. સ્કોટલેન્ડ જાણે અનંત વેકેશનોની શક્યતાઓથી ભરેલું છે. એવામાં બેન નેવિસની કમી પૂરી કરવા માટે અમે લોકલ પેપરના ટૂરિસ્ટ લિસ્ટ પર કેરેરા ટાપુના સૂચન પર પહોંચ્યાં.

કેરેરા પહોંચવા માટે ઓબાનની બહારથી ફેરી લેવાની હતી. ફેરી માટે પહેલેથી જ ઓનલાઇન બુકિંગ કરવા માટે એપ્પ તો હતી, પણ કોઈ કારણસર બંનેના ફોન પર કામ નહોતી કરતી. અમે એકવાર ત્યાં પહોંચીને જોઈ લઈશું એમ નીકળી પડ્યાં. ત્યાં નાનકડી સ્ટ્રિપ પાસે ફેરી સ્ટેશન હતું. ત્યાં ટિકિટ ખરીદવાની કોઈ વ્યવસ્થા ન હતી. ટૂંકમાં તે દિવસે ફેરી ટિકિટ માત્ર ઓનલાઇન ખરીદવાનું જ શક્ય હતું. ફેરી માટે લાઇન લાગી હતી. ફેરીમાં એક સાથે દસથી વધુ લોકો આવે તેમ શક્ય ન હતું. ટચૂકડી ઓરેન્જ બોટમાં ઊભાં રહીને જવાનું હતું અને ફેરીન કન્ડક્ટર પાસે અમે અમારો એપ્પ પર ટિકિટનો પ્રશ્ન લઈને ગયાં. તેણે તરત જ જોઈને કહ્યું કે થોડાં ફોન મોડલ્સમાં એપ્પનું ટિકિટ ખરીદવાનું બટન છુપાઈ જાય છે, પણ ફોનને હોરિઝોન્ટલ કરીને પકડતાં જ બટન સાથે ટિકિટ ખરીદી શકાશે. અમે પણ એમ જ કર્યું. એકદમ રૂ જેવા વાળ અને લાંબી દાઢીવાળો આ કન્ડક્ટર શોખથી કામ કરતો હતો. તે પછી તેણે લાંબી વાર્તા સાથે સમજાવ્યું કે આ એપ્પ પર ટિકિટનો પ્રશ્ન લાંબા સમયથી હતો. એક દિવસ ફેરીમાં કોઈ ઇન્ડિયન પ્રોગ્રામરે તેને આ પ્રોબ્લેમનું સોલ્યુશન બતાવેલું. ત્યારથી એ જ્યારે પણ કોઈ તેને ટિકિટ માટે પૂછે ત્યારે આખી વાર્તા કરે છે.

ટિકિટના ચક્કરમાં અમે સામે કેરેરા પહોંચી પણ ગયાં અને રાઇડના વ્યુ માણવાનો મેળ ન પડ્યો. ત્યાં ફેરીની બહાર પગ મૂકતાની સાથે જ બકરીઓના શીટમાં પગ પડતાં પડતાં રહી ગયો. તે પછી બાકીનો દિવસ સતત ઘેટાં, બકરીઓની લીંડીઓ અને ગાયોના પોદળાથી બચીને કોરી જગ્યામાં પગ મૂકવામાં વિત્યો હતો. ફેરી ડોક થઈ, અમે બહાર નીકળ્યાં અને સામે પહેલું એક લાલ પબ્લિક ફોન બૂથ દેખાયું. ત્યાં પોસ્ટકાર્ડ અને સુવિનિયર વેચાતાં હતાં. અહીં હાઇક માટે બે સર્કિટ હતી. એક અડધી અને બીજી આખી પરિક્રમા. અમે આખું ચક્કર મારવા તૈયાર હતાં. તેમાં અગિયારથી બાર કિલોમીટર ચાલવાનું હતું. વચ્ચે કોઈ ડીટૂર લઈએ તે અલગ. પહેલેથી એ વિચારવાને બદલે આ ટચૂકડા ટાપુ પર તડકામાં ચમકતાં ઘેટાં પર ધ્યાન કેન્દ્રિત કર્યું. બધાં શાંતિથી પોતાની મસ્તીમાં ઘાસ ચાવતાં બેઠાં હતાં. જે તરફ જુઓ કાં તો ઘેટા, ઢોળાવો, મેઇનલેન્ડના વ્યુ અને વૃક્ષો નજરે પડતાં હતાં. થોડે સુધી પાકો રસ્તો ચાલ્યો. થોડી વારમાં કાચા રસ્તા પર ઢાળ ચઢવામાં વાતો સાથે એક અનોખી શાંતિ અનુભવી શકાતી હતી.

અડધી સર્કિટમાં એક નાનકડું કાફે આવ્યું. તે પહેલાં એક ઝાડના થડ પર ટી-પાર્ટીનું બોર્ડ લગાવેલું હતું. બીજી તરફ એક નાનકડું બોર્ડ એ પણ જણાવતું હતું કે પહેલો ટ્રાન્સ એટલાન્ટિક કેબલ ત્યાંથી પસાર થાય છે. ધીમે ધીમે કાફે અને કિલ્લા સુધી પહોંચતાં પહેલાં અમે જ્યાં પણ બેન્ચ કે રસપ્રદ વ્યુ દેખાયાં ત્યાં રોકાઈ જતાં. સવારનાં નીકળેલાં, દસ વાગ્યાંની ફેરી લીધી હતી, બપોરના સાડા બાર સુધીમાં અમે અડધો ટાપુ કવર કરી લીધો હતો. આ ટાપુ પર ૪૪૦ મિલિયન વર્ષો પહેલાંનાં ફોસિલ મળી આવ્યાં છે. ભૌગોલિક રીતે આ ટાપુ મેઇનલેન્ડ સ્કોટલેન્ડ કરતાં પણ વધુ પૌરાણિક છે. હજાર વર્ષ પહેલાં આ ટાપુ અને આસપાસના બીજા ટાપુઓ પર વાઇકિંગ્સનો કબજો હતો. જોકે આજે ત્યાં વાઇકિંગનો કોઈ વારસો બચ્યો હોય તેવું લાગતું નહોતું.

તે દિવસે બપોર સુધી એવો તડકો હતો કે ટાપુના કહેવાતા મરીનાની બધી બોટ્સ બહાર નીકળી ચૂકી હતી.બીજી તરફ ફેરી દર અડધો કલાકે નવાં લોકો લાવતી હતી. એટલે અમારી સાથે આવેલાં બાકીનાં આઠ મુલાકાતીઓ ઉપરાંત હવે બીજાં પંદર-વીસ લોકો પહોંચી ગયેલાં. ઘણાં અમારા કરતાં ફાસ્ટ ચાલીને ક્યાંય આગળ નીકળી ગયેલાં. ટાપુ પર પોતાની કોઈ લાઇફ હોય તેવું લાગ્યું નહીં. અહીં રહેનારાં બોટથી કામ ચલાવી લેતાં હશે. વચ્ચે વચ્ચે ક્યાંક ઘરો દેખાઈ જતાં હતાં. જો કે આખી મોટી કોમ્યુનિટી બનાવી શકાય એટલાં નહીં.

જ્યારે પણ આવી દુનિયાથી સાવ અલગ ખૂણામાં જાતે જ નેટવર્ક બંધ રાખીને આકાશ, ધરતી, દરિયા અને કુદરતનો જ વિચાર બાકી રહે ત્યારે તે ટ્રિપ ખરેખર વર્થ લાગવા માંડે. અહીં જરૂરથી વધુ ફોટા પાડ્યે રાખવાનું પણ નહોતું બન્યું. ટાપુ પર વાહનો તો હતાં. ઘણાં સાઇકલિસ્ટ, ક્વોડ ડ્રાઇવરો અને ખેડૂતોનાં વાહનોનાં ટાયર માર્ક તો દેખાતાં હતાં પણ એક નાનો સ્ટ્રેચ બાદ કરતાં ક્યાંય પાકો રસ્તો ન હતો.

હજી કાફે અને કિલ્લો આવે તે પહેલાં કિલ્લાના રસ્તે લોકોની સંખ્યા અચાનક જ વધી ગઈ. જાણે સવારથી ફેરી પર આવેલાં બધાં માણસો અહીં ભેગાં થઈને અટકી ગયા હોય તેવું લાગતું હતું. માણસો વધી જતાં જાણે ઘેટા ગાયબ ગયેલાં. કિલ્લા માટે એક ટેકરીથી બીજી ટેકરી જવાનું હતું. અમે કૂચ આગળ ચાલુ રાખી. ■

ભાત ભાત કે લોગ

જવલંત નાયક
feedback@bombaysamachar.com

# બાઈડન દાદા નોકરીમાંથી ભલે રિટાયર્ડ થયા, પણ...

લાંબા સમયથી સમગ્ર વિશ્વમાં ઉત્તેજના પેદા કરનાર અમેરિકન પ્રમુખપદની ચૂંટણીનાં પરિણામો આવી ગયા છે. ડોનાલ્ડ ટ્રમ્પ ફરી એક વાર વિશ્વમાં સૌથી શક્તિશાળી સત્તા ગણાતી અમેરિકન પ્રેસિડેન્ટની ચેર પર બિરાજવા તત્પર છે- તૈયાર છે. ટ્રમ્પ વિશે મીડિયામાં ઝાઝું લખાશે, પણ રિટાયર થનાર પ્રેસિડેન્ટનું શું? સર્વોચ્ચ સત્તાસ્થાનેથી નીચે ઉતર્યા બાદ વ્યક્તિનું જીવન કેવું હોય છે?

૨૮ સપ્ટેમ્બરના લેખમાં આપણે 'ધ ફોર્મર પ્રેસિડેન્ટ એક્ટ' વિશે વાત કરેલી. આ એક્ટ હેઠળ અમેરિકાના પ્રમુખપદેથી નિવૃત થનાર વ્યક્તિને તરત જ તગડું પેન્શન બાંધી આપવામાં આવે છે. આ પેન્શનને ખરા અર્થમાં 'તગડું' રાખવા પાછળનો હેતુ છે ઓફિસ ઓફ ધી અમેરિકન પ્રેસિડેન્ટની ડિગ્નિટીને જાળવી રાખવાનો.

તમને જાણીને નવાઈ લાગશે કે અમેરિકન પ્રેસિડેન્ટના પગારમાં છેલ્લાં બે દાયકા દરમિયાન કોઈ વધારો આપવામાં નથી આવ્યો! દુનિયાની સૌથી શક્તિશાળી ગણાતી ખુરશી પર બેસનાર વ્યક્તિને દર વર્ષે ૪,૦૦,૦૦૦ યુએસ ડોલર્સનો પગાર આપવામાં આવે છે. એ સિવાય હાથખર્ચી માટે ૫૦,૦૦૦ ડોલર્સ વધારાના મળી શકે છે, જ્યારે અંગત ધોરણે હરવા-ફરવા માટે ૧,૦૦,૦૦૦ ડોલર્સ અને મનોરંજન પાછળ ખર્ચવા માટે ૧૯,૦૦૦ ડોલર્સનું વાર્ષિક ભથ્થું મળે છે.

આ હિસાબે જોઈએ તો માત્ર પગાર પેટે પ્રમુખ સાહેબને મહિને આશરે ૩૩,૩૩૩ ડોલર્સ મળે. ભારતીય ચલણની હાલની કિંમત મુજબ ગણીએ, તો પ્રમુખનો માસિક પગાર થયો રોકડા ૨૮,૦૦,૦૦૦ રૂપિયા! એક ન્યૂઝ વેબસાઈટના જણાવ્યાનુસાર ભારતના રાષ્ટ્રપતિને અમેરિકાની સરખામણીએ સાવ ચણા-મમરા ગણાય એવડી - રોકડા પાંચ લાખ રૂપિયાની સેલેરી મળે છે! એની વે, આપણે પગારની નહિ પણ પેન્શનની પંચાત કરવાની છે.રિટાયર્ડ થયા પછી બાઈડેન દાદાને વરસે દહાડે નહિ નહિ તો ય બે લાખ ડોલર્સનું પેન્શન તો મળી જ રહેશે. એ ઉપરાંત, પ્રમુખની ઓફિસ છોડ્યા બાદ પહેલા બે વર્ષ સુધી દોઢ લાખ ડોલર્સ વધારાના મળશે. આ વધારાની રકમ ફાળવવાનો હેતુ એટલો જ છે કે પ્રેસિડેન્ટ નિવૃત્ત થાય પછી એની પ્રતિષ્ઠાને અનુરૂપ અનેક ટ્રાન્સફોર્મેશન્સ કરવા પડે, જેમાં મોટા પાયે ખાતાકીય કામોનો ય સમાવેશ થતો હોય. આ બધાનો નિવેડો લાવવા માટે સ્ટાફની જરૂર પડે. આ બધો ખર્ચ નિભાવવા માટે રિટાયર થયાના બે વર્ષ સુધી દોઢ લાખ ડોલર્સ ફાળવવામાં આવે છે. એ પછી આ ફાળવણીમાં કાપ મૂકીને માત્ર ૯૬,૦૦૦ ડોલર્સ ફાળવાય છે. આ રકમ રિટાયર્ડ પ્રેસિડેન્ટને સ્ટાફનો પગાર સહિતના કેટલાક વહીવટી ખર્ચા નિભાવવા માટે ઉપયોગી સાબિત થાય છે. એ સિવાય અમુક સ્ટાફનો નિભાવ સરકારી ખર્ચે પણ થતો રહે છે.

હવે તમને થશે કે ભાઈ, રિટાયર્ડ માણસે આ સ્ટાફ અને વહીવટ જેવી જફાઓ શા માટે વહોરવી જોઈએ? એક વાર



નિવૃત્તિ લઇ લીધી, પછી હેય ને મોજમાં જ રે'વાનું હોય ને! બીજી બધી નોકરીઓ માટે આ વાત ભલે સાચી હોય, પણ અમેરિકી પ્રમુખપદેથી ઉતર્યા બાદ જીવનમાં સાવ જલસા નથી હોતા. માન -સ્વમાન -ગૌરવ વત્તા દેશહિત જાળવવાની જવાબદારી પણ સતત માથે હોય છે.

મોટા ભાગના નિવૃત્ત અમેરિકન પ્રેસિડેન્ટ દેશના 'બ્રાંડ એમ્બેસેડર' જેવા બની રહે છે. એ વિશ્વભરમાં (સરકારી ખર્ચે) ફરતા રહે છે અને પોતાના નિવેદનો દ્વારા તેમજ પ્રોપોગેંડા પ્રોગ્રામ્સ દ્વારા અમેરિકન નીતિઓનો પ્રચાર કરતા રહે છે. મોટા ભાગના ભોળાજનો એવું માને છે કે અમેરિકાની વિદેશનીતિ અને યુદ્ધનીતિ પ્રેસિડેન્ટ નક્કી કરે છે, પણ હકીકતે એવું હોતું નથી. પ્રમુખ કે સત્તાધારી પક્ષ ભલે બદલાય, પણ દેશની વિદેશનીતિ, સંરક્ષણનીતિ કે યુદ્ધનીતિમાં ભાગ્યે જ કોઈ મોટો ફર્ક પડે છે અને આજ વલણને કારણે અમેરિકા આટલા દાયકાઓથી સુપર પાવર બની રહ્યું છે.

ટ્રમ્પ પણ ગઈ ટર્મમાં પ્રમુખપદેથી નિવૃત્ત થયા બાદ કેટલાક પ્રવાસ કરી ચૂક્યા છે. જો કે વધતી ઉંમર અને શારીરિક મર્યાદાઓ વેઠી રહેલા જૉ બાઈડેન વિશ્વના કેટલા દેશોમાં ફરશે એ કહેવું મુશ્કેલ છે, પણ હા, બેસ્ટ હેલ્થકેરનો લાભ એમને જરૂર મળશે. એ સિવાય સિક્રેટ સર્વિસની સેવાઓ તો ખરી જ. દરેક નિવૃત્ત પ્રેસિડેન્ટને ફરજિયાતપણે સુરક્ષા કવચ પૂરું પાડવામાં આવે છે. આ કવચને કારણે જ ટ્રમ્પ પર હુમલો કરનાર યુવક ઓન ધી સ્પોટ ઠાર મરાયો. ખાસ કરીને જહોન એફ કેનેડીની હત્યા પછી અમેરિકન પ્રેસિડેન્ટની સુરક્ષાના ધોરણો એટલા ઊંચા કરી દેવામાં આવ્યા છે કે કોઈ પણ સાંપ્રત કે નિવૃત્ત અમેરિકી પ્રમુખને હાની પહોંચાડવાનું દુ:સાહસ લગભગ અશક્ય ગણાય. એ ત્યાં સુધી કે નિવૃત્ત પ્રમુખ વોશિંગ્ટન આવે ત્યારે એને કોઈ હોટેલમાં ઉતારો નથી અપાતો. બલકે વિશિષ્ટ રીતે ડિઝાઈન થયેલા ખાસ આવાસ ફાળવવામાં આવે છે, જેમાં અનેક બેડરૂમ્સ સહિતની ફાઈવ સ્ટાર સુવિધા હોય છે. સાથે જ સિક્રેટ સર્વિસના એજન્ટ્સ નિવૃત્ત પ્રમુખની સુરક્ષા માટેનું આખું ઇન્ફ્રાસ્ટ્રક્ચર એ મકાનમાં જ ઊભું કરી શકે એવી ગોઠવણ હોય છે. દરેક જીવિત નિવૃત્ત પ્રમુખને આજીવન આ સુવિધા પ્રાપ્ત થાય છે.

દરેક નિવૃત્ત અમેરિકન પ્રેસિડેન્ટને નિયમિત ધોરણે નેશનલ સિક્યોરિટીને લગતા બ્રિફિંગ્સ પણ આપવામાં

આવે છે. દાખલા તરીકે, બાઈડેન દાદાના કાળમાં યુક્રેન-રશિયા અને ઈરાન-ઈઝરાયેલ યુદ્ધ પૂરબહારમાં ખીલ્યું છે. હવે ટ્રમ્પે ભલે શાંતિ સ્થાપવા માટેની જાહેરાત કરી હોય. કિન્તુ કોઈ પણ મોટો નિર્ણય લેતા પહેલા ટ્રમ્પ સરકારે એ અંગેની માહિતી બાઈડેન દાદાને પણ આપવી પડશે. ધેટ્સ પ્રોટોકોલ. જો નિવૃત્ત પ્રેસિડેન્ટને પોતાના જૂના અનુભવોને આધારે એવું લાગે કે વર્તમાન સરકાર કશુંક કાચું કાપી રહી છે તો એ પોતાનો અભિપ્રાય કે ઇન્ફોર્મેશન શેર કરી શકે છે. જો કે અત્યંત મહત્ત્વની બાબતો સિવાય વર્તમાન રાષ્ટ્રપ્રમુખ કોઈ ભૂતપૂર્વ રાષ્ટ્રપ્રમુખને મહત્ત્વ આપી દે એ રાજકારણમાં ભાગ્યે જ અપેક્ષિત હોય છે. એમાંય વર્તમાન પ્રમુખ અને ભૂતપૂર્વ પ્રમુખ વિરોધી પાર્ટીના હોય (જેમ અત્યારે ટ્રમ્પ અને બાઈડેન છે એમ) તો તો ભૂતપૂર્વ રાષ્ટ્રપતિને અમુક અત્યંત મહત્વની રાષ્ટ્રીય બાબત સિવાય આરામ જ અપાતો હશે.

એક આડવાત, છેલ્લી કેટલીક ચૂંટણીઓ દરમિયાન અમેરિકાનું રાષ્ટ્રપતિપદ ડેમોક્રેટ્સ પક્ષ અને રિપબ્લિક પક્ષ વચ્ચે ચલકચલાણું રમતું રહ્યું છે. જેવો પ્રેસિડેન્ટનો ચહેરો બદલાય કે અમેરિકન પ્રજારૂપી હાથણી સામેવાળી પાર્ટી પર સત્તાનો કળશ ઢોળે. છેલ્લે ૧૯૮૮માં એવું થયેલું કે રિપબ્લિક પાર્ટીના રોનાલ્ડ રિગને વિદાય લીધી એ પછી ફરી એક વાર રિપબ્લિકન પાર્ટીના જ જ્યોર્જ બુશ ચૂંટાઈ આવ્યા. એ પછી જ્યારે પણ પ્રમુખપદનો ચહેરો બદલાયો ત્યારે સત્તા વિરોધી પાર્ટીને ફાળે ગઈ છે. સિક્યારિટી બ્રિફિંગ મામલે બિલ ક્લિન્ટને અપવાદ ઊભો કરેલો. રિટાયર્ડ થયા પછી બિલે સામે ચાલીને જાહેરાત કરેલી કે મને કોઈ સિક્યોરિટી બ્રિફિંગ્સ આપવાની જરૂર નથી. પોતાના રંગીન મિજાજ માટે પ્રખ્યાત થઇ ચૂકેલા બિલભાઈએ પોતાની પત્ની હિલેરી ક્લિન્ટન 'સેક્રેટરી ઓફ સ્ટેટ' હોવાને કારણે સિક્યોરિટી બ્રિફિંગ્સ માટે નનૈયો ભણેલો.

ટ્રમ્પ સરકાર રાષ્ટ્રીય સુરક્ષા જેવા સંવેદનશીલ મુદ્દે બાઈડેન દાદાને પ્રોટોકોલ મુજબ બ્રિફિંગ્સ તો આપશે જ, પણ જોવાનું એ છે કે ઉંમરની અસર હેઠળ પોતાના જ્ઞાનતંતુઓ પરની પકડ ખોઈ રહેલા બાઈડેન દાદા કેવીક સલાહો આપશે! ખેર, બાઈડેન દાદા ભલે નિવૃત થઇ ગયા, પણ નિવૃત્ત અમેરિકન પ્રમુખ તરીકે એમની રિટાયર્ડ લાઈફ બોરિંગ તો નહિ જ હોય,પણ અહીં પ્રશ્ન એ છે કે શરીર કેટલોક સાથ નિભાવશે! ■

શરદ જોશી સ્પીકિંગ

સંજય છેલ
feedback@bombaysamachar.com

# દિવાળી ગઇ, દેવાળું દેતી ગઇ



**તહેવારોમાં** લોકો સારું લગાડવા માટે મીઠી મીઠી શુભેચ્છાઓ દીધે રાખે છે. એક જમાનામાં દિવાળીની શુભેચ્છાઓ દેવા લિસ્સા લિસ્સા ગ્રિટિંગકાર્ડ મોકલી આપતા ને હવે મોબાઇલ પર મેસેજો ઠાલવે રાખે છે કે આપની દિવાળી મંગલમય હો પણ એ લોકોને ખબર નથી કે દિવાળીને 'મંગલમય' બનાવવાના ચક્કરમાં સામાન્ય માણસની હાલત કેવી 'અમંગલ' થઇ જતી હોય છે! કેટકેટલું તેલ બાળીને અને કેટલા ફટાકડાઓ ફોડીને, કરોડો રૂપિયાનો ધુમાડો કરીને આપણો દેશ, દિવાળીને માંડ માંડ મંગલમય બનાવે છે.

તહેવારો આપણી મહાન પરંપરા છે, પણ મોટેભાગમાં બધાંનાં સૂરમાં સૂર પૂરાવા જેવી દેખાદેખીની વાત છે. અંગ્રેજીમાં એક કહેવત છે, 'કીપિંગ અપ વિથ જોન્સેસ', એનો અર્થ એ છે કે પાડોશમાં રહેતું 'જોન્સ પરિવાર' જે રીતે પ્રગતિ કરી રહ્યું છે એની સરખામણી કે બરોબરી કરવામાં આપણે આખું જીવન ઢસરડા કરવામાં વિતાવી નાખીએ છીએ. દિવાળીમાં પણ એવી જ મીઠી મૂંઝવણ છે કે આપણો પાડોશી જે કરી રહ્યો છે, આપણે એટલું જ નહીં પણ એના કરતાં વધારે સારું કંઇક કરવું પડશે. એ લોકો જેટલા ફટાકડાઓ ફોડીને જેટલા અવાજો કરી રહ્યા છે આપણે એના કરતાં ડબલ ફટકડા ફોડીને મોટા આવજો કરી મૂકવાના છે, એ લોકો જેટલા દીવા સળગાવે આપણે એના કરતાં ૪ દીવા વધારે પ્રગટાવવાના છે. દિવાળીના દિવસે આપણી પત્નીઓએ સૌથી મોંઘી સાડી પહેરીને પાડોશીની પત્નીએ જે મોંઘી સાડી પહેરી છે એના કરતાં ૪ ડિગ્રી વધારે સુંદર દેખાવાનું છે. કંપલસરી!

દિવાળી વિચિત્ર સ્પર્ધાનો તહેવાર બની ગયો છે. મોહલ્લામાં જે માણસ પૈસા ખર્ચીને દિવાળીને આ રીતે 'મંગલમય' નથી બનાવતો, લોકો એની નિંદા કરે છે ને અપમાનની નજરે એની સામે હસીને મલકે છે. સ્ત્રીઓ ઘરેણાંથી લદાયેલી છે ને આખો દેશ નવા કપડાં પહેરીને મીઠાઈઓ પેટમાં ઠૂંસી રહ્યો છે. દિવાળીના દિવસે કોઈ પણ આપણી પ્રજાને જોઈને એમ ન કહી શકે કે ભારતીયોમાં પ્રોટીન ને વિટામિનની કમી છે.

આપણાં દિવાળીના ખર્ચાઓનું લિસ્ટ જેમાં-ઘરને કલર કરાવવાથી માંડી નવું ઝાડું કે સોનાનાં દાગીના ખરીદવાના કે ઘેરઘેર મીઠાઈઓ વહેંચવા સુધીનો ખરચો હોય છે. એ જોતાં મને તો નથી લાગતું કે આમને આમ હવે એ સીધાંસાદા પ્રામાણિક માણસનો તહેવાર રહી શકશે. સવારથી રાત સુધી બોમ્બના મોટા ધડાકા સંભળાય છે અને દસ દસ હજારની લૂમ ફોડવામાં આવે છે. આ બધું આગળ જતાં બ્લેક-મની વિના શક્ય જ નથી થાય.

આ બધું જોઇને સ્વયં લક્ષ્મીજી તો મૂંઝવણમાં પડી જ ગયા હશે ને સાથે સાથે આપણે પણ મૂંઝવણમાં છીએ. ગામડાની ખેતીની આસપાસની સંસ્કૃતિનાં જમાનાની વાત અલગ હતી. એ વખતે આખા વર્ષની મુખ્ય ખરીદી દશેરા અને દિવાળી પર જ થતી. હવે તો આખું વર્ષ રોજ જ ઘણી બધી ખરીદી થાય છે. આપણાંમાં એક નવું ને વિશાળ ખરીદી કલ્ચર કે ગ્રાહક સંસ્કૃતિ પેદા થઈ ગઇ છે, જેમાં માણસને સામે જે મળે કે જેને જુએ એને તરત જ ખરીદવા માંડવાનું અને સતત કંઈકને કંઈક ખરીદતા રહેવું. ધંધાબજાર, શૅરબજાર કે પૈસાબજારમાં ભલે મંદી હોય કે નહીં છતાં પણ દિવાળીની બજારોમાં હજુ યે ભીડ એટલીને એટલી જ હોય છે. એકરીતે દેખાદેખીનાં દોગલા અર્થશાસ્ત્રએ દિવાળીને પૈસા વેડફવાનો તહેવાર બનાવી નાખ્યો છે. ઇન શોર્ટ, આપણી દિવાળીને 'શુભ' બનાવવાની લહાયમાં, બજારોને 'લાભ' કરાવીએ છીએ.

મંગલમય દિવાળીની વધતી માંગ જોઈને લાગે છે કે હવે આવતી સદીની દિવાળી માટે બચત કરવાનું શરૂ કરી દેવું જોઈએ. નહીં તો સાહેબ મોહલ્લામાં મોઢું બતાવવા લાયક નહીં રહીએ. આપણું નાક કપાઇ જશે.

ચલો, ફરી પાછા 'હેપ્પી દિવાળી'ની શુભેચ્છાઓ પાઠવતા મેસેજ તો આવી જ ગયા છે સાથે સાથે મીઠાઈના ને સુકામેવાના બોક્સ, ગિફ્ટ્સ વગેરે પણ આવી જ ગયા છે. વાહ ભાઈ વાહ, આપણી પવિત્ર અને નિર્દોષ દિવાળીને મંગલમય બનાવવા લોકો કેટલો ખર્ચ કરી રહ્યા છે? ■

સ્પોર્ટ્સ મૅન

અજય મોતીવાલા
feedback@bombaysamachar.com

# ફ્લૉપ વિરાટ-રોહિતની ખોટી તરફેણ ભલે કરો, પણ પુજારા-રહાણેને અન્યાય તો ન જ કરો

### ઑસ્ટ્રેલિયા ખાતેના પાંચ ટેસ્ટ-મૅચના લાંબા પ્રવાસ માટે બન્ને ટેસ્ટ-સ્પેશિયાલિસ્ટને સિલેક્ટ કરવા જ જોઈતા હતા

'**ચેતેશ્વર** પુજારા માટે ટેસ્ટ ટીમમાં વહેલાસર જગ્યા બનાવો. તેના માટે કોઈ જગ્યા ન થતી હોય તો પણ ગમે એમ કરીને બનાવો. ઑસ્ટ્રેલિયા જેવી કસોટીભરી અને અત્યંત મહત્ત્વની ટેસ્ટ-ટૂરમાં પુજારા તો હોવો જ જોઈતો હતો.'

ભારતના ભૂતપૂર્વ બૅટર અને વિકેટકીપર રૉબિન ઉથપ્પાએ બે દિવસ પહેલાં આવું કહ્યું. સિલેક્ટર્સ માટે તેની આ કમેન્ટ એક ટકોર છે તેમ જ આંખ ઊઘાડનારી પણ છે. અનેક ભારતીય ક્રિકેટપ્રેમીઓ ઉથપ્પાની આ ટિપ્પણી સાથે સહમત થતા જ હશે.

મુદ્દાની વાત એ છે કે વિરાટ કોહલી અને રોહિત શર્મા જેવો દિગ્ગજો ઉપરાઉપરી ટેસ્ટ-ઇનિંગ્સમાં ફ્લૉપ જતા હોય, ઘરઆંગણે ન્યૂ ઝીલૅન્ડની સાધારણ ટીમ સામે ૦-૩થી હારી જતા હોય અને હોમ-સિરીઝમાં ટેસ્ટ-મૅચને પાંચમા દિવસ સુધી પણ જો ખેંચી ન શક્તા હોય તો ટેસ્ટ ટીમમાં તેમની હાજરી કોઈને પણ ખૂંચે. બીજી બાજુ, સવાલ એ છે કે બે ટેસ્ટ સ્પેશિયલિસ્ટો ચેતેશ્વર પુજારા અને અજિંક્ય રહાણેને સવા વર્ષથી ફરી ટેસ્ટ રમવાનો મોકો જ નથી અપાયો. તેમને ઑસ્ટ્રેલિયા જેવા અગત્યના પ્રવાસ માટે કેમ પસંદ ન કરવામાં આવ્યા? ત્યાં આપણી ટીમ પાંચ-પાંચ ટેસ્ટ રમવાની છે અને (ન્યૂ ઝીલૅન્ડ સામેની તાજેતરની ૦-૩ની હારને ધ્યાનમાં લઈએ તો) ઑસ્ટ્રેલિયામાં આપણી ટીમની શું હાલત થશે એની કલ્પના કરીએ તો ડરી જવાય છે.

સીધી વાત છે...વિરાટ કોહલી, રોહિત શર્મા, ચેતેશ્વર પુજારા અને અજિંક્ય રહાણે આ ચારેય બૅટરની છેલ્લી ૧૦-૧૦ ટેસ્ટ-ઇનિંગ્સના પર્ફોર્મન્સની તુલના જોઈશું તો ખાતરી થઈ જશે કે વિરાટ-રોહિતની ભલે તરફેણ થઈ રહી હોય, પરંતુ પુજારા અને રહાણે સાથે અન્યાય તો થઈ જ રહ્યો છે. વિરાટ-રોહિતને જો નબળા ટેસ્ટ પર્ફોર્મન્સ છતાં ઑસ્ટ્રેલિયા મોકલવામાં આવે તો પુજારા-રહાણેને કેમ નહીં?

૨૦૨૪ના વર્ષમાં અનુક્રમે વિરાટ અને રોહિતની બૅટિંગ-સરેરાશ (૨૨.૭૨ તથા ૨૯.૪૦) ખૂબ જ નબળી છે. તાજેતરમાં ઘરઆંગણે ન્યૂ ઝીલૅન્ડ સામે સ્પિનર્સ રવીન્દ્ર જાડેજા, વૉશિંગ્ટન સુંદર અને રવિચન્દ્રન અશ્વિને ટીમ ઇન્ડિયાને વિજય અપાવવા કોઈ કસર બાકી નહોતી રાખી અને કિવી બૅટર્સને વારંવાર મુસીબતમાં મૂકી દીધા, પણ તેમને બૅટર્સનો કોઈ સપોર્ટ નહોતો મળ્યો. રોહિત અને વિરાટ





**ચારેય ટેસ્ટ દિગ્ગજોના છેલ્લા ૧૦-૧૦ ટેસ્ટ-ઈનિંગ્સના રન**

વિરાટ કોહલીઃ ૧, ૪, ૧૭, ૧, ૭૦, ૦, ૨૯ અણનમ, ૪૭, ૧૭ અને ૬.

રોહિત શર્માઃ ૧૧, ૧૮, ૮, ૦, ૫૨, ૨, ૮, ૨૩, ૫ અને ૬.

ચેતેશ્વર પુજારાઃ ૨૭, ૧૪, ૪૨, ૫૯, ૧, ૩૧ અણનમ, ૦, ૭, ૬ અને ૨૪.

અજિંક્ય રહાણેઃ ૮, ૩, ૪૬, ૮૯, ૧, ૯, ૫૮, ૦, ૨૦ અને ૪૮.

સહિતનો ટૉપ-ઑર્ડર છાશવારે શરૂઆતમાં જ સાફ થઈ જતો હતો. ટીમનું ઓપનિંગ જ સારું ન હોય અને મિડલ-ઑર્ડરમાં બાજી સંભાળી શકે એવા ભરોસાપાત્ર બૅટર ન હોય તો વાઇટ-વૉશ જેવી નામોશી ન થાય તો બીજું શું થાય!

ઑસ્ટ્રેલિયા ખાતેની લાંબી ટૂર માટે પુજારા અને રહાણેને પસંદ ન કરીને બીસીસીઆઇએ સંકેત આપી દીધો છે કે તેઓ હવે આ બે ટેસ્ટ-બૅટિંગ સ્પેશિયલિસ્ટને બાજુ પર રાખીને આગળનું વિચારવા માગે છે. જોકે જેમના પર મદાર રાખવામાં આવી રહ્યો છે એ બે દિગ્ગજ (વિરાટ-રોહિત) પણ છેલ્લી કેટલીક ટેસ્ટ-મૅચોમાં ક્યાં સારું રમી શક્યા છે.

કાં તો પછી એક કામ કરો, જેમ સૂર્યકુમાર યાદવની આગેવાનીમાં ટી-૨૦ ટીમને યુવા ખેલાડીઓવાળો નવો અવતાર આપવામાં આવ્યો એમ ટેસ્ટ માટે પણ યુવાનિયાઓની ટીમ બનાવી દો. હા, કોઈ પણ ટીમમાં એક-બે અનુભવી ખેલાડી હોવા જ જોઈએ, પરંતુ સતત સારું ન રમતા હોય તેમને પડતા જ મૂકો અને રણજી ટ્રોફી સહિતની ડોમેસ્ટિક ટૂર્નામેન્ટોમાં સારું રમે તો જ પાછા ટેસ્ટ ટીમમાં સમાવો. આશા છે, અજિત આગરકરના અધ્યક્ષસ્થાનવાળી સિલેક્શન કમિટી આ વાતને ખાસ ધ્યાનમાં રાખશે.

વિરાટ કોહલી જો એકાદ-બે સિરીઝ રમીને ઇંગ્લૅન્ડ તેના પરિવાર પાસે જતો રહે અને નવી સિરીઝ કે ટૂર્નામેન્ટના ગણતરીના દિવસો પહેલાં (ખાસ કંઈ પ્રૅક્ટિસ કર્યા વિના) પાછો ટીમ સાથે જોડાઈ જાય અને પછી ફ્લૉપ જાય એવું કેટલો વખત ચાલશે?

નવાઈની વાત એ છે કે ન્યૂ ઝીલૅન્ડ સામે ટીમ ઇન્ડિયાનો ગયા મહિને ઘરઆંગણે રકાસ થઈ રહ્યો હતો એ અરસામાં (પુણેની બીજી ટેસ્ટ દરમ્યાન) ઑસ્ટ્રેલિયાની આગામી ટૂર માટેની ભારતીય ટીમ જાહેર કરી દેવામાં આવી હતી. માર્ચ, ૨૦૨૪માં વાનખેડેમાં રહાણેના નેતૃત્વમાં મુંબઈએ રણજી ટ્રોફીમાં ઐતિહાસિક વિજેતાપદ મેળવ્યું, ગયા મહિને લખનઊમાં રેસ્ટ ઑફ ઇન્ડિયા સામે તેના જ સુકાનમાં મુંબઈએ ઇરાની કપનો મુકાબલો જીતી લીધો અને હાલમાં તેની જ કૅપ્ટન્સીમાં મુંબઈની ટીમ રણજી ટ્રોફીની નવી સીઝનમાં એક પછી એક મૅચ જીતી રહી છે છતાં રહાણેને ઑસ્ટ્રેલિયા મોકલવાનું સિલેક્ટર્સને ઠીક ન લાગ્યું. યાદ છેને, ગયા વર્ષે જૂનમાં ટેસ્ટના વર્લ્ડ કપની ઑસ્ટ્રેલિયા સામેની જે ફાઇનલમાં ભારત હારી ગયું એમાં તમામ ભારતીય બૅટર્સમાં રહાણેના ૮૯ રન હાઇએસ્ટ હતા. બીજા દાવમાં તેણે ૪૬ રન પણ બનાવ્યા હતા એમ છતાં તેનો ભૂતકાળ કોઈને યાદ ન આવ્યો. ૨૦૨૧માં વિરાટ (ઍડિલેઇડની ટેસ્ટમાં ભારતનો ૩૬ રનમાં વીંટો વળી ગયો ત્યાર પછી) જ્યારે ઑસ્ટ્રેલિયાથી રવાના થઈને ફૅમિલી પાસે પહોંચી ગયો હતો ત્યાર બાદ રહાણેની કૅપ્ટન્સીમાં જ ભારતે કાંગારૂઓની ધરતી પર ૨-૧થી ઐતિહાસિક જીત મેળવી હતી.

પુજારા પણ હાલમાં ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટમાં સારું રમી રહ્યો છે. ગયા મહિને છત્તીસગઢ સામે તેણે ૨૩૪ રન ફટકાર્યા હતા. એ પહેલાં, મે મહિનામાં ઇંગ્લિશ કાઉન્ટી મૅચમાં તેણે સસેક્સ વતી સેન્ચુરી (૧૨૯ રન) ફટકારી હતી.


ભારતના કરોડો ક્રિકેટપ્રેમીઓ ઑસ્ટ્રેલિયા સામેની આગામી ટેસ્ટ-સિરીઝમાં પુજારા અને રહાણેને જરૂર મિસ કરશે. આશા રાખીએ, રોહિત અને વિરાટ ટેસ્ટમાંથી નિવૃત્ત થતાં પહેલાં ઑસ્ટ્રેલિયા ખાતેના તેમના આ સંભવિત છેલ્લા પ્રવાસમાં સારું રમે. ■

## સ્થાપત્યનું વાઈ-ફાઈ

# પાણી-પુરવઠાના વહીવટ માટેનું અનેરૂ મકાન

હેમંત વાળા
feedback@bombaysamachar.com

સામાન્ય રીતે એમ માનવામાં આવે છે કે સરકારી મકાનો 'બોરિંગ' હોય. એમાં પણ જ્યારે સ્થાનિક મ્યુનિસિપાલિટીનું મકાન હોય ત્યારે તો તેમાં કલાત્મકતા ભાગ્યે જ જોવા મળે. આ પ્રકારના મકાનો માત્ર માળખાગત પ્રકારના, જરૂરિયાત મુજબના તથા કોઈ એક ચીલાચાલુ 'મૉડેલ' પ્રમાણેના હોય. દ્રશ્ય અનુભૂતિને સમૃદ્ધ બનાવવાનો કોઈપણ પ્રયાસ અહીં ક્યારેક જ જોવા મળે. આ પ્રકારના મકાનો શહેર માટે ભાગ્યે જ ગૌરવ અપાવી શકે. તેની સામે ગ્રીસના લામિઆ શહેરના પાણી પુરવઠાના વહીવટ માટેનું આ મકાન ખરેખર નોંધપાત્ર છે. સન ૨૦૧૭માં સ્થાપત્ય વિ-ટ્રિયા આર્કિટેક્ટ્સ દ્વારા આશરે ૩૫૨૫ ચો.મી. બાંધકામનું મકાન આ પ્રકારના સ્થાપત્ય માટે એક નવી જ પ્રેરણા તથા દિશા સ્થાપિત કરે છે.





શહેર માટે આ એક આઇકોનિક મકાન બનાવવાનો પ્રયત્ન છે. બહિર્મુખી તેમજ પારદર્શિ કહી શકાય તેવા આ મકાનમાં વિવિધ સ્થાનો સાથે પરસ્પર સંપર્ક સ્થપાતો જોવા મળે છે. આ મકાનની રચના એવી છે કે જેનાથી એમ પ્રતીત થાય કે મકાન લોકોને આવકારે છે. અહીં વચ્ચેના ખુલ્લા ભાગથી એક પ્રકારની મોકળાશ ઊભી થાય છે. આ મોકળાશની અનુભૂતિમાં વધારો થઈ શકે તે માટે અહીંની છતની વચ્ચે પણ જગ્યા ઊભી કરાઈ છે. આનાથી મકાન એક હોવા છતાં ઉપયોગિતા પ્રમાણે રસપ્રદ રીતે વિભાજિત થયેલું લાગે છે.

આ મકાન એક વિશાળ ભૌમિતિક આકારના વિગતિકરણ પ્રકારનું છે. સ્થાપત્યની રચનામાં ઘનાકાર માટેનો લગાવ સ્વાભાવિક છે. આ ઘનાકારને રસપ્રદ બનાવવા વિવિધ પ્રકારના પ્રયત્નો થતા રહ્યા છે. અહીં વિશાળ ઘનાકારને નાના ભાગમાં વિભાજિત કરી દરેક ભાગને કાળજીપૂર્વક નિર્ધારિત કરાયો છે. આ દરેક ભાગની પોતાની ઉપયોગિતા છે અને તે પ્રમાણે તેનું નિર્ધારણ છે. આ દરેક ભાગની પોતાની ખાસિયત હોવા સાથે સાથે સમગ્રતા માટે એક શૈલીને પણ સ્થાપિત કરે છે.

આ મકાનની અન્ય ખાસિયતોમાં જમીનના ઢાળનો અસરકારક ઉપયોગ, વિવિધ પ્રકારના પ્રમાણમાપ વચ્ચેની સુ-સંવાદિતતા, 'સોલિડ - વોઈડ' વચ્ચે સ્થપાતો રસપ્રદ સંવાદ, કોન્ક્રીટની ખરબચડી સપાટીની દ્રશ્ય અનુભૂતિને અપાયેલ મહત્ત્વ, જાહેર સ્થાનમાં જરૂરી ગણાય તેવો બહારના સ્થાનો સાથેનો સંપર્ક, વિવિધ સ્થાનો વચ્ચે સ્થપાતી અખંડતા, આધુનિકતાની સાથે વણાયેલી સાદગી, રચનાના મૂળભૂત વિચારોમાં પ્રતીત થતી સરળતાથી, કોઈ પણ પ્રકારના આડંબર વગર ઊભી થતી દ્રશ્ય અનુભૂતિ અને જેની સાથે માનવી સરળતાથી સંકળાઈ શકે તેવી રચનાકીય બાબતોનો ઉલ્લેખ કરી શકાય.

આ મકાનની એક મુખ્ય ખાસિયતમાં તેનું જે વિભાગીકરણ કરવામાં આવ્યું છે તે છે. આ વિભાગીકરણ ઘનાકારમાં પણ છે, છતમાં પણ છે, આવનજાવનના માર્ગમાં પણ છે, જુદી જુદી સપાટીઓમાં પણ છે અને સૂર્યના તડકાથી સર્જાતી પડછાયાની ભાતમાં પણ છે. કોઈ એક વિચારમાં આટલી બધી વિવિધતા વણી દેવી એ એક પ્રશંસનીય ઘટના કહેવાય. મજાની વાત એ છે કે આ બધી વિવિધતાઓ વિવિધતા તરીકે નહીં પણ અર્થપૂર્ણ બદલાવ તરીકે પ્રતીત થાય છે. ક્યાંક તો એમ લાગે કે એક વિશાળ છાપરાની નીચે કોઈ નાનું મકાન ક્યાંક બનાવી દેવાયું છે તો ક્યાંક એમ જણાય છે કે જુદા જુદા મકાનો પર એક છાપરું બનાવી દેવાયું છે.

જમીનના ઢાળને કારણે આ મકાનનો ઉત્તરનો ભાગ બે માળનો તો દક્ષિણનો ત્રણ માળનો બનાવાયો છે. આને કારણે પણ મકાનની દ્રશ્ય અનુભૂતિમાં વિશેષ પ્રકારની સુસંગત વિવિધતા ઊભી થાય છે. આ મકાનની મજા એમાં રહેલા ઘણા બધા દરવાજા, દાદર તથા રેમ્પની પણ છે. આને કારણે સંપર્ક દ્રઢ બને છે, વિકલ્પો ઉભરે છે, બહારની પરિસ્થિતિ સાથે જુદા જુદા સમીકરણો સ્થપાય છે અને એક પ્રકારની મુક્તતા અનુભવાય છે. અહીંના ગોળાકાર કોન્ક્રીટના કોલમ પણ એક રીતે મૃદુતા સ્થાપિત કરે છે, જેનાથી મકાનના જે તે અંગની અને અંતે મકાનની સ્વીકૃતિ સહજ બને છે.

આ મકાનમાં વહીવટી સગવડતાઓ સાથે શહેરની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે જરૂરી અન્ય કેટલીક બાબતોનો પણ સમાવેશ કરાયો છે. અહીં એમ્ફિથિયેટર પણ છે અને વચમાં નાગરિકોના સામાન્ય મેળાવડા માટે ખુલ્લી જગ્યા પણ છે. મ્યુનિસિપાલીટીના માણસો ઉપરાંત નાગરિકો માટે પણ અહીં અલ્પાહારની વ્યવસ્થા હોય તેમ લાગે છે. અહીં વહીવટ તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિનો સમન્વય થતો હોવાથી એક પ્રકારની વાઇબ્રન્સી - હકારાત્મક કંપન અનુભવાય.

આ એક સંપૂર્ણપણે આધુનિક મકાન છે, જેમાં ક્યાંય બિનજરૂરી બાબત નથી. અહીં ખૂણાઓ અને સીધી લીટીઓ વચ્ચે રચાતી નાટકીયતા છે. આ સમગ્ર મકાનની છત એ રીતના બનાવવામાં આવી છે કે જાણે તે પાતળી સપાટીમાંથી બનાવાઈ ન હોય. આ પાતળાપણું, મકાન ઇમ્પેક્ટ છોડે એવું હોવા છતાં તેને હલકું ફૂલકું બનાવે છે. અહીં છતની નીચે જે ખુલ્લી જગ્યા છોડવામાં આવી છે જે દ્રઢતા સ્થાપિત કરે છે પણ તે સાથે બધાની સ્વીકૃતિનો ભાવ પણ ઉભરે છે. એક રીતે જોવા જઈએ તો આ મકાન વિરોધાભાસનો સમૂહ છે અને છતાં પણ એકત્વ સ્થાપિત કરવામાં તે સફળ રહે છે.

સામાન્ય રીતે જેમ થતું આવ્યું છે તેમ, આ મકાનમાં સસ્ટેનેબલ છે તેઓ દાવો કરવામાં આવે છે. આ દાવો કદાચ સાચો પણ હોઈ શકે. આમ પણ બધા મકાનોમાં આજકાલ સોલર પેનલ લગાવી દેવાય છે, વરસાદના પાણીના સંગ્રહની વ્યવસ્થા કરાય છે, જે જે બાજુથી ગરમી કે ઠંડી આવવાની સંભાવના હોય ત્યાં ત્યાં ઉષ્ણતા-અવરોધક રચના ઊભી કરાય છે. ■

## ફોકસ

# વોઈસ ઓવર દ્વારા કરો કમાણી

કીર્તિશેખર
feedback@bombaysamachar.com

આજનો યુગ ભલે 'વિઝ્યુઅલ એજ' કહેવાય, મોબાઈલ ફોનમાં કેમેરાને કારણે આપણે આખો દિવસ ફોટા પાડતા રહીએ છીએ અને સોશિયલ મીડિયા પણ મોટા પાયે તસવીરોથી ભરાઈ ગયું છે. તેમ છતાં, જો આપણે ધ્યાનથી જોઈએ તો, તાજેતરનાં વર્ષોમાં, ચિત્રોની સાથે, એટલે કે, વીડિયો સાથે ઑડિયો પણ એટલી જ ઝડપી ગતિએ આગળ વધ્યો છે. આ દિવસોમાં પોડકાસ્ટ, પોકેટ એફએમ અને યુટ્યુબ દ્વારા સાંભળવામાં આવે છે એટલું આ પહેલા ક્યારેય સાંભળ્યું ન હતું.



એકલા યુટ્યુબ પર લોકો દરરોજ લાખો કલાકના ઑડિયો પ્રોગ્રામ સાંભળે છે. જે વાર્તાકારની વાર્તા સો લોકોએ પણ વાંચી નહીં હોય, તેની વાર્તાઓ ને આજે લાખો યુટ્યુબ દ્વારા સાંભળી રહ્યા છે. એક રીતે જો એમ કહીએ તો અતિશયોક્તિ નહીં ગણાય કે આ માત્ર ચિત્રોની દૃષ્ટિએ જ નહીં પણ અવાજની દૃષ્ટિએ પણ વિસ્ફોટક સમયગાળો છે.

ભારતમાં વોઈસ ઓવર કલાકારોની માગ સતત વધી રહી છે અને આવનારા દાયકાઓમાં શિક્ષણ વધુ ને વધુ સાંભળવા અને જોવાના ફોર્મેટમાં બદલાશે. તેથી, લગભગ સમગ્ર અભ્યાસક્રમ વોઇસ અને વીડિયોમાં ઉપલબ્ધ હશે. હાલમાં પણ, મોટા પાયે, પાઠ્ય સામગ્રીઓ વાંચવાને બદલે સાંભળવામાં આવી રહી છે. કહેવાનો અર્થ એ છે કે જો તમે વોઈસ ઓવરના ક્ષેત્રમાં તમારી કારકિર્દી બનાવવા ઇચ્છો છો, તો અહીં તમારા માટે અદ્ભુત તકો ઉપલબ્ધ છે. જોકે તે વિચારવામાં સરળ લાગે છે, પરંતુ દરેક વ્યક્તિ વોઈસ ઓવર આર્ટિસ્ટ બની શકતો નથી. જોકે આ ક્ષેત્રમાં કોઈ ખાસ શૈક્ષણિક લાયકાતની જરૂર નથી. પણ હા, જે લોકો યોગ્ય શિક્ષણ અને આ ક્ષેત્રની ટ્રેનિંગ લઈ આવે છે તો તેમની સ્થિતિ સારી હોય છે.

વોઇસ ઓવર આર્ટિસ્ટમાં કેટલાક ગુણો ખૂબ જ જરૂરી છે. તેનો ઉચ્ચાર સ્પષ્ટ હોવો જોઈએ એટલું જ નહીં પરંતુ તેને નાટકીય રીતે તેના અવાજનો ઉપયોગ કેવી રીતે કરવો તે પણ આવડવું જોઈએ. કોઈપણ વ્યક્તિ જે આ ક્ષેત્રમાં જવા ઈચ્છે છે, તે માત્ર વોઈસ ઓવરની ટ્રેનિંગ જ નથી લઈ શકતો પણ અવાજ દ્વારા સારી એક્ટિંગનો જાદુ પણ શીખી શકે છે. આ ક્ષેત્રમાં આગળ વધવાના ઘણા રસ્તાઓ છે, તમને જ્યાં તક મળે ત્યાં ઓડિશન આપો, નિયમિત પ્રેક્ટિસ કરો, તમારી જાતને વોઇસ ઓવર વેબસાઇટ્સ પર રજિસ્ટર કરો, નેટવર્કિંગ કરો, સોશિયલ મીડિયા પર હાજર રહો અને આ ક્ષેત્રમાં જતા પહેલા વોઇસ ઓવરના બિઝનેસ મોડલને સમજો. જો તમે આ ક્ષેત્રમાં તમારો પોતાનો વ્યવસાય શરૂ કરવા માગો છો, તો તમને આ સમજ હોવી જોઈએ.

ઇન્ફ્રાસ્ટ્રક્ચરનો ખર્ચ આજે પણ બહુ વધુ નથી, પરંતુ નોંધપાત્ર છે. જો તમારે આ ક્ષેત્રમાં શૈક્ષણિક કારકિર્દી બનાવવી હોય તો તમે બેચલર ઓફ આર્ટસ ઇન મ્યુઝિક વોકલ કોર્સમાં પ્રવેશ મેળવી શકો છો. વોઇસ ઓવરને ઑફ કેમેરા અથવા ઑફ સ્ટેજ કેરિયર પણ કહેવાય છે. આજકાલ, વીડિયો કન્ટેન્ટ મોટા પાયે બનાવવામાં આવી રહ્યું છે, પછી ભલે તે શોર્ટ ફિલ્મો હોય, કાર્ટૂન ફિલ્મો હોય, એનિમેશન હોય કે દરેક ઘરોમાં જોવાતી ટીવી સિરિયલો હોય, દરેક જગ્યાએ વોઈસ ઓવર આર્ટિસ્ટ માટે કામ ઉપલબ્ધ છે.

વોઈસ ઓવરના ઉપયોગનો વ્યાપ ઘણો વિશાળ છે. ટીવી પ્રોડક્શન, રેડિયો કન્ટેન્ટ, ઓડિયો વેબસાઈટ, ફિલ્મો, પ્રોડક્શન, થિયેટર અને પ્રેઝન્ટેશન જેવા આ તમામ ક્ષેત્રોમાં વોઈસ ઓવર આર્ટિસ્ટ્સની ખૂબ માગ છે. ગેમિંગ, વીડિયો, કાર્ટૂન અને જાહેરાતનાં ક્ષેત્રોમાં પણ વોઈસ ઓવર આર્ટિસ્ટનો વ્યાપક ઉપયોગ થાય છે. એવા ઘણાં નિયમિત ક્ષેત્રો છે જ્યાં અવાજોનો હંમેશાં ઉપયોગ થાય છે, જેમ કે રેડિયો પ્રસારણ, સ્પોર્ટ્સની કોમેન્ટરી અને રેલવે સ્ટેશનો અને બસ સ્ટેશનો પર સ્પીકરમાં સતત ઘોષણા થતી રહેતી હોય છે.

જ્યાં સુધી વોઈસ ઓવર આર્ટિસ્ટ માટે ઉપલબ્ધ કારકિર્દી ક્ષેત્રોનો સંબંધ છે, ત્યાં સુધી રેડિયો, ઓડિયો એજ્યુકેશન, ઈ-લર્નિંગ, મનોરંજન, જાહેરાત, કોર્પોરેટ જગત, એનિમેશન જેવાં ક્ષેત્રો સિવાય આ દિવસોમાં વીડિયો ગેમ્સ, એપ્સ, જીપીએસ વગેરે જેવી અદ્યતન ટેકનોલોજી, ઈન્ટરનેટ, ટેક્સ્ટ ટુ સ્પીચ અને ઈન્ટરનેટના અસંખ્ય ક્ષેત્રોમાં વોઈસ ઓવર કલાકારોની ભારે માગ છે. એકવાર તમે તમારા અવાજમાં કમાન્ડ અને આત્મવિશ્વાસ મેળવી લો, પછી તમે ટૂંક સમયમાં જ કોઈ ને કોઈ પ્રોજેક્ટમાં સરળતાથી કામ મેળવી શકશો. જ્યાં સુધી આ ક્ષેત્રમાં કમાણીની વાત છે, શરૂઆતમાં કોઈપણ વોઈસ ઓવર આર્ટિસ્ટને ૧૫ થી ૨૦ હજાર રૂપિયાની નોકરી સરળતાથી મળી શકે છે. પાછળથી, જેમ જેમ તમારા અવાજની મોહકતા અને આકર્ષણ વધે છે તેમ તેમ તમારી કમાણી પણ વધે છે.

જ્યાં સુધી આ ક્ષેત્રના શૈક્ષણિક અભ્યાસની વાત છે તો આજકાલ પત્રકારત્વની ડિગ્રી કે ડિપ્લોમાની સાથે વોઈસ ઓવરની ટ્રેનિંગ પણ આપવામાં આવે છે, પરંતુ જો તમારે શુદ્ધ વોઈસ ઓવર ટ્રેનિંગ લઈને આ ક્ષેત્રમાં આગળ વધવું હોય તો દરેક શહેરમાં વોઈસ ઓવર આપતી સંસ્થાઓ છે. તમે તમારી આસપાસ શોધશો તો તમને આવી સંસ્થાઓ મળી જશે. આવી કેટલીક મહત્ત્વપૂર્ણ ખાનગી સંસ્થાઓ નીચે મુજબ છે -

* ઈન્ડિયન વોઈસ ઓવર, મુંબઈ
* ફિલ્મ્ડ એકેડમી, મુંબઈ
* વોઇસ બજાર, મુંબઈ
* વિજેન્દ્ર કાંબોઝ વોઇસ ઓવર અને ડબિંગ આર્ટિસ્ટ, દિલ્હી.
* વોઇસ લાઇન રેકોર્ડિંગ સ્ટુડિયો, નવી દિલ્હી.
* બવિફ્ટા ફિલ્મ એકેડમી, નોઈડા સેક્ટર - ૧૫.
* અક્ષિવ મ્યુઝિક ક્લાસીસ, હરિનગર દિલ્હી.
* આરકે ફિલ્મ્સ અને મીડિયા એકેડમી, કરોલ બાગ. દિલ્હી.
* બોલીવૂડ ડ્રીમ એક્ટિંગ ઇન્સ્ટિટ્યૂટ, માલવિયા નગર દિલ્હી.

■

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| વક્તવ્ય | નિંદા |
| વખાર | જંગલ |
| વગડો | કોઠાર |
| વગોણું | સચ્ચાઈ |
| વજૂદ | કથન |

### ઓળખાણ પડી?

વીસમી સદીના મહાન ફૂટબોલ ખેલાડીની ઓળખાણ પડી? 'બ્લેક પર્લ' તરીકે પ્રસિદ્ધિ મેળવનારા આ ખેલાડીના નામે અનેક સિદ્ધિ છે.



અ) જોન ક્યાફ બ) પેલે ક) મેરાડોના ડ) રોજર મિલા

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ શુ | ૨ ક્ર | વા | ૩ ર | | ૪ શુ | ક્રા | ૫ ચા | ર્ય | |
| ૬ ક | મ | | ૭ મા | ૮ શુ | ક | | ત | | ૧૦ શુ |
| ન | | ૧૧ પા | | ૧૨ ક | ર | | ૧૩ ક | ૧૪ મ | ર |
| ૧૫ વં | ૧૬ તા | ક | | સા | | ૧૭ ગ | | ૧૮ ન | વી |
| ૧૯ તુ | પ | | ૨૦ અ | રિ | મ | ર્દ | ૨૧ ન | | ર |
| | ૨૨ સ | ૨૩ બ | ડ | કા | | ૨૪ ન | જ | મ | |
| ૨૫ શુ | | ૨૬ લ | ગ | | ૨૭ લા | | ર | | ૨૮ શૂ |
| ૨૯ ક્રા | ન્તિ | | | ૩૦ શુ | ભ | ૩૧ દા | | ૩૨ હા | લ |
| ણુ | | ૩૩ વ | | મા | | ૩૪ મ | ૩૫ દ | | |
| | ૩૬ વા | ત્સ | લ્ય | ર | સ | | ૩૭ શા | સ | ન |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | | ૩ | ૪ | | ૫ | |
| | | | | ૬ | | | | ૭ | ૮ |
| ૯ | | | | ૧૦ | | | ૧૧ | | |
| | | ૧૨ | ૧૩ | | | ૧૪ | | | |
| | ૧૫ | | | | ૧૬ | | | | |
| ૧૭ | | | ૧૮ | ૧૯ | | | | ૨૦ | ૨૧ |
| | | ૨૨ | | | | | ૨૩ | | |
| ૨૪ | | | | | | ૨૫ | | | |
| | | ૨૬ | | | | | | | |
| | ૨૭ | | | | | ૨૮ | | | |

**આડી ચાવી**

૧. સૌથી ચડિયાતું (૪)
૩. પુસ્તકની ઓળખાણ આપતો લેખ (૪)
૬. આગ (૩)
૭. જલસા, મોજ (૨)
૯. ચેતન વગરનું (૨)
૧૦. એક જાતનું વિમાન (૨)
૧૨. બીજું (૩)
૧૪. લગ્નમાં વાગતું વાદ્ય (૪)
૧૬. અણગમો, અરુચિ, અભાવો (૩)
૧૭. --- ઉપર થડનો આધાર છે (૨)
૧૮. એક શાક (૪)
૨૦. ઘાસ (૨)
૨૨. અપાર, પુષ્કળ (૪)
૨૩. બગલી (૨)
૨૪. ક્રમ (૨)
૨૫. ધૂળ (૪)
૨૬. કલાને જાહેરમાં બતાવવાની યોજના (૪)
૨૭. દીપ્તિ, કાન્તિ, શોભા (૨)
૨૮. ભિખારી (૪)

**ઊભી ચાવી**

૧. કરાર, અક્કલ, ડહાપણ (૪)
૨. કોઈને જશ આપવો (૨)
૩. ખુલ્લું, પ્રત્યક્ષ, પ્રસિદ્ધ (૩)
૪. સ્થળદર્શક દા.ત. હિંદુ - -- (૨)
૫. વસ્તુની ઓળખ આપનો શબ્દ (૨)
૬. જેનો પરાજય નથી તે (૩)
૮. ચમત્કારી, તિલસ્માતી (૩)
૧૧. માળા (રુદ્રાક્ષની) (૩)
૧૩. યાત્રાધામોની મુલાકાત (૪)
૧૪. રાબરી --- જાતની ભીલ હતી (૩)
૧૫. અપશબ્દ (૨)
૧૬. ટળે નહીં તેવું, નિત્ય, સનાતન (૩)
૧૯. દિશાસૂચન (૫)
૨૦. ચબરાક, હોશિયાર (૩)
૨૧. રોકાણ કરનાર (૫)
૨૩. હનુમાનજી (૪)
૨૬. દમામ, તેજ (૨)

### ગુજરાત મોરી મોરી રે

હાલરડાની પંક્તિમાં ખૂટતો શબ્દ જણાવો.

ભઈલો મારો ડાહ્યો, પાટલે બેસી નાહ્યો, પાટલો ગયો ખસી, ભઈલો ----------

અ) રહ્યો બેસી બ) પડ્યો રડી ક) પડ્યો હસી ડ) ભાગ્યો દોડી

### જાણવા જેવું

પહેલા ભાષાનો ઉદ્ભવ થાય છે અને પછી વ્યાકરણ સર્જાય છે. જગતની કોઈ કરતા કોઈ ભાષામાં પહેલા વ્યાકરણ તૈયાર થયું હોય અને એના આધારે ભાષાનું ઘડતર થયું હોય એવું બન્યું નથી. બાળકનો જન્મ થયા પછી એનો ઉછેર કરવામાં આવે અને એ ઉછેર અનુસાર બાળ ઉછેરના નિયમો તૈયાર થાય એવી આ સ્વાભાવિક પ્રક્રિયા છે.

### સુડોકુ-૭૦૨૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૫ | | ૭ | | | | | |
| ૨ | | ૬ | ૮ | | | | | |
| | ૯ | | | ૩ | | | | ૧ |
| | ૮ | ૯ | | | | | ૪ | |
| | | | | ૫ | | | | |
| | ૪ | | | | | ૬ | ૩ | |
| ૬ | | | | ૧ | | | ૫ | |
| | | | | | ૫ | ૧ | | ૭ |
| | | | | | ૭ | | ૨ | ૯ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૭૦૨૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૬ | ૪ | ૨ | ૧ | ૫ | ૮ | ૩ | ૯ |
| ૩ | ૮ | ૨ | ૭ | ૬ | ૯ | ૧ | ૪ | ૫ |
| ૫ | ૯ | ૧ | ૮ | ૩ | ૪ | ૬ | ૭ | ૨ |
| ૮ | ૨ | ૫ | ૩ | ૭ | ૧ | ૯ | ૬ | ૪ |
| ૬ | ૭ | ૯ | ૫ | ૪ | ૨ | ૩ | ૮ | ૧ |
| ૧ | ૪ | ૩ | ૬ | ૯ | ૮ | ૨ | ૫ | ૭ |
| ૨ | ૫ | ૭ | ૧ | ૮ | ૬ | ૪ | ૯ | ૩ |
| ૪ | ૧ | ૮ | ૯ | ૫ | ૩ | ૭ | ૨ | ૬ |
| ૯ | ૩ | ૬ | ૪ | ૨ | ૭ | ૫ | ૧ | ૮ |

### ચતુર આપો જવાબ

માથું ખંજવાળો

૧૯૭૫માં આયોજિત વર્લ્ડ કપ હોકી સ્પર્ધામાં ભારતીય ટીમે ગોલ્ડ મેડલ મેળવ્યો હતો ત્યારે ટીમનો કેપ્ટન કોણ હતો એ જણાવો.

અ) હરચરણ સિંહ
બ) ચાર્લ્સ કોર્નેલિયસ
ક) એમ. પી. ગણેશ
ડ) અજિત પાલ સિંહ

### નોંધી રાખો

બીજા વિશે ફરિયાદ કરતા રહેવાને બદલે જાતને બદલવા પર ધ્યાન આપો. આખી દુનિયામાં કાર્પેટ પાથરવાને બદલે પગમાં ચંપલ પહેરવા વધુ આસાન છે.

### માઈન્ડ ગેમ

અવકાશયાનમાં ચંદ્ર સુધીની મુસાફરી જોડીમાં કરી હેમખેમ પાછું ફરનાર પહેલું પ્રાણી કયું હતું એ આપેલા વિકલ્પમાંથી શોધી જણાવો.

અ) શ્વાન બ) સસલું
ક) કાચબો ડ) ઘુવડ

### ગયા શનિવારના જવાબ

**ભાષા વૈભવ**

| A | B |
|---|---|
| જંક | ચિનાઈ વહાણ |
| જંગ | લડાઈ |
| જઘન્ય | નિંદનીય |
| જર | પૈસો |
| જવલ્લે | ક્યારેક |

**ગુજરાત મોરી મોરી રે**
પનઘટની

**ઓળખાણ પડી**
જિમ હાઈન્સ

**માઈન્ડ ગેમ**
સ્પુટનિક ૧

**ચતુર આપો જવાબ**
માથું ખંજવાળો
જોન્ટી રોડ્સ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ડૉ. પ્રકાશ કટકિયા (૨) ભારતી પ્રકાશ કટકિયા (૩) સુરેખા દેસાઈ (૪) મુલરાજ કપૂર (૫) સુભાષ મોમાયા (૬) ભારતી બુચ (૭) કિશોરકુમાર જીવણદાસ વેદ (૮) તાહેર ઔરંગાબાદવાલા (૯) શીરીન ઔરંગાબાદવાલા (૧૦) વિભા મહેશ્વરી (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) નુતન વિપીન (૧૩) પુષ્પા ખોના (૧૪) લજિતા ખોના (૧૫) પુષ્પા પટેલ (૧૬) મીનળ કાપડિયા (૧૭) કમલેશ મૈઠિઆ (૧૮) મહેશ દોશી (૧૯) અશોક સંઘવી (૨૦) શ્રદ્ધા આશર (૨૧) જ્યોતિ ખાંડવાલા (૨૨) પ્રવીણ વોરા (૨૩) મહેન્દ્ર લોઢાવિયા (૨૪) ભાવના કર્વે (૨૫) નિખિલ બંગાળી (૨૬) અમીશી બંગાળી (૨૭) કિશોર બી સંઘરાજકા (૨૮) અરવિંદ કામદાર (૨૯) અંજુ ટોલિયા (૩૦) દેવેન્દ્ર સંપટ (૩૧) વિણા સંપટ (૩૨) નીતા દેસાઈ (૩૩) શિલ્પા શ્રોફ (૩૪) નિતીન બજરિયા (૩૫) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૬) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૭) નયના ગિરીશ મિસ્ત્રી (૩૮) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૯) મનીષા શેઠ (૪૦) ફાલ્ગુની શેઠ (૪૧) જ્યોત્સના ગાંધી (૪૨) રમેશ દલાલ (૪૩) ઈનાક્ષી દલાલ (૪૪) હિના દલાલ (૪૫) મહેશ સંઘવી (૪૬) પ્રતિમા પમાણી (૪૭) ગીતા ઉદેશી (૪૮) ધીરેન્દ્ર ઉદેશી (૪૯) જગદીશ ઠક્કર (૫૦) જયવંત પદમશી ચિખલ

# એક હૈ તો સેફ હૈ

## મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીના પ્રચારની પહેલી જ રેલીમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કૉંગ્રેસની ઝાટકણી કાઢી



**શિવરાયા કૃપાદષ્ટિ રાખજેઃ** નાશિકમાં છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમાને નતમસ્તક થતા વડા પ્રધાન નરેન્દ્ર મોદી.

> **મહા વિકાસ આઘાડી એક એવું વાહન છે જેમાં પૈડાં નથી, બ્રેક નથી અને ડ્રાઈવરની સીટ પર બેસવા માટે લડાઈ છે. કોઈ પણ વ્યક્તિ વિવિધ પ્રકારના હોર્ન સાંભળી શકે છે –નરેન્દ્ર મોદી**

ધુળે/નાશિકઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણીના પ્રચારની પહેલી રેલી સંબોધતાં કૉંગ્રેસ પર એક જાતિને બીજી જાતિ સામે ઊભી કરવાનો ગંભીર આરોપ લગાવતાં કહ્યું હતુ કે એક હૈ તો સેફ હૈ. તેમણે નાશિકમાં મહારાષ્ટ્રમાં કૉંગ્રેસના સાથી પક્ષોને એવો પડકાર ફેંક્યો હતો કે કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધી પાસેથી ૧૫ મિનિટ માટે હિન્દુઓના આદર્શ વિનાયક દામોદર સાવરકર અને શિવસેનાના સ્થાપક બાળ ઠાકરેની પ્રશંસા બોલાવીને દેખાડો, જેમનું યોગદાન દેશ માટે અમુલ્ય છે.

ભાજપના સ્ટાર પ્રચારક વડા પ્રધાન મોદીએ કોંગ્રેસ પર જાતિ અને સમુદાયને વિભાજિત કરવાની ખતરનાક રમત રમવાનો આરોપ પણ લગાવ્યો.

કૉંગ્રેસ પાર્ટીનો એકમાત્ર એજન્ડા એક જાતિને બીજી સાથે લડાવવાનો છે. તેઓ એસસી, એસટી અને ઓબીસી પ્રગતિ કરે અને તેમને યોગ્ય માન્યતા મળે એવું ઈચ્છતા જ નથી અને હવે તેમની ચોથી પેઢીના ‘યુવરાજ’ (રાજકુમાર) જ્ઞાતિના વિભાજન માટે કામ કરી રહ્યા છે તો યાદ રાખો, એક હૈ તો સેફ હૈ’ (જો આપણે એક થઈશું તો સુરક્ષિત રહીશું), એમ તેમણે કહ્યું હતું.

અગાઉ મોદીએ એવો આક્ષેપ કર્યો હતો કે, નહેરુના સમયથી કોંગ્રેસે ધર્મ પર રાજનીતિ રમી જેના કારણે ભારતનું વિભાજન થયું અને હવે પાર્ટી જાતિની રાજનીતિમાં સામેલ છે. આનાથી મોટું દેશ વિરુદ્ધ કોઈ ષડ્યંત્ર હોઈ શકે નહીં, એમ તેમણે ઉત્તર મહારાષ્ટ્રના જિલ્લાની રેલીમાં જણાવ્યું હતું.

મોદીએ કટાક્ષ કરતા કહ્યું કે મહાવિકાસ આઘાડી (એમવીએ) એક એવું વાહન છે કે જેમાં ન તો વ્હીલ છે કે ન તો બ્રેક્સ અને ડ્રાઇવરની સીટ પર બેસવા માટે ત્યાં લડાઈ છે.

ધુળે અને મહારાષ્ટ્ર સાથેના તેમના સંબંધને યાદ કરતાં મોદીએ કહ્યું કે જ્યારે પણ તેમણે (જુઓ પાનું ૪) ▶▶

## મહાયુતિ જીતશે તો ફડણવીસ સીએમ?

### અમિત શાહે આપ્યો સંકેત જોકે અજિત પવારે કહ્યું કે નિર્ણય સાથે મળીને લેવાશે



સાંગલી ભાજપના વરિષ્ઠ નેતા અમિત શાહે શુક્રવારે અહીં ચૂંટણીસભાને સંબોધતા એવો સંકેત આપ્યો હતો કે જો મહાયુતિ જીતશે તો દેવેન્દ્ર ફડણવીસ મુખ્ય પ્રધાન બનશે.

એક ચૂંટણીસભાને સંબોધતા તેમણે કહ્યું હતું કે જનતા રાજ્યમાં મહાયુતિ અને દેવેન્દ્ર ફડણવીસને વિજયી બનતા જોવા માગે છે.

જોકે પુણેમાં એનસીપીના નેતા અજિત પવારને આ વિશે પુછાતા તેમણે કહ્યું હતું કે, મુખ્ય પ્રધાન બનાવવા સંબંધી નિર્ણય સાથે મળીને લેવાશે. (પીટીઆઈ)

## મહારાષ્ટ્રના ચૂંટણીપ્રચારમાં અમિત શાહ ગજર્યા

> **હિન્દુઓને ‘પાખંડ’ કહેનારાઓને સાથ આપી રહ્યા છે ઉદ્ધવ**

**ભગવાન રામના અસ્તિત્વ સામે સવાલ ઉઠાવનાર અને અજમલ કસાબને બિરયાની ખવડાવનારાઓ સાથે ઉદ્ધવની યુતિ**

**હરિયાણામાં કૉંગ્રેસ જે રીતે સાફ થઇ ગઇ એ રીતે મહારાષ્ટ્રમાં એમવીએનો સફાયો થઇ જશે**



**તલવાર નીકળી ચૂકી છે મ્યાનમાંથી**

મહારાષ્ટ્રના કરાડમાં ચૂંટણીસભા સંબોધતા પહેલા તેમને અપાયેલી તલવાર મ્યાનમાંથી કાઢી હતી અમિત શાહે. (પીટીઆઈ)

મુંબઈઃ હરિયાણામાં કોંગ્રેસની જીત પાકી છે એવું સમજીને મહારાષ્ટ્રમાં મહાવિકાસ આઘાડી (એમવીએ)ના લોકોએ કરોડો રૂપિયાના ફટાકડા ખરીદ્યા હતા, પણ મોટા ભાગની જગ્યાએ તેઓએ તેમના ફટાકડા ભાજપના કાર્યકરોને આપ્યા હતા. હરિયાણામાં કોંગ્રેસનો સફાયો થઇ ગયો હતો. એવી જ રીતે મહારાષ્ટ્રમાં પણ આઘાડી સાફ થઇ જશે અને ભાજપ જ સરકાર બનાવશે, એવો પ્રહાર અમિત શાહે શુક્રવારે મહારાષ્ટ્રના સાંગલી ખાતે પ્રચાર રેલીને સંબોધતી વેળાએ કર્યો હતો.

કેન્દ્રીય પ્રધાન અમિત શાહે શિવસેના (યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરેને પણ નિશાન પર લીધા હતા. શાહે ઉદ્ધવ ઠાકરે પર પ્રહાર કરતાં કહ્યું હતું કે જેઓ હિન્દુત્વને શરમ કહે છે, ભગવાન રામના અસ્તિત્વ પર સવાલ ઉઠાવે છે અને આતંકવાદી અજમલ કસાબને બિરયાની ખવડાવે છે તેમની સાથે જોડાણ કરવામાં તેમને શરમ આવવી જોઇએ. તેમણે એનસીપી (શરદ પવાર)ના વડા શરદ પવાર પર જૂઠું બોલવાનો પણ આરોપ મૂક્યો હતો. પવાર કહે છે કે મહારાષ્ટ્રમાં રોકાણ આવી રહ્યું નથી. આ અંગે જવાબ આપતાં શાહે કહ્યું હતું કે મહાવિકાસ આઘાડી (એમવીએ)ના શાસન દરમિયાન વિકાસની દૃષ્ટિએ રાજ્યનું રેન્કિંગ નીચે ગયું હતું, પણ હવે મહાયુતિ સરકાર એફડીઆઈને આકર્ષવામાં સફળ રહી છે.

૨૦મી નવેમ્બરે વિધાનસભાની ચૂંટણી પહેલાં પશ્ચિમ મહારાષ્ટ્રના સાતારા જિલ્લામાં કરાડ ખાતે એક રેલીને સંબોધતાં શાહે કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીને જૂઠાણાની ફેક્ટરી ગણાવ્યા હતા અને આરોપ મૂક્યો હતો કે તેઓ અગ્નિપથ જેવી યોજના વિશે ખોટી માહિતી ફેલાવી રહ્યા છે.

ઉદ્ધવ ઠાકરે પર નિશાન સાધતાં તેમણે કહ્યું હતું કે તેઓ એવા લોકો સાથે બેઠા છે જેઓ હિન્દુત્વને ‘પાખંડ’ કહે છે. તમે અફઝલ ખાન અને ઔરંગઝેબની કબરોની રક્ષા કરનારાઓ સાથે બેઠા છો. જેઓ હિંદુઓને આતંકવાદી કહે છે તેમની સાથે તમે બેઠા છો. ૨૬/૧૧ના મુંબઈ (જુઓ પાનું ૪) ▶▶

## બીજું શું બોલ્યા અમિત શાહ?

- ૨૦૧૯ની ચૂંટણીમાં ભાજપ-સેના ગઠબંધનને લોકોનો જનાદેશ મળ્યો હતો, પણ ભાજપને છેતરવામાં આવી હતી, પરંતુ આ વખતે એવી કોઇ ભૂલ નહીં થાય, કારણ કે મહાયુતિ જંગી બહુમતી સાથે સરકાર બનાવશે.
- ઈન્દિરા ગાંધીએ વન રેન્ક વન પેન્શનનું વચન આપ્યું હતું, પણ કોંગ્રેસે ૪૦ વર્ષ શાસન કર્યું તેમ છતાં આ વચનને પૂરું નહોતું કરાયું. આ વચન મોદીએ પાળ્યું છે.
- રાહુલ ગાંધી જૂઠાણું ફેલાવવાની એક ફેક્ટરી ધરાવે છે. તેઓ અગ્નિપથ યોજના અંગે ખોટો પ્રચાર કરી રહ્યા છે. તેઓ એવું કહે છે કે અગ્નિપથ સેનાના જવાનોને બેરોજગાર બનાવી રહ્યા છે. આજે હું તેમને એવું જણાવવા માગું છું કે અગ્નિપથ એ યુવાનોને બેરોજગાર બનાવવાની યોજના નથી, પણ સેનાને યુવા બનાવવાની યોજના છે.
- આજે દરેક અગ્નિવીરને સેનામાં સેવા આપ્યા પછી નોકરી મળશે.
- યુપીએમાં કેન્દ્રીય પ્રધાન તરીકે શરદ પવાર અને ચવ્હાણના કાર્યકાળ દરમિયાન રાજ્યને માત્ર ૧.૯૧ લાખ કરોડ રૂપિયા મળ્યા હતા, પણ મોદીજીના ૧૦ વર્ષમાં મહારાષ્ટ્રને ૧૦.૧૫ લાખ કરોડ મળ્યા હતા. અને હજુ પણ પવાર કહે છે કે તેમની સાથે અન્યાય થયો છે.
- જો એમવીએ ભૂલથી મહારાષ્ટ્રમાં સત્તા પર આવે તો શિવસેના (યુબીટી)ના પ્રમુખ ઉદ્ધવ ઠાકરે તેમના દીકરા આદિત્ય ઠાકરેને મુખ્ય પ્રધાન બનાવવા માગે છે. શરદ પવાર તેમની પુત્રી માટે આ પદ ઈચ્છે છે અને કોંગ્રેસમાં ડઝનબંધ નેતાઓ છે જેમણે પહેલેથી જ સીએમ બનવા માટેનાં કપડાં સીવી લીધા છે. ■

## બારામતીમાં મોદીને ચૂંટણીસભા સંબોધવા કેમ નહીં બોલાવે અજિતદાદા?

પુણેઃ બારામતી મતદારસંઘમાં નરેન્દ્ર મોદીને પ્રચાર રેલી સંબોધવા માટે હું વિનંતી નહીં કરું, કારણ કે આ અમારા પરિવાર વચ્ચેની લડાઈ છે, એવું મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે જણાવ્યું હતું.

અજિત પવાર સીટિંગ વિધાનસભ્ય છે અને તેઓ આ વખતે શરદ પવાર જૂથની એનસીપીના ઉમેદવાર અને તેમના ભત્રીજા યુગેન્દ્ર પવારનો સામનો કરી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે ૨૦મી નવેમ્બરે વિધાનસભાની ચૂંટણી માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે મહારાષ્ટ્રમાં ત્રણ ઠેકાણે પ્રચાર રેલીને સંબોધી હતી.

બારામતીમાં અમારા પરિવાર વચ્ચે જ લડાઈ છે, એવું અજિત પવારે પત્રકારોને જણાવીને ઉમેર્યું હતું કે આ જ કારણથી વડા પ્રધાન નરેન્દ્ર મોદીને બારામતી મતદારસંઘમાં પ્રચાર રેલીને સંબોધવાની કોઇ જરૂર ન જણાતી હોવાનું જણાવ્યું હતું.

એનસીપીના ઉમેદવારો પણ ભાજપના વરિષ્ઠ નેતા અમિત શાહ તેમના મતદારસંઘમાં પ્રચાર કરવા ન આવે તો ચાલશે, એવું અજિત પવારને પૂછવામાં આવતાં તેમણે જણાવ્યું હતું કે પ્રચાર માટે ખૂબ જ ઓછો સમય બચ્યો છે અને આમ પણ ચૂંટણીના ખર્ચની મર્યાદા પણ નડી રહી છે. (એજન્સી)■

### ‘કટેંગે..’ નારા સામેના અજિત પવારના વિરોધને પગલે લાગે છે કે...

## મહાયુતિમાં ઓલ ઈઝ નોટ વેલઃ ઉદ્ધવ

બુલઢાણાઃ ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથના નારા ‘બટેંગે તો કટેંગે’ને નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે નાપસંદ કર્યો છે એના પરથી સમજી શકાય છે કે મહાયુતિમાં અંદરોઅંદર એકતા જેવું કંઇ નથી, એમ શિવસેના (યુબીટી)ના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ શુક્રવારે જણાવ્યું હતું.

સિંધુદુર્ગ જિલ્લામાં છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમા તૂટી પડવાની ઘટનાને ટાંકતા ઉદ્ધવ ઠાકરેએ કહ્યું હતું કે એકનાથ શિંદેના નેતૃત્ત્વ હેઠળની સરકાર મહારાષ્ટ્રના ઇતિહાસમાં સૌથી વધુ ભ્રષ્ટ સરકાર છે.

અજિત પવારને યોગીનો મંત્ર ગમ્યું નહીં એના પરથી ખબર પડે છે કે મહાયુતિમાં એકતા નથી. આવી પરિસ્થિતિમાં મહારાષ્ટ્રને યુપીના મુખ્ય પ્રધાન પાસેથી કોઇ શીખ લેવાની જરૂર નથી.

મહારાષ્ટ્રની ચૂંટણી માટે ભાજપ દ્વારા ચૂંટણી પ્રચાર માટે બહારથી નેતાઓને લાવવામાં આવે છે. મહારાષ્ટ્રને જેઓ પ્રેમ કરે છે અને મહારાષ્ટ્ર સાથે જેમને ગદ્દારી કરી છે એમની વચ્ચે વિધાનસભાની (જુઓ પાનું ૪) ▶▶

## કાલબાદેવી, નાલાસોપારા, મીરા રોડમાંથી દસ કરોડની રોકડ જપ્ત

મુંબઈઃ વિધાનસભાની ચૂંટણીને પગલે લાગુ કરાયેલી આચારસંહિતા દરમિયાન પોલીસે દક્ષિણ મુંબઈના કાલબાદેવી પરિસરમાંથી ૨.૩૦ કરોડ રૂપિયા જપ્ત કરી ૧૨ જણને પૂછપરછ માટે તાબામાં લીધા હતા. નાલાસોપારા, માંડવી અને મીરા રોડ પોલીસે કાર્યવાહી કરી છેલ્લા ૨૪ કલાકમાં કૅશ વૅનમાંથી ૭.૮૦ કરોડની રોકડ જપ્ત કરી હતી. નાલારોપારા અને મીરા રોડમાં રોકડ લઈ જવા માટે કૅશ વૅનનો ઉપયોગ કરાયો હતો, જેથી પોલીસને શંકા ન જાય અને વૅનને રોકી તપાસ ન કરે, એમ અધિકારીએ જણાવ્યું હતું.

મળેલી માહિતીને આધારે આસિસ્ટન્ટ પોલીસ કમિશનર અને એલ. ટી. માર્ગ પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટર ચંદ્રકાંત સરોડેની ટીમે ગુરુવારની રાતે કાલબાદેવી નજીક ભુલેશ્વર માર્કેટ ખાતે કાર્યવાહી કરી હતી. તપાસ દરમિયાન પોલીસની ટીમે ૧૨ શકમંદ પાસેની બૅગની તપાસ કરી હતી.

બૅગમાં મોટી સંખ્યામાં રોકડ હોવાનું જાણવા મળતાં પ્રાથમિક તપાસ માટે ૧૨ જણને મુંબાદેવી પોલીસ ચોકીમાં લઈ જવાયા હતા. બૅગમાંની રોકડની ગણતરી કરતાં ૨.૩૦ કરોડ રૂપિયા હોવાનું જણાયું હતું. આ પ્રકરણે પોલીસે તાત્કાલિક મુંબાદેવી વૉર્ડના ચૂંટણી અધિકારીઓની ફ્લાઈંગ સ્ક્વૉડને જાણ કરી હતી.

ચૂંટણી અધિકારીની હાજરીમાં ૧૨ જણને એલ. ટી. માર્ગ પોલીસ સ્ટેશને લઈ જઈ વધુ પૂછપરછ કરવામાં આવી હતી. પકડાયેલા લોકો પાસે રોકડ સંબંધી પોલીસના સવાલોનો સંતોષજનક જવાબ (જુઓ પાનું ૪) ▶▶

## અજિત પવારને લક્ષ્ય બનાવતી એમવીએની જાહેરાત સામે ફરિયાદ

મુંબઈઃ વિધાનસભાની ચૂંટણી માટેનો પ્રચાર થઇ ગયો છે ત્યારે નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે શુક્રવારે અણુશક્તિનગર-શિવાજીનગર અને ગોવંડીમાં એનસીપી-અજિત પવાર જૂથના નેતા નવાબ મલિક તથા તેમનાં પુત્રી સના મલિક માટે પ્રચાર કર્યો હતો. બીજી તરફ મહાવિકાસ આઘાડી (એમવીએ)ની ‘હક માગે છે મહારાષ્ટ્ર’ જાહેરખબર પર વિવાદ ઊભો થયો છે. આ જાહેરખબરમાં અજિત પવારને લક્ષ્ય બનાવવામાં આવે છે. તેના વિરુદ્ધ અજિત પવાર જૂથ તરફથી પોલીસમાં ફરિયાદ કરવામાં આવી છે.

રાષ્ટ્રવાદી યુવકના પ્રદેશાધ્યક્ષ સૂરજ ચવ્હાણે મુંબઈ પોલીસ કમિશનરને પત્ર લખીને ફરિયાદ કરી છે કે મહાવિકાસ આઘાડીની જાહેરખબરમાં વાંધાજનક સામગ્રી છે અને અજિત પવારની જાણીજોઇને છબી ખરડવાનો પ્રયાસ કરવામાં (જુઓ પાનું ૪) ▶▶

### ચૂંટણી વખતે મોંઘવારીનું ટેન્શન

## કાંદા ૮૦ રૂપિયે તો લસણ ૫૦૦ રૂપિયે કિલો

નવી મુંબઈઃ વિધાનસભાની ચૂંટણીની ગરમાગરમીમાં મોંઘવારીને કારણે વાતાવરણ વધુ તપવા લાગ્યું છે. છૂટક બજારમાં કાંદા ૮૦ રૂપિયા કિલો તથા લસણ ૫૦૦ રૂપિયાના દરથી વેચાઇ રહ્યા છે. ચૂંટણીના સમયે જ થયેલા આ ભાવવધારાને કારણે તમામ પક્ષના ઉમેદવારોની ચિંતામાં વધારો થયો છે.

પાછોતરા વરસાદનો ફટકો કાંદાના ઉત્પાદન પર પડ્યો છે અને આવક ઓછી થવાને કારણે ભાવમાં વધારો થયો છે. નવી મુંબઈ એપીએમસી બજારમાં ગુરુવારે કાંદાની ૮૩૩ ટન આવક થઇ હતી. બજાર સમિતિમાં એક અઠવાડિયા પૂર્વે કાંદા ૧૮થી ૪૮ રૂપિયા કિલોએ વેચાઇ રહ્યા હતા. હવે આ દર ૩૫થી ૬૨ રૂપિયા પર પહોંચ્યા છે. રિટેલ બજારમાં કાંદા ૭૫થી ૮૦ રૂપિયા કિલોએ વેચાઇ રહ્યા છે. હજી બે અઠવાડિયા સુધી કાંદાના ભાવ વધુ જ રહેશે, એવી શક્યતા વેપારીઓ દ્વારા વ્યક્ત કરવામાં આવી હતી.

બીજી તરફ એક વર્ષથી લસણના દરમાં પણ તેજી જોવા મળી રહી છે. બુધવારે એપીએમસી બજારમાં લસણ ૨૨૦થી ૩૨૦ રૂપિયા કિલોના દરે વેચાઇ રહ્યા હતા. છૂટક બજારમાં (જુઓ પાનું ૪) ▶▶

## કલ્યાણમાં ખાડામાં પડી જવાથી બાળકે જીવ ગુમાવ્યો

થાણેઃ કલ્યાણમાં ખુલ્લી જગ્યા પર ખોદવામાં આવેલા ખાડામાં પડી જવાથી ત્રણ વર્ષના બાળકે જીવ ગુમાવ્યો હોવાની ઘટના બનતાં પોલીસે બે જણ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

બાળકના પિતાએ નોંધાવેલી ફરિયાદને આધારે પોલીસે કલ્યાણ ફાટા પરિસરમાં આવેલા પ્લૉટના માલિકો વિરુદ્ધ ગુનો નોંધ્યો હોવાનું શિળ ડાયઘર પોલીસે જણાવ્યું હતું.

અધિકારીના જણાવ્યા મુજબ મહિના પછી બાળકનો ત્રીજો જન્મદિન હતો. ચોથી નવેમ્બરે રમતાં રમતાં બાળક ખાડા નજીક ગયો હતો અને તેમાં પડી ગયો હતો. સારવાર માટે તેને હૉસ્પિટલમાં દાખલ કરાયો હતો, જ્યાં બીજે દિવસે તેનું મૃત્યુ થયું હતું. ■

# કોહલી-રોહિત માટે ‘ગાંગુલીના દુશ્મન’ની સલાહ

## ગ્રેગ ચૅપલે સચિનનું નામ લઈને પણ કહી મોટી વાત




મેલબર્નઃ ભારતની ટેસ્ટ-ટીમ ન્યૂ ઝીલૅન્ડ સામેની ૦-૩ની નામોશી બાદ હવે ઑસ્ટ્રેલિયા ખાતેના પાંચ ટેસ્ટના સંઘર્ષભર્યા પ્રવાસે જશે. બાવીસમી નવેમ્બરે શરૂ થનારી આ શ્રેણી કૅપ્ટન રોહિત શર્મા અને વિરાટ કોહલી માટે આકરી કસોટી સમાન બની રહેશે અને એના અનુસંધાનમાં ઑસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ ક્રિકેટર ગ્રેગ ચૅપલે બન્ને ભારતીય દિગ્ગજો માટે સલાહ આપી છે. જોકે એકવીસમી સદીના શરૂઆતના દાયકા દરમ્યાન ભારતીય ટીમના હેડ-કોચ બનીને સૌરવ ગાંગુલી, વીરેન્દર સેહવાગ સહિત અનેક ભારતીય ખેલાડીઓને પરેશાન કરનાર ગ્રેગ ચૅપલે કોહલી-રોહિત માટે થોડી મુદ્દાની વાત તો કરી જ છે.

ગ્રેગ ચૅપલે કહ્યું છે કે ‘વિદેશી ધરતી પર ભારતીય ટીમે ફરી દેશનું નામ રોશન કરવું હોય તો કોહલી-રોહિતમાં અગાઉ જેવી ઊર્જા અને માનસિકતા જરૂરી છે અને તેઓ એ પાછી લાવી શકે એમ છે.’

ભારતે ઑસ્ટ્રેલિયા ખાતેના છેલ્લા બન્ને પ્રવાસમાં ટેસ્ટ-શ્રેણી ૨-૧થી જીતી લીધી હતી. ચૅપલનું માનવું છે કે ‘કોહલી અને રોહિતે ઉંમર વધવાની સાથે પોતાના અસલ કૌશલ્ય અને એકાગ્રતાને પાછા મેળવવા જરૂરી છે અને એમાં તેઓ સફળ થઈ શકે એમ છે.’

ચૅપલે એક ઑસ્ટ્રેલિયન અખબારને એવું પણ કહ્યું કે ‘કોહલી તેના જોશ, ઝનૂન અને ઉચ્ચ ધોરણો માટે જાણીતો છે. તેના હાલના ખરાબ પ્રદર્શને દરેકને પરેશાન કરી દીધા છે. તેણે હવે ધૈર્ય અને એકાગ્રતા બનાવી રાખવા પર ધ્યાન આપવું પડશે. રોહિત વિશે કહીએ તો તેણે તેની બૅટિંગ અને કૅપ્ટન્સીના બોજ નીચે સંતુલન રાખવું પડશે. ભારતની સફળતા માટે તેણે ફરી સંતુલિત આક્રમકતા અપનાવવી પડશે.’

ઑસ્ટ્રેલિયા વતી ૧૯૭૦થી ૧૯૮૪ દરમ્યાન ૮૭ ટેસ્ટ રમનાર અને ૨૪ સેન્ચુરી ફટકારવાની સાથે ૫૩.૮૬ની બૅટિંગ-ઍવરેજ નોંધાવનાર ગ્રેગ ચૅપલે કોહલી-રોહિતની વાત કરવાની સાથે ઑસ્ટ્રેલિયન બૅટર સ્ટીવ સ્મિથને પણ એમાં સાંકળી લીધો. ચૅપલે કહ્યું, ‘રોહિત, કોહલી અને સ્મિથનો અસલી જંગ વિરોધી ટીમ સામે નહીં, પણ સમય સામે છે. તમે જ્યારે યુવાવસ્થામાં રહો ત્યારે પરિસ્થિતિઓ તેમ જ મૅચની સ્થિતિને લઈને ખાસ કંઈ ચિંતા નથી કરતા હોતા. તમારું ધ્યાન માત્ર રનનો ઢગલો કરવા પર હોય છે.’

ગ્રેગ ચૅપલે ૨૦૦૫ની સાલમાં સચિન તેન્ડુલકર સાથે થયેલી ચર્ચાનો ઉલ્લેખ કરતા કહ્યું, ‘ખેલાડીની ઉંમર વધે એમ તેની સામે ઘણા પ્રકારના પડકાર આવતા હોય છે.’

સચિને ત્યારે તેમને પૂછ્યું હતું, ‘ગ્રેગ, ઉંમર વધવાની સાથે બૅટિંગ કરવાનું બૅટર માટે મુશ્કેલ કેમ થઈ જતું હોય છે? ઊલટાનું આસાન થવું જોઈએ.’

ગ્રેગ ચૅપલે તેને ત્યારે જવાબમાં કહ્યું હતું, ‘ખેલાડીની ઉંમર વધે એમ અગાઉની જેમ બૅટિંગ કરવા સંબંધમાં તેની માનસિક જરૂરિયાતો વધી જતી હોય છે. બૅટિંગ કરવી મુશ્કેલ થઈ જાય છે, કારણકે એ તબક્કે તેને અહેસાસ થતો જાય છે કે આ સ્તર પર બૅટિંગ કરવી કેટલી બધી કઠિન છે. આવી માનસિકતા આવી જવા ઉપરાંત તેની એકાગ્રતાને પણ અસર થતી હોય છે અને સફળ થવા માટે એ જ સૌથી અગત્યની હોય છે.’

ચૅપલે સચિનને ત્યારે એવું પણ કહ્યું હતું કે ‘ઉંમર વધવાની સાથે ખેલાડીની આંખોની રોશની કે રિફ્લેક્સ ઓછા નથી થતા, પણ એકાગ્રતા યથાવત રાખવી મુશ્કેલ કામ બની જાય છે. યુવાનીમાં તમારી એકાગ્રતા રન બનાવવા પર કેન્દ્રિત હોય છે. ઉંમર વધવાની સાથે વિરોધી ટીમ તમારી નબળાઈ જાણવા લાગે છે. તમે પરિસ્થિતિઓની બાબતમાં વધુ સજાગ થઈ જાઓ છો, પણ એકાગ્રતા ઘટવાને લીધે તમને અવળી અસર થતી હોય છે.’ ■

# ટીમ ઇન્ડિયા ચૅમ્પિયન્સ ટ્રોફી માટે નહીં જાય પાકિસ્તાન, દુબઈમાં રમાઈ શકે ભારતની મૅચો

નવી દિલ્હીઃ આવતા વર્ષની શરૂઆતમાં પાકિસ્તાનમાં વન-ડેની જે ચૅમ્પિયન્સ ટ્રોફી રમાવાની છે એ વિશે મોટી વાત બહાર આવી છે. એ ટૂર્નામેન્ટ માટે ભારત પોતાની ટીમને પાકિસ્તાન નહીં મોકલે. આ નિર્ણયથી પાકિસ્તાનને મોટો ઝટકો લાગ્યો છે.

એક અખબારી અહેવાલ મુજબ ભારત પોતાની મૅચો દુબઈમાં રમી શકશે. આ સંબંધમાં સત્તાવાર જાહેરાત હજી થઈ નથી, પરંતુ ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બૉર્ડે સુરક્ષાના કારણો આપીને પાકિસ્તાનને ચોખ્ખું કહી દીધું છે કે ભારતની ટીમ તમારે ત્યાં રમવા નહીં આવે.

ભારતના વિદેશ પ્રધાન એસ. જયશંકર તાજેતરમાં પાકિસ્તાનના પ્રવાસે ગયા હતા. એને પગલે ટીમ ઇન્ડિયાને લઈને ઘણી ચર્ચા થઈ હતી. જોકે હવે જે સમીકરણ બન્યું છે એનાથી પાકિસ્તાનને ઝટકો લાગ્યો છે.

પાકિસ્તાનને ભારતીય ક્રિકેટ બોર્ડને મનાવવા બનતા બધા પ્રયત્નો કર્યા હતા, પણ એમાં એને નિષ્ફળતા મળી હતી. વાસ્તવમાં ભારત સરકાર મંજૂર કરે તો જ બીસીસીઆઇ ટીમ ઇન્ડિયાને પાકિસ્તાન મોકલી શકે. બીજી હકીકત એ છે કે ખુદ ભારતીય ક્રિકેટ બોર્ડ અને ભારતીય ખેલાડીઓ પણ નહોતા ઇચ્છતા કે ટીમ ઇન્ડિયાને પાકિસ્તાન મોકલવામાં આવે. સરહદ પારથી પાકિસ્તાન આતંકવાદીઓને હજી પણ મોકલતું રહે છે એટલે બન્ને દેશ વચ્ચેના ક્રિકેટ-સંબંધો અગાઉ જેવા પ્રસ્થાપિત થવાની હમણાં કોઈ જ સંભાવના નથી.

પાકિસ્તાન ક્રિકેટ બૉર્ડે એક વિકલ્પ એ પણ આપ્યો હતો કે ભારતીય ટીમ પાકિસ્તાનમાં પોતાની મૅચ રમી લે એટલે એના ખેલાડીઓ પછીની મૅચ સુધીમાં ભારત પાછા જઈ શકે એવી વ્યવસ્થા થઈ શકે એમ છે. જોકે પાકિસ્તાનની એ અજમાયશ પણ કારગત નહોતી નીવડી.

ટૂંકમાં, એશિયા કપની જેમ હવે ચૅમ્પિયન્સ ટ્રોફી પણ હાઇબ્રિડ મૉડેલ પર થઈ શકે એમ છે. ■

# પાકિસ્તાન સાત વર્ષે ઑસ્ટ્રેલિયામાં જીત્યું, કાંગારૂઓનો લોએસ્ટ સ્કોરનો રેકૉર્ડ

ઍડિલેઇડઃ ઑસ્ટ્રેલિયાએ મેલબર્નમાં પાકિસ્તાન સામેની સિરીઝની પ્રથમ વન-ડે ૯૯ બૉલ બાકી રાખીને બે વિકેટે જીતી લીધી ત્યાર બાદ શુક્રવારે પાકિસ્તાને ૧૪૧ બૉલ બાકી રાખીને નવ વિકેટના માર્જિનથી વિજય મેળવીને સિરીઝ ૧-૧ની બરાબરીમાં લાવી દીધી હતી અને હવે રવિવારે પર્થમાં (જ્યાં ભારતીયો બરાબર બે અઠવાડિયા પછી પ્રથમ ટેસ્ટ રમવાના છે) નિર્ણાયક વન-ડે રમાશે.

પાકિસ્તાન ૨૦૧૭ પછી પહેલી વાર ઑસ્ટ્રેલિયામાં વન-ડે જીત્યું છે. બીજી તરફ, ઑસ્ટ્રેલિયાના ૧૬૩ રન પાકિસ્તાન સામેનો નવો નીચો સ્કોર છે. આ પહેલાં ૧૬૫ રન ઑસ્ટ્રેલિયાનો પાકિસ્તાન સામે લોએસ્ટ સ્કોર હતો જે એણે ૧૯૯૦માં સિડનીમાં નોંધાવ્યો હતો. ઑસ્ટ્રેલિયાને ૧૬૩ રન સુધી સીમિત રખાવવામાં ફાસ્ટ બોલર (૨૯ રનમાં પાંચ વિકેટ)નું સૌથી મોટું યોગદાન હતું. શાહીન આફ્રિદીએ ત્રણ વિકેટ લીધી હતી. પાકિસ્તાને સઇમ અયુબ (૮૨ રન) અને અબ્દુલ્લા શફીક (૬૪ અણનમ) વચ્ચેની ૧૩૭ રનની ભાગીદારીની મદદથી ૨૬.૩ ઓવરમાં એક વિકેટે ૧૬૯ રન બનાવીને વિજય મેળવ્યો હતો. ■

# મુંબઈ આજે જીતી શકે

## હાર્વિકે સૌરાષ્ટ્રને લીડ અપાવી

મુંબઈઃ બાંદરા-કુર્લા કૉમ્પ્લેક્સમાં ઓડિશા સામે મુંબઈ ચાર દિવસીય રણજી મૅચમાં એક દાવથી વિજય મેળવવાની તૈયારીમાં છે. અજિંક્ય રહાણેના સુકાનમાં મુંબઈએ શ્રેયસ ઐયરના ૨૩૩ રન અને સિદ્ધેશ લાડના અણનમ ૧૬૯ રનની મદદથી ચાર વિકેટે બનેલા ૬૦૨ રનના સ્કોર પર પ્રથમ દાવ ડિક્લેર કર્યા બાદ ઓડિશાની ટીમે સંદીપ પટનાઇકના ૧૦૨ રનની મદદથી ૨૮૫ રન બનાવ્યા પછી પણ ફૉલો-ઑન થવું પડ્યું હતું. લેફ્ટ-આર્મ સ્પિનર શમ્સ મુલાનીએ છ વિકેટ અને ઑફ સ્પિનર હિમાંશુ સિંહે ત્રણ વિકેટ લીધી હતી. બીજા દાવમાં ઓડિશાએ રમતના અંત સુધીમાં ૧૨૬ રનમાં પાંચ વિકેટ ગુમાવી દીધી હતી. હિમાંશુએ ફરી ત્રણ વિકેટ લીધી હતી, જ્યારે એક વિકેટ મુલાનીએ અને એક રૉયસ્ટન ડાયસે લીધી હતી.

રાંચીમાં ચાર દિવસીય મૅચમાં ઝારખંડના ૩૦૬ રનના જવાબમાં સૌરાષ્ટ્રએ ઓપનર હાર્વિક દેસાઈના ૧૫૫ રન, અર્પિત વસાવડાના ૭૩ રન અને ચિરાગ જાનીના ૫૬ રનની મદદથી ૩૮૬ રન બનાવીને ૮૦ રનની સરસાઈ લીધી હતી. બીજા દાવમાં ઝારખંડે ૭૪ રનમાં એક વિકેટ ગુમાવી દીધી હતી.

અગરતલામાં બરોડા (૨૩૫ રન) સામે ત્રિપુરા (૪૮૨/૭ ડિક્લેર્ડ)એ ૨૪૭ રનની સરસાઈ લીધી હતી. બીજા દાવમાં બરોડાના વિના વિકેટે ૩૭ રન હતા.

અમદાવાદમાં પુડુચેરીએ ૩૬૧ રન બનાવ્યા બાદ ગુજરાતે આર્ય દેસાઈ (૨૦૦ રન, ૩૪૨ બૉલ, ત્રણ સિક્સર, ૨૬ ફોર)ની ડબલ સેન્ચુરીની મદદથી નવ વિકેટે ૩૫૯ રન બનાવ્યા હતા.

# રાહુલ પપ્પા બનશે, આથિયા ૨૦૨૫માં બાળકને જન્મ આપશે

## મીડિયામાં આપ્યા ગુડ ન્યૂઝ

નવી દિલ્હીઃ ભારતીય ક્રિકેટર કેએલ રાહુલ અને તેની ઍક્ટ્રેસ-પત્ની આથિયા શેટ્ટી ટૂંક સમયમાં જ પૅરેન્ટ્સ બની જશે. આ સેલિબ્રિટી કપલે શુક્રવારે સોશિયલ મીડિયામાં આ ગુડ ન્યૂઝ શૅર કર્યા હતા.

આથિયા ૨૦૨૫માં મમ્મી બનશે. જોકે એ વર્ષમાં તે અંદાજે કયા મહિનામાં બાળકને જન્મ આપશે એ વિશે આ કપલે મીડિયામાં નહોતું જણાવ્યું.


તેમણે પોસ્ટમાં ‘અમારું સુંદર વરદાન થોડા જ સમયમાં આવી રહ્યું છે. ૨૦૨૫...’આવું લખીને તેમણે બૅબી ફૂટપ્રિન્ટ્સનું પ્રતીક પણ મૂક્યું હતું.

# ‘બિઝનેસમૅન’ કોહલીએ કંપની બદલી

નવી દિલ્હીઃ ભારતના સૌથી લોકપ્રિય ક્રિકેટરોમાંના એક વિરાટ કોહલીએ તેના નવા મૅનેજમેન્ટ વેન્ચર ‘સ્પોર્ટિંગ બિયૉન્ડ’ વિશેની જાહેરાત કરી છે. આ જાહેરાતને લઈને તેના અસંખ્ય ચાહકોને આશ્ચર્ય થયું છે.

નવી મેનેજમેન્ટ કંપની સાથેના કરારનું પગલું તેણે કૉર્નરસ્ટોન નામની કંપની સાથે છેડો ફાડ્યા બાદ ભર્યું છે.

કોહલીએ સોશિયલ મીડિયા પર પોતાના કરોડો રૂપિયાના બિઝનેસને લગતા સમાચાર શૅર કર્યા હતા જેમાં તેણે જણાવ્યું હતું કે ‘‘સ્પોર્ટિંગ બિયૉન્ડ કંપની મારા ધ્યેયને બરાબર જાણે છે, ઓળખે છે તેમ જ પારદર્શકતા, અખંડિતતાને લગતા મારા મૂલ્યોને અને રમત પ્રત્યેના મારા અનહદ પ્રેમને પણ બરાબર જાણે છે. આ સાથે, મારા નવા અધ્યાયની શરૂઆત થઈ છે અને મારી આ નવી ટીમ સાથે કામ કરવાની બાબતમાં હું ખૂબ આશાવાદી છું. આ નવી કંપની મારા તમામ પ્રકારના બિઝનેસને લગતું કામકાજ સંભાળશે.’




૨૦૨૩ની સાલમાં કોહલીની બ્રૅન્ડ વેલ્યુ ૨૨૭.૯ મિલિયન ડોલર (અંદાજે ૨૦ અબજ રૂપિયા) હતી. તે અનેક જાણીતી બ્રૅન્ડના મોડલિંગ માટે કરારબદ્ધ થયો છે.

માર્ચ, ૨૦૨૪ સુધીના નાણાકીય વર્ષના આંકડા મુજબ દેશના સ્પોટ્ર્સપર્સન્સમાં કોહલી સૌથી મોટો કરદાતા છે. એ વર્ષમાં કોહલીએ ૬૬ કરોડ રૂપિયાનો ટેક્સ ભર્યો હતો. ■

# વિરાટ-અનુષ્કા બાંદરાની રેસ્ટોરાંમાંઃ મુંબઈમાં પાછા સ્થાયી થશે કે શું?

## પુત્ર અકાયને જન્મ આપ્યા પછી અનુષ્કા ભાગ્યે જ ભારતમાં આવી છે

મુંબઈઃ સ્ટાર કપલ અનુષ્કા શર્મા અને વિરાટ કોહલી મુંબઈની એક સાઉથ ઇન્ડિયન રેસ્ટોરાંમાં જોવા મળ્યા હતાં. અનુષ્કાની બીજી પ્રેગ્નન્સી બાદથી આ કપલ લંડનમાં જ રહે છે. અનુષ્કાએ ઇન્સ્ટાગ્રામ સ્ટોરી પર મુંબઈના ફોટો શેર કર્યા છે, જેથી કેટલાક લોકો અનુમાન લગાવી રહ્યા છે કે તે મુંબઈમાં પાછી આવી ગઈ છે કેમ.

અનુષ્કા શર્મા અને વિરાટ કોહલી ગુરુવારે મુંબઈમાં ફરવા માટે નીકળ્યા હતા, બંને બંદ્રામાં આવેલી એક સાઉથ ઇન્ડિયન રેસ્ટોરન્ટમાં જોવા મળ્યા હતાં. જો કે કપલે તેમની ડેટના કોઈ ફોટા પોસ્ટ કર્યા ન હતા, પરંતુ જે રેસ્ટોરન્ટમાં તેઓ ગયા હતાં તેણે ફોટા પોસ્ટ કર્યા હતા. એવી અટકળો ચાલી રહી છે કે કપલ હવે ફરી મુંબઈ શિફ્ટ થઈ ગયું છે?

ગુરુવારે મુંબઈના બાંદ્રા સ્થિત કાફે બંન્નેના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ અકાઉન્ટ પર વિરાટ અને અનુષ્કાની તસવીરો પોસ્ટ કરવામાં આવી હતી. પ્રથમ તસવીરમાં વિરાટ અને અનુષ્કા કેફેના સ્ટાફ સાથે પોઝ આપતા જોવા મળે છે. બીજી તસવીરમાં કપલે ઓર્ડર કરેલા ફૂડનું બિલ દેખાય છે, જ્યારે ત્રીજી તસવીરમાં કેપ પર વિરાટનો ઓટોગ્રાફ છે.

ગુરુવારે અનુષ્કા શર્માએ તેના ઇન્સ્ટાગ્રામ સ્ટોરી પર જુહુ બીચની એક તસવીર પણ શેર કરી, જ્યાં લોકો છઠ પૂજાની ઉજવણી કરવા એકઠા થયા હતાં, સાથે અનુષ્કાએ લખ્યું, ’છઠ પૂજાની શુભકામનાઓ.’ હવે એવી અટકળો ચાલી રહી છે કે આ કપલ ફરી મુંબઈ શિફ્ટ થઈ ગયું છે. જોકે, શક્ય છે કે તે મુંબઈ માત્ર મુલાકાત માટે આવ્યા હોય. આ અંગે વિરાટ કોહલી કે અનુષ્કા શર્માએ કંઈ કહ્યું નથી.

ઓસ્ટ્રેલિયા-ભારત ટેસ્ટ સિરીઝ ૨૨ નવેમ્બરથી શરૂ થવા જઈ રહી છે, તે પહેલા કપલ ત્યાં જવા માટે રવાના થઈ શકે છે. વિરાટ કોહલી અને અનુષ્કા શર્માના પુત્ર અકાયનો જન્મ લંડનમાં થયો હતો. અકાયના જન્મ પછી પણ અનુષ્કા ભારતમાં ભાગ્યે જ જોવા મળે છે. ■

## દેશ-વિદેશ

# લંકામાં ચૂંટણી કાયદાનાં ઉલ્લંઘન બદલ ૧૧ ઉમેદવારની ધરપકડ કરાઈ

કોલંબો : સંસદીય ચૂંટણી લડતા ઓછામાં ઓછા ૧૧ શ્રીલંકાના ઉમેદવારની ચૂંટણી કાયદાનું ઉલ્લંઘન કરવા બદલ ધરપકડ કરવામાં આવી છે. શ્રીલંકામાં ૧૪ નવેમ્બરે મતદાન થશે. ૧૭ મિલિયનથી વધુ મતદારો મતદાન કરવા પાત્ર છે. સામાન્ય ચૂંટણીમાં કુલ ૮૮૮૮ ઉમેદવાર ચૂંટણી લડશે.

રોકડની તંગીવાળા આ દેશમાં ૨૧ સપ્ટેમ્બરે યોજાયેલી રાષ્ટ્રપતિની ચૂંટણી બાદ સંસદીય ચૂંટણી યોજાવાની છે. ત્રીજી ડિસેમ્બરમાં સ્થાનિક કાઉન્સિલની ચૂંટણી થશે. ચૂંટણી પંચના મહાનિર્દેશક સામન શ્રી રત્નાયકેએ જણાવ્યું હતું કે સંભવિત ઉલ્લંઘનો માટે ઉમેદવારોને નજરકેદ રાખવામાં આવ્યા છે અને જો તેઓ દોષી સાબિત થાય તો તેઓ ચૂંટાય તો તેમને પદ પરથી હટાવવામાં આવી શકે છે.

પોલીસ પ્રવક્તા ડીઆઈજી નિહાલ થલદુવાએ જણાવ્યું હતું કે તેઓની પત્રિકાઓનું વિતરણ, પોસ્ટર અને બેનરો પ્રદર્શિત કરવા અને શંકાસ્પદોને મુક્ત કરવા માટે પોલીસ સ્ટેશનોમાં વિરોધ પ્રદર્શન કરવાના આરોપમાં ધરપકડ કરવામાં આવી હતી. ચૂંટણીમાં પાંચ વર્ષની મુદત માટે નવી ૨૨૫ સભ્યની એસેમ્બલી જોવા મળશે. ■

# એલડીએફએ ચૂંટણી પંચને કરી ફરિયાદ, વાયનાડમાં ફૂડ્સ પેકેટ્સના વિતરણની તપાસ કરવાની કરી માગ

વાયનાડ (કેરળ): કેરળમાં વાયનાડ જિલ્લાના થોલપેટ્ટીમાં સત્તારૂઢ ડાબેરી ડેમોક્રેટિક ફ્રન્ટ (એલડીએફ) એ કોંગ્રેસના નેતાઓની તસવીરો ધરાવતા ફૂડ પેકેટો જપ્ત કરવાના મામલાની તપાસ કરવા ચૂંટણી પંચને ફરિયાદ કરી છે. એલડીએફએ આરોપ લગાવ્યો હતો કે આ ફૂડ્સ પેકેટ ૧૩ નવેમ્બરે યોજાનારી પેટાચૂંટણીમાં કોંગ્રેસના પક્ષમાં મતદારોને પ્રભાવિત કરવાના ઉદ્દેશ્યથી વિતરણ કરવામાં આવ્યા હતા. એલડીએફના જિલ્લાના સંયોજક અને પૂર્વ ધારાસભ્ય સીકે સસીન્દ્રને શુક્રવારે જણાવ્યું હતું કે, ‘આ મામલાની તપાસની માગને લઇને ચૂંટણી પંચ અને વાયનાડ જિલ્લા મેજિસ્ટ્રેટને ફરિયાદ કરવામાં આવી છે.’

એલડીએફના એક નેતાએ આરોપ લગાવ્યો હતો કે વાયનાડમાં મતદાતાઓને ફૂડ્સ પેકેટ્સનું વિતરણ કરીને યુનાઇટેડ ડેમોક્રેટિક ફ્રન્ટ (યુડીએફ) ચૂંટણી નિયમો અને માપદંડોનો ભંગ કરી રહ્યું છે. કોંગ્રેસ નેતાઓની તસવીરો ધરાવતા ફૂડ્સ પેકેટ્સને ભૂસ્ખલન પીડિતોને સહાયતાની આડમાં આપવામાં આવી રહ્યા છે.

લોકસભા પેટાચૂંટણી પહેલા વાયનાડમાં ચૂંટણી પંચની ફ્લાઈંગ સ્કવોડ અને પોલીસે ગુરુવારે જિલ્લાના થોલપેટ્ટીમાં કોંગ્રેસના નેતાઓના ફોટાવાળા ૩૦ જેટલા ફૂડ પેકેટો જપ્ત કર્યા ત્યારે રાજકીય વિવાદ પેદા થયો હતો. સૂત્રોના જણાવ્યા અનુસાર, ખાંડ, ચોખા, ચાની પત્તી અને અન્ય કરિયાણાની વસ્તુઓ હોય તેવા આ પેકેટ પર રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી, કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયા અને નાયબ મુખ્ય મંત્રી ડીકે શિવકુમારની તસવીરો હતી. સ્થાનિક કોંગ્રેસ નેતાના ઘરની નજીક આવેલી ફ્લોર ફેક્ટરીમાંથી આ જથ્થો મળી આવ્યો હતો.

કોંગ્રેસના નેતાઓના જણાવ્યા અનુસાર, આ એ જ પેકેટ છે જે ૩૦ જૂલાઈએ વાયનાડ ભૂસ્ખલન દુર્ઘટનામાં જીવિત રહેલા લોકોને વહેંચવા માટે લાવવામાં આવ્યા હતા. કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધી વાયનાડ પેટાચૂંટણી માટે યુડીએફના ઉમેદવાર છે, જ્યાં તેઓ કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા (સીપીઆઇ)ના ઉમેદવાર અને વરિષ્ઠ નેતા સત્યન મોકેરી અને ભારતીય જનતા પાર્ટી (બીજેપી)ના ઉમેદવાર નાવ્યા હરિદાસ સામે ચૂંટણી લડી રહ્યા છે. ■

# મણિપુરના જીરીબામમાં છ ઘરોમાં આગચંપી અને ગ્રામીણો પર હુમલો

ઇમ્ફાલઃ મણિપુરના વંશીય સંઘર્ષગ્રસ્ત મણિપુરના જીરીબામ જિલ્લામાં સશસ્ત્ર ઉગ્રવાદીઓના એક જૂથે ઓછામાં ઓછા છ ઘરોને આગ ચાંપી હતી. તેમજ એક આદિવાસી ગામના રહેવાસીઓ પર હુમલો કર્યો હતો. આ જાણકારી પોલીસે શુક્રવારે આપી હતી. એક વરિષ્ઠ અધિકારીના જણાવ્યા અનુસાર આ ઘટના ગુરુવારે સાંજે જૈરોન હમાર ગામમાં બની હતી, જ્યારે ઉગ્રવાદીઓના એક જૂથે ઘરોને આગ ચાંપી હતી. તેમણે જણાવ્યું કે પ્રારંભિક અહેવાલો સૂચવે છે કે હુમલા દરમિયાન ઘણા ગ્રામીણો ભાગી છૂટવામાં સફળ રહ્યા હતા. તેમણે નજીકના જંગલમાં આશરો લીધો હતો. આગને કારણે ઓછામાં ઓછા છ મકાનોને ભયંકર નુકસાન થયું હતું. આ મામલાની તપાસ ચાલી રહી છે. કુકી-જો સંગઠને દાવો કર્યો હતો કે હુમલા દરમિયાન ગામની એક મહિલાનું મૃત્યુ થયું હતું, પરંતુ જિલ્લા પોલીસે મૃત્યુના અહેવાલની પુષ્ટિ કરી નથી.

નોંધનીય છે કે મણિપુર ગયા વર્ષના મે મહિનાથી વંશીય હિંસાથી સળગી રહ્યું છે. અત્યાર સુધીમાં ૨૦૦થી વધુ લોકોનાં મોત થયાં છે. મેઇતેઇ સમુદાયની અનુસૂચિત જનજાતિ (એસટી) દરજજાની માગના વિરોધમાં પહાડી જિલ્લાઓમાં આદિવાસી એકતા માર્ચનું આયોજન કરવામાં આવ્યા બાદ ૩ મેના રોજ હિંસા ફાટી નીકળી હતી. મણિપુરની વસ્તીના લગભગ ૫૩ ટકા મેઇતેઇ છે અને મોટાભાગે ઇમ્ફાલ ખીણમાં રહે છે. જ્યારે નાગા અને કુકી આદિવાસીઓ ૪૦ ટકા છે અને મોટાભાગે પહાડી જિલ્લાઓમાં રહે છે. ■

# વડા પ્રધાને દિગ્ગજ નેતા લાલકૃષ્ણ અડવાણીને જન્મદિવસની શુભેચ્છા પાઠવી

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે ભાજપના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણીને તેમના જન્મદિવસ નિમિત્તે શુભેચ્છા પાઠવી હતી. તેમ જ ભારતના સૌથી પ્રશંસનીય રાજકારણીઓમાંના એક ગણાવ્યા હતા. તેમ જ તેમણે જણાવ્યું કે અડવાણીજીએ દેશના વિકાસને આગળ વધારવા માટે પોતાને સમર્પિત કર્યા છે.

ભૂતપૂર્વ નાયબ વડા પ્રધાન અને ભાજપના પૂર્વ અધ્યક્ષ અડવાણી શુક્રવારે ૯૭ વર્ષના થયા હતા. મોદીએ એક્સ પર જણાવ્યું કે લાલ કૃષ્ણ અડવાણીજીને તેમના જન્મદિવસ પર શુભકામનાઓ. આ વર્ષ વધુ વિશેષ છે, કારણ કે તેમને આપણા દેશ માટે તેમની ઉત્કૃષ્ટ સેવા માટે ભારત રત્નથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

વડા પ્રધાને જણાવ્યું કે ભારતના સૌથી પ્રશંસનીય રાજનેતાઓમાંના એક, તેમણે ભારતના વિકાસને આગળ વધારવા માટે પોતાને સમર્પિત કર્યા છે. તેમની બુદ્ધિમતા અને સમૃદ્ધ આંતરદ્રષ્ટિ માટે તેમને સન્માનિત કરવામાં આવ્યા છે.

હું ભાગ્યશાળી છું કે ઘણાં વર્ષોથી તેમનું માર્ગદર્શન મળ્યું છે. હું તેમના લાંબા અને સ્વસ્થ જીવન માટે પ્રાર્થના કરું છું. ■

# ભાજપના સાંસદ તેજસ્વી સૂર્યાની મુશ્કેલીઓ વધીઃ ફેક ન્યૂઝ ફેલાવવા બદલ નોંધાઈ ફરિયાદ

બેંગલૂરુઃ ભાજપ સાંસદ તેજસ્વી સૂર્યાની મુશ્કેલીઓ વધી છે. જેમાં સાંસદ તેજસ્વી સૂર્યા અને કેટલાક કન્નડ ન્યૂઝ પોર્ટલના સંપાદકો વિરુદ્ધ ફેક ન્યૂઝ ફેલાવવા બદલ કેસ નોંધવામાં આવ્યો છે. આ અંગે માહિતી આપતાં પોલીસે કહ્યું કે સૂર્યા અને અન્યો પર એક ખેડૂતની આત્મહત્યાના મામલાને વકફ બોર્ડ સાથે જમીન વિવાદ સાથે જોડીને નકલી સમાચાર ફેલાવવાનો આરોપ છે. આ ન્યૂઝ પોર્ટલના સમાચાર ‘એક્સ’ પર શેર કરતાં સૂર્યાએ ૭ નવેમ્બરના રોજ આક્ષેપ કર્યો હતો કે હાવેરી જિલ્લાના એક ખેડૂતે વકફ બોર્ડ દ્વારા તેની જમીન સંપાદિત કરવામાં આવી હોવાની જાણ થતાં કથિત રીતે આત્મહત્યા કરી હતી.

તેજસ્વી સૂર્યાએ પોતાની પોસ્ટમાં કર્ણાટક સરકાર પર આરોપ લગાવ્યો હતો અને કહ્યું હતું કે, ‘લઘુમતીઓને ખુશ કરવાની ઉતાવળમાં મુખ્યમંત્રી સિદ્ધારમૈયા, કર્ણાટક સરકારમાં આવાસ, વકફ અને લઘુમતી વિકાસ મંત્રી બી. જેડ. ઝમીર અહેમદ ખાને રાજ્યમાં એક વિનાશક પરિસ્થિતિનું નિર્માણ કર્યું છે. જેને રોકવું અશક્ય બની રહ્યું છે.

પોલીસ સુપરિન્ટેન્ડેન્ટે કહ્યું હતું કે, ‘શેર કરાયેલા સમાચાર નકલી છે. આવી કોઈ ઘટના પ્રકાશમાં આવી નથી. અહીં ઉલ્લેખનીય છે કે ખેડૂત રુદ્રપ્પા ચન્નપ્પા બાલિકાઈએ ૬ જાન્યુઆરી, ૨૦૨૨ ના રોજ આત્મહત્યા કરી હોવાનું જાણવા મળ્યું હતું. એવું કહેવાય છે કે તેણે દેવું અને પાકના નુકસાનને કારણે આત્મહત્યા કરી હતી.

એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ કહ્યું, ‘હાવેરી જિલ્લા પોલીસના સોશિયલ મીડિયા મોનિટરિંગ સેલમાં પોસ્ટ કરાયેલા એક પોલીસ અધિકારીની ફરિયાદના આધારે, BNS ની કલમ ૩૫૩ (૨) હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો.તેમણે કહ્યું કે હાવેરી જિલ્લાના સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવામાં આવી છે. ■

# ફંડોની વેચવાલી અને નિરસ કોર્પોરેટ પરિણામ વચ્ચે સેન્સેક્સ અને નિફ્ટીમાં સતત બીજા સત્રમાં પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વિદેશી સંસ્થાકીય રોકાણકારોની એકધારી વેચવાલી સાથે સેન્ટિમેન્ટ ખરડાયેલું રહેતા રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, આઈસીઆઈસીઆઈ બેંક અને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના શેરોમાં ધોવાણ વચ્ચે શુક્રવારે શેરબજારો સતત બીજા દિવસે નીચા બંધ રહ્યા હતા. બેન્ચમાર્ક સેન્સેક્સ ૫૫.૪૭ પોઈન્ટ અથવા ૦.૦૭ ટકા ઘટીને ૭૯,૪૮૬.૩૨ પર સેટલ થયો હતો. દિવસ દરમિયાન તે ૪૨૪.૪૨ પોઈન્ટ અથવા ૦.૫૩ ટકા ઘટીને ૭૯,૧૧૭.૩૭ પર પહોંચ્યો હતો. એ જ રીતે, નિફ્ટી ૫૧.૧૫ પોઈન્ટ્સ અથવા ૦.૨૧ ટકા ઘટીને ૨૪,૧૪૮.૨૦ની સપાટીએ સ્થિર થયો છે.

સેન્સેક્સના ૩૦ શેરના પેકમાંથી એશિયન પેઈન્ટ્સ, ટાટા સ્ટીલ, સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, એનટીપીસી, ટાટા મોટર્સ, આઈસીઆઈસીઆઈ બેન્ક અને ઈન્ડસઈન્ડ બેન્ક સૌથી વધુ ઘટનારા શેરોની યાદીમાં ટોચ પર હતા, જ્યારે મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, ટાઇટન, ટેક મહિન્દ્રા, ઇન્ફોસીસ, નેસ્લે અને હિન્દુસ્તાન યુનિલીવરનો ટોપ ગેઇનરમાં સમાવેશ હતો. એક્સચેન્જ ડેટા અનુસાર વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ ગુરુવારે રૂ. ૪,૮૮૮.૭૭ કરોડની ઇક્વિટી ઑફલોડ કરી હતી.

અશોક લેલેન્ડે બીજા ક્વાર્ટરમાં રૂ. ૭૬૬.૫૫ કરોડનું કોન્સોલિડેટેડ નેટ પ્રોફિટ નોંધાવ્યું છે. કુલ આવક રૂ. ૧૧,૨૬૧.૮૪ કરોડ રહી છે. લોજીસ્ટીક ક્ષેત્રે દેશના સૌથી મોટું ટ્રક ઓપરેટર પ્લેટફોર્મ, બ્લેકબક સંચાલિત કરનાર ઝિંકા લોજીસ્ટીક સોલ્યુશન લિમિટેડ, રૂ. ૧૧૧૫ કરોડના આઈપો સાથે ૧૩ નવેમ્બરે પ્રવેશી રહી છે. ફ્રેશ ઇસ્યૂ રૂ. ૫૫૦ કરોડનો છે અને પ્રાઈસ બેન્ડ રૂ. ૨૫૯થી ૨૭૩ છે, ભરણું ૧૮મીએ બંધ થશે.

ઇન્ડિયા સિમેન્ટની ખોટ બીજા ક્વાર્ટરમાં વધીને રૂ. ૩૩૯ કરોડ સુધી પહોંચી હતી. ગયા વર્ષે કંપનીએ રૂ. ૮૦.૦૭ કરોડની ખોટ નોંધાવી હતી. પ્લાન્ટર્સ, પોટ્સ, ગાર્ડન એસેસરીઝ અને આઉટડોર ફર્નિચરની ઉત્પાદક અને નિકાસકાર હર્ષદીપ હોર્ટિકો લિમિટેડે વ્યૂહાત્મક રિટેલ વિસ્તરણ યોજના હેઠળ અમદાવાદ ખાતે ૫૦૦થી વધુ ઇનોવેટીવ ડિઝાઇન અને ૨,૨૦૦ એસકેયુ સાથેનું નવા આઉટલેટ શરૂ કર્યું છે, કંપની તેના ઉત્પાદનોને હોસ્પિટાલિટી, એરપોર્ટ અને મોટા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ જેવા ક્ષેત્રોમાં પણ સપ્લાય કરે છે.

રિલાયન્સ પાવર અને રિલાયન્સ એનયુ બીઇએસએસને નકલી દસ્તાવેજોના આરોપસર સોલાર એનર્જી કોર્પોરેશન ઓફ ઇન્ડિયાની ટેન્ડર પ્રક્રિયામાં સહભાગી થવા સામે ત્રણ વર્ષ બાકાત કરવામાં આવી હોવાથી રિલાયન્સ પાવરનો શેર શુક્રવારે પાંચ ટકાના કડાકા સાથે નીચલી સર્કિટને અથડાયો હતો. એમઆરએફ લિમિટેડે સપ્ટેમ્બર ક્વાર્ટરમાં ૧૯ ટકાના ઘટાડા સાથે રૂ. ૪૭૦.૭૦ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે, જે ગયા વર્ષે સમાન ગાળામાં રૂ. ૫૮૬.૬૦ કરોડ રહ્યો હતો. પેજ ઇન્ડસ્ટ્રીએ ૩૦ ટકા વધારા સાથે રૂ. ૧૯૫.૨૦ કરોડનો નફો નોંધાવ્યો છે.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં મુખ્યત્વે મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૩.૦૯ ટકા, ટાઈટન ૨.૧૩ ટકા, ટેક મહિન્દ્ર ૧.૯૦ ટકા, નેસ્લે ૧.૪૪ ટકા, ઈન્ફોસિસ ૧.૩૧ ટકા, હિંદુસ્તાન યુનિલિવર ૧.૨૯ ટકા, પાવર ગ્રીડ ૧.૧૨ ટકા અને અદાણી પોર્ટ્સ ૦.૭૮ ટકા વધ્યા હતા, જ્યારે એશિયન પેઈન્ટ્સ ૨.૬૧ ટકા, તાતા સ્ટીલ ૨.૨૨ ટકા, સ્ટેટ બેન્ક ૧.૮૬ ટકા, તાતા મોટર્સ ૧.૭૨ ટકા, રિલાયન્સ ૧.૬૬ ટકા, એનટીપીસી ૧.૫૬ ટકા, આઈસીઆઈસીઆઈ બેન્ક ૧.૫૩ ટકા, ભારતી એરટેલ ૦.૪૭ ટકા અને ઈન્ડસઈન્ડ બેન્ક ૦.૨૬ ટકા ઘટ્યા હતા.

એશિયન બજારોમાં, સિઓલ, શાંઘાઈ અને હોંગકોંગ નીચા સ્થિર થયા જ્યારે ટોકિયો પોઝિટિવ ઝોનમાં બંધ થયું હતું, જ્યારે યુરોપિયન બજારો બપોરના સત્ર સુધી નીચા મથાળે ટ્રેડ થઈ રહ્યા હતા. વોલ સ્ટ્રીટમાં ગુરુવારે મોટે ભાગે પોઝિટવિ ટોન જોવા મળ્યો હતો. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૧.૨૮ ટકા ઘટીને ૭૪.૬૬ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું. બીએસઇ બેન્ચમાર્ક સેન્સેક્સ ગુરુવારે ૮૩૬.૩૪ પોઈન્ટ અથવા




૧.૦૪ ટકા ઘટીને ૭૯,૫૪૧.૭૯ પર સેટલ થયો હતો. જ્યારે એનએસઇનો નિફ્ટી ૨૮૪.૭૦ પોઈન્ટ અથવા ૧.૧૬ ટકા ઘટીને ૨૪,૧૯૯.૩૫ પર બંધ થયો હતો.

નિફ્ટી માટે ૨૪,૦૦૦નું સ્તર ઇન્ડેક્સ માટે મજબૂત સમર્થન તરીકે કામ કરશે તેવી અપેક્ષા છે, એમ જણવાતાં એલકેપી સિક્યોરિટીઝના સિનિયર ટેકનિકલ એનાલિસ્ટ, રૂપક ડેએ જણાવ્યું હતું કે, જો તે આ સ્તરથી ઉપર રહે તો તેજીવાળા માટે હજુ પણ વેગ પકડવાની તક મળી શકે છે. નિફ્ટી જો લાંબો સમય ૨૪,૦૦૦ની નીચેથી બહાર નીકળવામાં નિષ્ફળ રહે તો બજારનું સેન્ટિમેન્ટ વધુ નબળું પડી શકે છે. આરએસઆઇ ઇન્ડકેટરમાં એવા સંકેત મળી રહ્યાં છે કે ટૂંકા ગાળાની ગતિ મજબૂત રહેવાની સંભાવના છે, ઇન્ડેક્સ ૨૪,૫૦૦ તરફ રિકવર થઈ શકે છે, પરંતુ ૨૪,૦૦૦ ની નીચેનો ઘટાડો બજાર કરેક્શન તરફ દોરી શકે છે.

અમેરિકાની ચૂંટણીમાં ટ્રમ્પના વિજયનો ઉન્માદ એક દિવસમાં ઓસરી જતાં ભારતીય બજારમાં એકતરફ લેવાલી થંભી ગઇ હતી અને બીજી તરફ કોર્પોરેટ સેકટરની નબળી કામગીરી ઉપરાંત એફઆઇઆઇની વેચવાલી જારી રહી હોવાથી સેન્ટિમેન્ટને ફટકો લાગ્યો છે. અમેરિકામાં ટ્રમ્પના વિજયના ઉન્માદમાં બુધવારે ૧૦૦૦ પોઇન્ટના ઉછાળા બાદ ઉન્માદ શમી જતાં ગુરુવારે શેરબજાર ઝડપી ગતિએ ૯૦૦ પોઇન્ટ નીચે ખાબકતા બજારના વિશ્લેષકોને પણ આશ્ચર્ય થયું હતું કારણ કે ટ્રમ્પ ઉન્માદ ગણતરીના કલાકોમાં ઓગળી જશે એવી કલ્પના નહોતી. યુએસ પ્રમુખપદની રેસમાં રિપબ્લિકન ડોનાલ્ડ ટ્રમ્પની જીત બાદ બુધવારના સત્રમાં તાત્કાલિક સેન્ટિમેન્ટલ અસરને કારણે જોરદાર ઉછાળો નોંધાવ્યા બાદ ગુરુવારે બેન્ચમાર્ક ઇક્વિટી બેન્ચમાર્ક સેન્સેક્સ અને નિફ્ટી રેડ ઝોનમાં સરકી ગયા છે. જોકે બજારની નજર હજુ પણ અમેરિકા પર છે. રોકાણકારો હવે વ્યાજ દરનું મૂલ્યાંકન કરવા માટે યોજાનારી ફેડરલ રિઝર્વની બેઠક અને દર અંગેના આગામી નિર્ણય તરફ તેમનું ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે.

વિશ્લેષકો ચેતવણી આપી રહ્યા છે કે અમેરિકામાં રિપબ્લિકન સ્વીપથી ભારતીય શેરબજારો માટે હકારાત્મક અને નકારાત્મક બંને અસરો થઈ શકે છે. ટ્રમ્પની નીતિઓની અસરને કારણે રૂપિયો નબળો પડી શકે છે, વ્યાજદરમાં ઘટાડો થઈ શકે છે અને ભારતમાંથી વિદેશી ફંડોની વેચવાલી વધી શકે છે. અમેરિકામાં ટ્રમ્પના સત્તારૂઢ થવાને કારણે ભારતીય શેરબજાર પર થનારી અસરો આમ તો વિરોધાભાસી છે, જેમ કે ઓઇલ રિફાઇનરી કંપનીઓને લાભ તો ફાર્મા અને આઇટી કંપનીઓને માટે પડકારો ઊભા થવાની ધારણાં છે. ટ્રમ્પ ભારતીય માલોની આયાત પર જકાત વધારી શકે છે. ટ્રમ્પના આવ્યા બાદ ડોલરની મજબૂતી અને યુએસ ટ્રેઝરીની યિલ્ડમાં વધારો થવાને કારણે એફઆઇઆઇની વેચવાલી વધી શકે છે. ટ્રમ્પની નીતિ ફુગાવાજન્ય રહેવાની શક્યતા જોતાં વ્યાજદરની કપાતની ગતિ ધીમી પડી શકે છે. એક માત્ર આશા એ છે કે ટ્રમ્પ ચીનને દબાવીને રાખવાની કોશીશ કરશે, જે ભારતના લાભમાં રહેશે.

હાલ ભારતીય કંપનીઓના ત્રિમાસિક પરિણામન સીઝન ચાલી રહી છે. કોર્પોરેટ કંપનીઓના એકંદર નબળાં પરિણામથી રોકાણકારો નિરાશ થયા છે. બીજી બાજુ ફોરેન ઈન્વેસ્ટર્સની વેચવાલીથી રિટેલ રોકાણકારોનું સેન્ટિમેન્ટ ખરાડયું છે. સપ્ટેમ્બર ક્વાર્ટરના પરિણામ સંકેત આપે છે કે, નિફ્ટીનો ગ્રોથ નાણાકીય વર્ષ ૨૦૨૫માં ૧૦ ટકાથી નીચે જઇ શકે છે.

આગામી ઘટનાઓને ધ્યાનમાં રાખી સાવચેતીના ભાગરૂપે રોકાણકારો બજારથી દૂર થઇ રહ્યા છે. રોકાણકારો દરેક ઉછાળો વેચવાલીની રણનીતિ અપનાવી રહી છે. ભારતીય શેરબજાર સેન્સેક્સ નિફ્ટી પાછલાં ઘણાં સમયથી ઐતિહાસિક ટોચે પહોંચ્યા બાદ હવે ઘટી રહ્યા છે, જેને ટેકનિકલ કરેક્શન કહી શકાય છે.

સપ્તાહના અંતમિ સત્રમાં સેકટરલ ઈન્ડાયસીસમાં રિયલ્ટી ઈન્ડેક્સ સૌથી અધિક ઘટ્યો હતો, અને બીએસઇના માર્કેટ કેપમાં રૂ. ૮.૨૩ લાખ કરોડનું ગાબડું નોંધાયું હતું. શુક્રવારે બીએસઈ સેન્સેક્સ ગત ગુરુવારના ૭૯,૫૪૧.૭૯ બંધથી ૫૫.૪૭ પોઈન્ટ્સ (૦.૦૭ ટકા) ઘટ્યો હતો. માર્કેટ કેપ રૂ. ૮.૨૩ લાખ કરોડ ઘટીને રૂ.૪૪૪.૩૫ લાખ કરોડ રહ્યું હતું. સેન્સેક્સ ૭૯,૬૧૧.૯૦ ખૂલીને ઉપરમાં ૭૯,૮૦૭.૨૬ અને નીચામાં ૭૯,૧૧૭.૩૭ સુધી જઈને અંતે ૭૯,૪૮૬.૩૨ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. સેન્સેક્સની ૧૬ સ્ક્રિપ્સ વધી હતી અને ૧૪ સ્ક્રિપ્સ ઘટી હતી. એક્સચેન્જમાં ૪,૦૬૪ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૧,૩૯૬ સ્ટોક્સ વધ્યા હતા, ૨,૫૭૫ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૯૩ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૨૨૧ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૨૭ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા.

બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૧.૧૮ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૧.૫૨ ટકા ઘટ્યા હતા. સ્ટ્રટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૧.૧૬ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૭૦ ટકા ઘટ્યો હતો.

સેક્ટરલ ઈન્ડાયસીસમાં બીએસઈ ફોકસ્ડ આઈટી ૦.૭૫ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૭ ટકા, ઈન્ફોર્મેશન ટેકનોલોજી ૦.૫૪ ટકા, ટેક ૦.૩૯ ટકા, ઓટો ૦.૧૪ ટકા એફએમસીજી ૦.૦૮ ટકા વધ્યા હતા, જ્યારે રિયલ્ટી ૨.૯૮ ટકા, એનર્જી ૨.૧ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૨.૦૮ ટકા, યુટિલિટીઝ ૧.૫૯ ટકા, પાવર ૧.૫૧ ટકા, કોમોડિટીઝ ૧.૩ ટકા, ઈન્ડસ્ટ્રિયલ્સ ૧.૧૫ ટકા, મેટલ ૧.૦૫ ટકા, ટેલિકોમ્યુનિકેશન ૧.૦૪ ટકા, સર્વિસીસ ૦.૯૬ ટકા, કેપિટલ ગુડ્સ ૦.૯ ટકા, કંઝ્યુમર ડિસ્ક્રેશનરી ૦.૭૪ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસીસ ૦.૭૪ ટકા, બેન્કેક્સ ૦.૬૫ ટકા અને હેલ્થકેર ૦.૧૧ ટકા ઘટ્યા હતા. બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં શુક્રવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ. ૨૫૮.૧૮ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૧,૬૨૭ સોદામાં ૩,૨૧૦ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૬૦,૨૮,૭૪૪ કોન્ટ્રેક્ટના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ ટર્નઓવર રૂ. ૩,૬૦,૮૩,૭૪૩.૦૧ કરોડનું રહ્યું હતું.

# ડૉલર સામે રૂપિયો વધુ પાંચ પૈસા તૂટીને ઑલ ટાઈમ લૉ સપાટીએ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારો અટકવાની સાથે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં અવિરત વેચવાલીનું દબાણ અને વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ૧૦૪ની ઉપર ક્વૉટ થઈ રહ્યો હોવાથી આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં સતત ત્રીજા સત્રમાં ડૉલર સામે રૂપિયો દબાણ હેઠળ રહેતાં વધુ પાંચ પૈસાના ઘટાડા સાથે ૮૪.૩૭ની નવી નીચી સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ઘટાડાતરફી રહ્યા હોવાથી ગબડતા રૂપિયાને અમુક અંશે ટેકો મળ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

વધુમાં ગઈકાલે અમેરિકી ફેડરલ રિઝર્વે વ્યાજદરમાં બજારની અપેક્ષાનુસાર ૨૫ બેસિસ પૉઈન્ટનો ઘટાડો કર્યો હોવા છતાં નવાં ચૂંટાયેલા અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પની વેપાર અને વેરા અંગેની નીતિ કેવી રહેશે તેની અવઢવ વચ્ચે વૈશ્વિક બજારના ચંચળતાના વલણની પણ રૂપિયા પર અસર થઈ રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૪.૩૨ના બંધ સામે ભાવ ટૂ ભાવ ૮૪.૩૨ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૪.૩૮ અને ઉપરમાં ૮૪.૩૧ની રેન્જમાં અથડાઈને અંતે પાંચ પૈસા તૂટીને ૮૪.૩૭ની નવી નીચી સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે છેલ્લાં ત્રણ સત્ર દરમિયાન ડૉલર સામે રૂપિયામાં ૨૮ પૈસાનું ધોવાણ થઈ ગયું છે.

એકંદરે ગઈકાલે ડૉલર ઈન્ડેક્સ તથા ક્રૂડતેલના ભાવમાં વધારો થયા બાદ આજે વધ્યા મથાળેથી સાધારણ ઘટાડો જોવા મળ્યો છે, પરંતુ ગઈકાલના વધારાની આજે રૂપિયા પર અસર જોવા મળી છે. આ ઉપરાંત ઈક્વિટી માર્કેટની નરમાઈ તેમ જ વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વેચવાલીની પણ રૂપિયા પર માઠી અસર પડી હોવાનું બીએનપી પારિબાસના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે અમારા મતે આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયામાં નકારાત્મક વલણ જોવા મળી શકે છે.

આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૫૫.૪૭ પૉઈન્ટનો અને ૫૧.૧૫ પૉઈન્ટ ઘટી આવ્યા હતા.

# વિશ્વ બજારથી વિપરીત સોનામાં ₹ ૬૦૨નું અને ચાંદીમાં ₹ ૭૬૧નું બાઉન્સબૅક

મુંબઈ: અમેરિકી ફેડરલ રિઝર્વે ગઈકાલે બજારની અપેક્ષાનુસાર વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો વધુ ઘટાડો કર્યો હોવાથી ગઈકાલે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમેક્સ વિભાગ પર સોના-ચાંદીના ભાવમાં સુધારો જોવા મળ્યા બાદ આજે લંડન ખાતે પુનઃ વધ્યા મથાળેથી ભાવમાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હતું. જોકે, આજે સ્થાનિક ઝવેરી બજારમાં આજે ઓવરનાઈટ પ્રોત્સાહક અહેવાલે ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૭૬૧નું અને સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૯૯થી ૬૦૨નું બાઉન્સબૅક જોવા મળ્યું હતું.



જોકે, આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો વધુ પાંચ પૈસા નબળો પડીને ઐતિહાસિક નીચી સપાટીએ રહ્યો હોવાથી સોનાની આયાત પડતરો વધી આવતા પણ સોનામાં સુધારાને ટેકો મળ્યો હતો.

આજે સ્થાનિકમાં ખાસ કરીને ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની ઘટ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૭૬૧ના બાઉન્સબૅક સાથે રૂ. ૯૧,૧૩૦ના મથાળે રહ્યા હતા. તે જ પ્રમાણે સોનામાં પણ સ્ટોકિસ્ટો અને રોકાણકારોની છૂટીછવાઈ લેવાલી રહી હતી, જ્યારે રિટેલ સ્તરની અને જ્વેલરી ઉત્પાદકોની લેવાલી પાંખી રહી હોવા છતાં ઓવરનાઈટ પ્રોત્સાહક અહેવાલે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૯૯ વધીને રૂ. ૭૭,૦૭૨ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૬૦૨ વધીને રૂ. ૭૭,૩૮૨ના મથાળે રહ્યા હતા.

દરમિયાન ગઈકાલે અમેરિકી ફેડરલ રિઝર્વે બે દિવસીય નીતિવિષયક બેઠકના અંતે બજારની અપેક્ષાનુસાર વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો ઘટાડો કર્યો હતો, પરંતુ ભાવિષ્યમાં વ્યાજદરમાં કપાત માટે સાવચેતીનું વલણ અપનાવવામાં આવશે તેમ જ તાજેતરનાં અમેરિકાની પ્રમુખપદની ચૂંટણીના પરિણામોની નાણાનીતિ પર આગામી ટૂંકાગાળામાં કોઈ અસર જોવા નહીં મળે, એમ ફેડરલના અધ્યક્ષ જૅરોમ પૉવૅલે જણાવ્યું હતું. જોકે, ફેડરલના વ્યાજદરમાં કપાતના નિર્ણય બાદ ન્યૂ યોર્ક ખાતે સોનાના ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હતું, પરંતુ આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૭ ટકા ઘટીને ૨૬૮૮.૭૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

અત્રે નોંધનીય બાબત એ છે કે આ સપ્તાહમાં અત્યાર સુધીમાં સોનાના ભાવમાં ૧.૭ ટકા જેટલો ઘટાડો આવી ગયો છે. વધુમાં આજે સોનાના વાયદામાં પણ ભાવ ગઈકાલના બંધ સામે ૦.૪ ટકા ઘટીને ૨૬૯૫.૮૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૧.૮ ટકા ઘટીને ઔંસદીઠ ૩૧.૪૨ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તાજેતરમાં વૈશ્વિક સોનામાં નફારૂપી વેચવાલીનું દબાણ તેમ જ ફેડરલ રિઝર્વની ભવિષ્યની નાણાનીતિની અનિશ્ચિતતાને કારણે ભાવમાં પીછેહઠ જોવા મળી રહી હોવાનું એએનઝેડનાં કૉમૉડિટી સ્ટ્રેટેજિસ્ટ સોની કુમારીએ જણાવ્યું હતું. સામાન્યપણે વધતા ફુગાવાના સંજોગોમાં સોના જેવી વ્યાજની ઊપજ ન આપતી અસ્ક્યામતોમાં રોકાણકારોની સલામતી માટેની માગ રહેતી હોય છે, પરંતુ ઊંચા વ્યાજદરને કારણે સોનામાં માગ રૂંધાઈ જતી હોય છે.

ભાવી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પનાં આરંભિક કાર્યકાળમાં ખાસ કરીને નીતિમાં નોંધપાત્ર ફેરફાર નહીં થતાં સોનામાં સુધારાને ટેકો મળતો રહેશે, એમ એક ટ્રેડરે જણાવતા ઉમેર્યું હતું કે ઊંચી રાજકોષીય ખાધ અને ટેરિફના ઊંચા દર એ બન્ને પરિબળો ફુગાવાલક્ષી હોવાને કારણે પણ સોનાની તેજીને ટેકો મળશે, એમ તેમણે ઉમેર્યું હતું.

# નિકલમાં સ્ટોકિસ્ટોની વેચવાલીએ ₹ ૧૪નો ઘટાડો, અન્ય ધાતુમાં મિશ્ર વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે મુખ્યત્વે નિકલમાં ગઈકાલના વધ્યા મથાળેથી નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. ૧૪નો ઘટાડો જોવા મળ્યો હતો. આ સિવાય અન્ય ધાતુઓમાં વપરાશકાર ઉદ્યોગની માગ અનુસાર ભાવમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું. જેમાં કોપરની અમુક વેરાઈટીઓ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને ટીનમાં કિલોદીઠ રૂ. એકથી ત્રણનો સુધારો તથા બ્રાસ અને ઝિન્ક સ્લેબમાં કિલોદીઠ રૂ. એકથી ત્રણનો ઘટાડો આવ્યો હતો, જ્યારે અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે સમાપના થઈ રહેલી ચીનની નેશનલ પીપલ કૉંગ્રેસ કમિટીની ચાર દિવસીય બેઠકના અંતે સ્ટિમ્યુલસ પેકેજ સહિત આર્થિક વૃદ્ધિ માટેનાં પગલાંની જાહેરાત થવાની હોવાથી સાવચેતીના અભિગમ વચ્ચે લંડન ખાતે સત્રના આરંભે કોપરના એક મહિને ડિલિવરી શરતે ભાવ ગઈકાલના બંધ સામે ૦.૭ ટકા ઘટીને ટનદીઠ ૯૬૧૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. ગઈકાલે નિકલના ભાવમાં કિલોદીઠ રૂ. ૪૨નો ઉછાળો આવ્યા બાદ આજે સ્થાનિકમાં વધ્યા મથાળેથી નફારૂપી વેચવાલીનું દબાણ તથા સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૧૪ના ઘટાડા સાથે રૂ. ૧૩૯૮ના મથાળે રહ્યા હતા. આ સિવાય અન્ય ધાતુઓ જેમાં નિરસ માગે ભાવમાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને રૂ. ૨૮૮, બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને રૂ. ૫૭૫ અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને રૂ. ૫૨૦ના મથાળે રહ્યા હતા. આજે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની લેવાલીને ટેકે કોપર વાયરબાર અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને અનુક્રમે રૂ. ૮૫૬ અને રૂ. ૨૫૧, કોપર આર્મિચર અને ટીનના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને અનુક્રમે રૂ. ૭૯૨ અને રૂ. ૨૭૫૦ અને કોપર સ્ક્રેપ હેવી અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૮૦૨ અને રૂ. ૭૪૫ના મથાળે રહ્યા હતા. જોકે, આજે કોપર કેબલ સ્ક્રેપ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા લીડ ઈન્ગોટ્સમાં ખપપૂરતી માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૮૧૨, રૂ. ૧૯૫ અને રૂ. ૧૮૫ના મથાળે ટકેલા રહ્યા હતા.

# મર્યાદિત કામકાજે ખાંડમાં ₹ બેથી ૨૦નો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૫૨૦થી ૩૫૬૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા. જોકે, સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સાર્વત્રિક સ્તરેથી કામકાજો ખપપૂરતા મર્યાદિત રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. બેનો સાધારણ ગુણવત્તાલક્ષી ઘટાડો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં ઉપલા મથાળેથી રૂ. ૨૨ ઘટી આવ્યા હતા. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે પણ ઔદ્યોગિક વપરાશકારોની માગ નિરસ રહેતાં ભાવ ક્વિન્ટલે રૂ. ૧૫ ઘટી આવ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ ઉપરાંત રિટેલ સ્તરની માગ પણ એકંદરે પાંખી રહેતા ઉપાડ લગભગ ૨૬થી ૨૭ ટ્રકનો રહ્યો હતો.

જોકે, આજે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. બેના સાધારણ ગુણવત્તાલક્ષી ઘટાડા સાથે રૂ. ૩૬૬૬થી ૩૭૮૦માં થયા હતા, જ્યારે નિરસ માગે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૨ના ઘટાડા સાથે રૂ. ૩૭૪૬થી ૩૯૦૦માં થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે પણ ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ ખપપૂરતી રહેતાં સ્મોલ તથા મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૧૫ના ઘટાડા સાથે અનુક્રમે રૂ. ૩૫૯૦થી ૩૬૩૦માં અને રૂ. ૩૬૩૦થી ૩૭૧૦માં થયા હતા.

# વિશ્વ બજાર પાછળ આયાતી તેલમાં ઉછાળા



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના જાન્યુઆરી અને ફેબ્રુઆરી વાયદામાં અનુક્રમે ૧૪૮ રિંગિટનો અને ૧૪૩ રિંગિટનો ઉછાળો આવ્યાના અહેવાલ ઉપરાંત ગઈકાલે શિકાગો ખાતે સોયાતેલના ડિસેમ્બર અને જાન્યુઆરી વાયદામાં અનુક્રમે ૧૯૮ અને ૨૦૧ સેન્ટ વધી આવ્યા હોવાથી આજે સ્થાનિકમાં આયાતી તેલમાં ૧૦ કિલોદીઠ આરબીડી પામોલિન અને સન રિફાઈન્ડમાં રૂ. ૧૦ અને સોયા રિફાઈન્ડમાં રૂ. ૧૫ વધી આવ્યા હતા. જાકે આજે ગુજરાતના મથકો પર દેશાવરોની લેવાલી પાંખી રહેતાં સિંગતેલમાં તેલિયા ટીનના ભાવમાં ૧૫ કિલોદીઠ રૂ. ૨૦ અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. પાંચ ઘટી આવ્યા હોવાથી સ્થાનિકમાં સિંગતેલના ભાવમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે આરબીડી પામોલિનના ૧૦ કિલોદીઠ ભાવમાં ગોલ્ડન એગ્રીના જેએનપીટી અને કંડલાથી ડિલિવરી શરતે રૂ. ૧૩૮૦ અને મેંગ્લોરથી ૧૩૭૫ તથા રિલાનયન્સ રિટેલ અને એએનએના રૂ. ૧૩૯૦ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે લિબર્ટીના સન રિફાઈન્ડના રૂ. ૧૪૦૦ અને રૂચીના આરબીડી પામોલિનના રૂ. ૧૩૬૫થી ૧૩૭૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૬૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૩૯૫ ક્વૉટ થઈ રહ્યા હતા. જોકે, આજે ડાયરેક્ટ અને સેલરિસેલ ધોરણે વેપાર છૂટાછવાયા રહ્યા હતા.

આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૩૮૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૬૫, સન રિફાઈન્ડના રૂ. ૧૩૪૦, સિંગતેલના રૂ. ૧૫૪૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૫૦ અને સરસવના રૂ. ૧૩૯૦ના મથાળે રહ્યા હતા, જ્યારે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૪૧૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૫૧૫માં થયા હતા.

# ગાંધીધામના મચ્છુનગરમાં રેલવેકર્મીના બંધ મકાનમાંથી ₹ ૬.૬૪ લાખના દાગીના ચોરાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: સમગ્ર કચ્છ જિલ્લામાં ખાસ કરીને પૂર્વ ભાગમાં તસ્કરોનો આતંક વધી ગયો હોવાની અનેક ઘટનાઓ બહાર આવી રહી છે. ગાંધીધામ નજીક આવેલી ખારીરોહરની સીમમાં સ્થિત મચ્છુનગર વિસ્તારમાં રેલવે કર્મચારી તથા તેમના સહોદરના બંધ મકાનોને નિશાન બનાવીને તસ્કરોએ રૂ.૬,૬૪,૦૦૦ના સોનાના દાગીનાની ચોરીને અંજામ આપતાં રહેવાસીઓમાં ફફડાટ ફેલાયો હતો.

રેલવે મથકે ટ્રાફિક ઓપરેટિંગ વિભાગમાં પોઇન્ટમેન તરીકે ફરજ બજાવનારા મૂળ ફતેહપર માળિયાના રૈયાભાઇ ભરવાડે પોલીસને જણાવ્યું હતું કે, મચ્છુનગરમાં તેમના અન્ય ભાઇઓ એક જ વરંડામાં જુદાં જુદાં મકાનોમાં રહે છે. તેમનાં વતન ફતેહપરમાં ગુરુવારે મછુમાનું માંડલું હોવાથી તેમના ભાઇઓ અને પરિવારજનો ગયા હતા, જ્યારે ફરિયાદી સાંજે નોકરીથી પરત ઘરે આવી બાદમાં ઘરને તાળાં મારી વતન જવા નીકળ્યા હતા.

આ પરિવારજનો વતનમાં હતા ત્યારે તેમના ભત્રીજાએ ફોન કરી ઘરનાં તાળાં તૂટેલાં હોવાની વાત કરતાં ફરિયાદી અને પરિવારજનો પરત ઘરે આવી અંદર તપાસ કરતાં લોકવાળા કબાટની તિજોરી તોડી તેમાંથી સાત તોલાનો સોનાનો હાર, પાંચ તોલાનો સોનાનો મઘનો ચેઇન સહિતનો હાર, ત્રણ તોલાની સોનાની ચેઇન, ત્રણ ગ્રામની સોનાની વીંટી, બાળકના ચાંદીના કડલાની ચોરી થઇ હોવાનું માલુમ પડ્યું હતું. ત્યારબાદ ફરિયાદીના મોટા ભાઇ પોલાભાઇનાં ઘરની હાથ ધરેલી તપાસમાં પણ સોનાના દાગીના ચોરવાની સાથે ચોરોએ તેમના બંધ મકાનોમાંથી રૂા.૬,૬૪,૦૦૦ના દાગીનાની તફડંચી કરી હતી. પોલીસે ડોગ સ્કવૉડ અને એફએસએલ ટુકડીની મદદ વડે અજાણ્યા તસ્કરોનું પગેરું શોધવા કવાયત હાથ ધરી હતી.

# ભાવનગરમાં આઈપીએસ અધિકારીની ઓળખ આપી બિલ્ડર પાસેથી ગઠિયાએ ૧૫ લાખ પડાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: શહેરમાં બિલ્ડરને આઈપીએસ અધિકારીની ઓળખ આપી ગઠિયાએ ૧૫ લાખ પડાવ્યા હોવાની ઘટના પ્રકાશમાં આવી હતી. તમારા મોકલેલા પાર્સલમાં ડ્રગ્સ છે તેમ કહી બિલ્ડરને ધરપકડની ધમકી આપી હતી. જેથી બિલ્ડરે પોતાની સાથે ફ્રોડ થયું હોવાનું લાગતા અજાણ્યા શખ્સ વિરુદ્ધ ભાવનગર સાયબર ક્રાઇમમાં ફરિયાદ નોંધાવી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ ભાવનગર શહેરમાં બિલ્ડરના વ્યવસાય સાથે સંકળાયેલા મયુરભાઇ પટેલે પોલીસ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેમને ગત ૨૯ ઓક્ટોબરે અજાણ્યા નંબરથી ફોન આવ્યો હતો. આ ફોન કરનારે તેમને કહ્યું હતું કે, તમે મુંબઇથી નેપાળ જે પાર્સલ મોકલ્યું હતું તેમાં પાંચ પાસપોર્ટ, ત્રણ ક્રેડિટ કાર્ડ, ૧૪૦ ગ્રામ એમ.ડી.ડ્રગ્સ, કપડાં અને એક લેપટોપ છે.

મયુરભાઇએ ફોન કરનારને તેમણે કોઇ પાર્સલ મોકલાવ્યું નથી તેમ કહેતા સામે વાત કરી રહેલા રાકેશભાઇ નામના વ્યક્તિએ તમારા નામનું એરેસ્ટ વોરંટ નીકળશે તેમ કહી કોઇ આઇ.પી.એસ. અધિકારીની ઓળખ આપી હતી અને આકાશ કુલ્હારી નામના શખ્સ સાથે વીડિયો કોલમાં વાત કરાવી હતી.

ફોન પર આ આકાશ કુલ્હારીએ મયુરભાઈને કહ્યું હતું કે, પાર્સલ તમારા નામનું છે. જેમાં તમે ડ્રગ્સ મોકલ્યું છે. જેથી તમારી સામે ગુનો દાખલ થશે તેવી ધમકી આપીને સિક્યુરિટી ડિપોઝિટ તરીકે ૧૫ લાખ રૂપિયા મયુરભાઈ પાસેથી ટ્રાન્સફર કરાવી લીધા હતાં. તેણે જય મા ટ્રેડર્સ નામના એકાઉન્ટમાં વધુ રૂપિયા ટ્રાન્સફર કરવાનું કહેતા મયુરભાઈને પોતાની સાથે સાયબર ફ્રોડ થયો હોવાનું જણાયું હતું. જેથી તેમણે અજાણ્યા શખ્સ વિરુદ્ધ ભાવનગર સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી હતી. આ ફરિયાદના આધારે પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

# ભાવનગરમાં જલારામ જયંતીએ ૨૦ હજારથી વધુ લોકોએ મહાપ્રસાદનો લાભ લીધો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: શહેરમાં શુક્રવાર જલારામ બાપાની ૨૨૫મી જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવી હતી. શહેરના આનંદનગર ખાતેના જલારામ મંદિરમાં ૨૨૫ વાનગીઓનો ભવ્ય અન્નકુટ ધરાવાયો હતો. અહીં ૨૦ હજાર લોકોએ મહાપ્રસાદનો લાભ લીધો હતો.

ભાવનગરમાં આનંદનગર ખાતેના જલારામ મંદિરને રોશનીથી શણગારવામાં આવ્યું હતું. મંદિરમાં સવારથી જ દર્શનાર્થીઓની ભીડ જામી હતી. મંદિરમાં સવારે ધજા પૂજન, બાપાનું પૂજન તે ઉપરાંત બાપાને ૨૨૫થી વધુ વાનગીઓનો ભવ્ય અન્નકુટ ધરાવામાં આવ્યો હતો. તે ઉપરાંત મંદિરમાં બાપાની મહા આરતી કરવામાં આવી હતી.

જલારામ જયંતીના દિવસે આનંદનગર જલારામ મંદિરે રેડક્રોસ સોસાયટી ભાવનગરના સહકારથી રક્તદાન શિબિર, જનરલ મેડિકલ ચેકઅપ અને પ્રાથમિક સારવારની ટુકડી તેમજ ચક્ષુદાન, દેહદાન, અંગદાન વગેરેના સંકલ્પ પત્રો ભરવાની વ્યવસ્થા કરવામાં આવી હતી.જેનો મોટી સંખ્યામાં ભાવિકો લાભ લીધો હતો. જલારામ મંદિર ખાતે સમગ્ર દિવસ દરમિયાન ૫૦ હજાર કરતાં વધુ ભક્તજનોએ દર્શનનો લાભ લીધો હતો.

જલારામ બાપાના મંત્ર સમાન ટુકડો ત્યાં હરિ ઢુકડો સૂત્રને સાર્થક કરતા ભાવનગરના સર્વે જ્ઞાતિ અને ભક્તજનો માટે મહાપ્રસાદનું પણ આયોજન કરાયું હતું. જેનો ૨૦ હજારથી વધુ લોકોએ લાભ લીધો હતો.

# રાજકોટ મનપાના આધારકાર્ડ કેન્દ્રમાં સતત ત્રીજા દિવસે ધાંધિયાઃ લોકોને ભારે હાલાકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટ મહાનગરપાલિકાના આધારકાર્ડ કેન્દ્રમાં સતત ત્રીજા દિવસે અફડાતફડીનો માહોલ જોવા મળ્યો હતો અને ઓપરેટરોના અભાવે અરજદારોની હેરાનગતિનો કોઈ પાર રહ્યો ન હતો. ત્રણ ત્રણ કલાક સુધી લાઈનમાં ઊભા રહ્યા બાદ વારો આવતો હતો. દરમ્યાન અંગે કૉંગ્રેસને ફરિયાદ મળતા રાજકોટ શહેર કૉંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણીએ જો સ્થિતિ થાળે નહીં પડે તો આશ્ચર્યજનક કાર્યક્રમની ચીમકી આપી હતી.

વિશેષમાં રાજકોટ શહેર કૉંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણીએ મ્યુનિસિપલ કમિશનર અને રાજકોટ જિલ્લા કલેકટરને પત્ર પાઠવ્યો હતો, કે રાજકોટ મહાનગરપાલિકામાં આધાર કેન્દ્ર લોકોનું પીડાનું કેન્દ્ર અને નિરાધાર કેન્દ્ર બન્યું છે. મહાનગરપાલિકામાં નવું આધારકાર્ડ કેન્દ્ર બનતા તત્કાલીન સમયના મેયર સહિતના પદાધિકારીઓએ જણાવ્યું હતું કે હવે લોકોને આધાર કાર્ડ માટે રાજકોટ મહાનગરપાલિકામાં લાઈનોમાં ઊભું રહેવું નહીં પડે અને વધુ ઓપરેટરો સાથે નવસર્જન કર્યું છે, પરંતુ આધાર કાર્ડ કેન્દ્ર વારંવાર વિવાદનું કેન્દ્ર બન્યું છે અને લોકોને પીડા આપતું નિરાધાર કેન્દ્ર બન્યું છે. કારણ કે રાજકોટ મહાનગરપાલિકાના ૧૮ ઓપરેટરો અને જૂની કલેકટર કચેરીઓમાં ના તાલુકા મામલતદાર કચેરીમાં ઓપરેટરોને સસ્પેન્ડ કર્યા હતા અને રાજકોટની વેસ્ટ ઝોન અને ઇસ્ટ ઝોન કચેરીમાં આધારકાર્ડ અંગેની કામગીરી બંધ કરાતા સેન્ટ્રલ ઝોન કચેરીમાં અપૂરતો સ્ટાફને બદલે રોજબરોજ ભારે અંધાધૂંધી અને અરાજકતા સર્જાય છે. દિવાળી પહેલા ઓપરેટરોને સસ્પેન્ડ કરાયા બાદ નવી નિમણૂક અંગે કે સસ્પેન્ડ કરાયેલા ઓપરેટરો અંગે કોઈ ત્વરિત નિર્ણય નહીં લેવાતા મહાનગરપાલિકાની ઓપરેટરોને ચાલુ રાખવાની રજૂઆત હાલ માન્ય રાખવામાં આવી નથી જે પગલે લોકોને ચાર ચાર દિવસે પણ આધારકાર્ડ અંગેની કામગીરી પૂર્ણ થતી નથી કલાકો સુધી લાઈનમાં ઊભું રહેવું પડે છે.

# રાપરના ચિત્રોડમાં એક સાથે આઠ મંદિરના તાળાં તૂટ્યાં: ઘરેણાં અને દાનપેટી ચોરાઇ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છમાં ફાવી ગયેલા તસ્કરોએ રાપર તાલુકાના ચિત્રોડ ગામમાં છઠ્ઠ પૂજાના તહેવારની રાત્રે એક સાથે આઠ મંદિરમાં સામુહિક ચોરીને અંજામ આપતાં ભાવિકોમાં રોષ ફેલાયો હતો. તસ્કરોએ મંદિરોમાંથી દાનપેટી અને ઘરેણાંની ચોરી કરતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

આ અંગે ગાગોદર પોલીસે જણાવ્યું હતું કે, ચિત્રોડ ગામે રાતથી સવાર સુધીના અરસામાં આઠ જેટલા અલગ અલગ દેવ મંદિરોમાં ચોરીની ઘટના બની હતી, જેમાં આઈ દેવ માતાનું મંદિર, જેઠા શ્રી ગોગા મહારાજ, મોમાઈ માતાજી મંદિર, વાળંદ સમાજનું મંદિર, પ્રજાપતિ સમાજનું મંદિર, પટ્ટણી સમાજનું મંદિર, રાજપૂત સમાજનું મંદિર અને કોલી સમાજના મંદિરનો સમાવેશ થાય છે.

આ ચોરીના બનાવમાં ચાંદીના છતર, માતાજીની મૂર્તિઓ ઉપર ભાવિકોએ ચડાવેલા વિવિધ સોના-ચાંદીના શણગાર અને દાન પેટીઓમાં રહેલી રોકડ રકમ તસ્કરો ઉઠાવી ગયા હતા. પોલીસે કયા મંદિરોમાં કેટલી મતા ચોરાઈ તે અંગેની તપાસ શરૂ કરી હતી અને તસ્કરોને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતાં.

# ગાંધીધામમાં પેટ્રોલ છાંટીને સળગી જનાર યુવકનું સારવાર દરમિયાન મોત નીપજ્યું

ભુજ: ગાંધીધામમાં ગુજરાત હાઉસિંગ બોર્ડ પાસે ઝૂંપડપટ્ટી વિસ્તારમાં સ્થિત નમક ફેક્ટરી નજીક અગમ્ય કારણોસર એક યુવકે પોતાના પર પેટ્રોલ છાંટી આપઘાત કરી લેતા સમગ્ર પંથકમાં ગમગીની પ્રસરી ગઈ હતી.

આ ઘટના અંગે ગાંધીધામ પોલીસે જણાવ્યું હતું કે, નમક ફેક્ટરી પાસે રહેનાર નવીન ચાવડા નામના પરિણીત યુવકે ગત ૧૪મી ઑક્ટોબરે અગમ્ય કારણોસર જાતે પોતાના ઉપર પેટ્રોલ છાંટી દિવાસળી ચાંપી દેતાં તે ગંભીર રીતે દાઝી ગયો હતો. આ યુવાનને સારવાર અર્થે પ્રથમ આદિપુરની રામબાગ બાદ ભુજ જિલ્લા સરકારી હૉસ્પિટલ અને ત્યાંથી વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં લઇ જવાયો હતો જ્યાં સારવાર દરમ્યાન તેણે છેલ્લા શ્વાસ લીધા હતા. પોલીસે યુવકે આપઘાત કેમ કર્યો તે અંગે વધુ તપાસ હાથ ધરી હતી.

# રાજકોટ નાગરિક બૅન્કની ૨૮ વર્ષ પછી ચૂંટણી: કલ્પક મણિયાર સંસ્કાર પેનલ સાથે મેદાને

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટ નાગરિક સહકારી બેન્ક કે જેની ૪૮ જેટલી બ્રાન્ચ અને સાડા ત્રણ લાખ જેટલા સભાસદો છે. આ બેન્કની ૨૮ વર્ષ પછી ચૂંટણી આવતા સહકારી ક્ષેત્રનું રાજકારણ ચમરસીમા પર પહોંચ્યું છે. ચૂંટણી આવવા પાછળનું કારણ બેન્કના ડાયરેકટરોનો અંદરો અંદરનો ધુંધવાયેલો વિવાદ અને વિખવાદ હવે જાહેરમાં આવી જતાં ચૂંટણી કરવાની ફરજ પડી છે ત્યારે બેન્કના પૂર્વ ચેરમેન જયોતિન્દ્ર (મામા) મહેતાની સહકાર પેનલ સામે ફોર્મ ભરવાના અંતિમ દિવસે અચાનક જ ધડાકો કરનાર બેન્કના ડાયરેકટર અને પૂર્વ ચેરમેન કલ્પક મણિયાર સંસ્કાર પેનલ સાથે મેદાનમાં ઉતરતા આ ચૂંટણી હાઇપ્રોફાલ બની છે. શુક્રવારે બપોરે ૧૨-૦૦ વાગ્યે સંસ્કાર પેનલના કલ્પક મણિયાર સહિત ૧૫ ડેલીગેટોના નામ જાહેર કરવામાં આવ્યાં હતાં. જેમાં કલ્પકભાઇના ભાઇ મિહિર મણિયારે પણ ફોર્મ ભર્યું હતું. આ ઉપરાંત જયંતભાઇ ધોળકિયા, લલિતભાઇ વડેરિયા (કાળુમામા), ડો.ડી.કે.શાહ, દિપકભાઇ કારિયા, વૈશાલભાઇ મીઠાણી, દીપકભાઇ અગ્રવાલ, હિમાંશુભાઇ ચિનોય, ભાગ્યેશભાઇ વોરા, વિજયભાઇ કારિયા, પંકજભાઇ કોઠારી, નિમેષભાઇ કેસરિયા, નીતાબેન શેઠ અને હિનાબેન બોઘાણીના નામનો સમાવેશ થાય છે. જયારે હજુ છ નામ જાહેર કરવાના બાકી છે.

આ ચૂંટણીમાં રાજકોટના ૧૯૬ ડેલીગેટોના મત ખુબ મહત્ત્વના ગણાશે અને ૧૯૬માંથી ૧૦૦ જેટલા મત કલ્પક મણિયાર મેળવી શકે છે. એ ચર્ચાથી સહકાર પેનલે પણ એડીચોટીનું જોર લગાવી સ્થિતિ મજબૂત બતાવવા માટેના પ્રયાસો કર્યા છે.નાગરિક બેન્કની ચૂંટણી આવવા પાછળનું કારણ બેન્કના કૌભાંડો અને આ કૌભાંડો આચરનારાઓ સામે કોઇ પગલાં ન લેવાતા આવી હોવાનું સંસ્કાર પેનલના કલ્પક મણિયારે જણાવ્યું હતું. મામા (જયોતિન્દ્ર મહેતા) સામે ભાણેજ (કલ્પક મણિયાર)એ કલેકટર સમક્ષ ફોર્મ રજૂ કર્યું હતું અને જણાવ્યું હતું કે, જૂનાગઢ અને મુંબઇની બ્રાન્ચમાં જે કૌભાંડો થયા છે તેમાં પોલીસ ફરિયાદ નોંધવામાં આવે અને તેની જાણ રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાને કરવામાં આવે તે સાથે જ હું અને મારી પેનલના ડેલીગેટસો ફોર્મ પરત ખેંચી લઇશું. સહકારી ક્ષેત્ર ભાજપ સાથે જોડાયેલું છે અને ભાજપ સાથે જ જોડાયેલું રહેશે. મારે કે મારા પરિવારને પાર્ટી સાથે કોઇ મનભેદ ન હોઇ શકે કારણ કે અમે જનસંઘ વખતથી ભાજપની સાથે છીએ અને રાજકોટમાં સંઘના પાયામાં છીએ. અમારી માગ એટલી જ છે કે, ઘરમાં કોઇક ચોર છે તેને રક્ષણ આપવાને બદલે બહાર લાવવો જરી છે.

વધુમાં નાગરિક બેન્કના પૂર્વ ચેરમેન મણિયારે જણાવ્યું હતું કે, અગાઉ સોશિયલ મીડિયા ઇન્ટરવ્યૂમાં મેં બેન્કના ગેરવહીવટ અંગે નિખાલસપણે ચર્ચા કરી હતી તેમાં પ્રત્યક્ષ કોઇપણ આક્ષેપ કોઇપણ વ્યક્તિ સામે કરવામાં આવ્યા નથી. આમ છતાં એક જવાબદાર બોર્ડ મેમ્બર તરીકે મારે સ્પષ્ટતા કરવી જરી છે કે, મારા પર લોન કૌભાંડના આક્ષેપો થયા છે તે પાયા વિહોણા છે.

# બાંદ્રા-ભાવનગર ટ્રેનમાંથી વિદેશી દારૂ સાથે બે શખ્સ ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: બાંદ્રા-ભાવનગર એક્સપ્રેસ ટ્રેનમાં વિદેશી દારૂની હેરાફેરી કરતા બે શખ્સને રેલવે પોલીસે ઝડપી લઇ કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

રેલવે પોલીસ બોટાદ રેલવે સ્ટેશનથી ભાવનગર આવી રહેલી બાંદ્રા ભાવનગર એક્સપ્રેસ ટ્રેનમાં ચેકિંગમાં હતી તે દરમિયાન જનરલ કોચમાંથી વિદેશી દારૂના ચપટા નંગ-૧૧૨, કિં. રૂ.૧૩,૪૪૦/- ભરેલા બે પોટકા સાથે ધર્મેશ અશોકભાઈ રત્નાકર ( રહે. લાખણકા, તા. વલભીપુર) અને કૃણાલ બળવંતભાઈ શ્રીમાળીને ઝડપી લઇ બંને વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

# ભાવનગરમાં નર્સ યુવતીએ ડૉક્ટરને હનીટ્રેપમાં ફસાવી પાંચ લાખ રૂપિયા અને કાર માગી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં સાયબર ફ્રોડ સહિત હનીટ્રેપની ઘટનાઓમાં પણ સતત વધારો થઈ રહ્યો છે. ભાવનગર શહેરમાં એક ડોક્ટરને કેફી પીણું પીવડાવીને બેભાન કરી દઈ તેમના નગ્ન વીડિયો ઉતારવામાં આવ્યા હતાં. ત્યારબાદ તેમને એક યુવતી દ્વારા બ્લેકમેલ કરી પાંચ લાખ રૂપિયા અને કારની માગ કરવામાં આવી હતી. ડોક્ટરે આ બાબતે પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી હતી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ભાવનગરના તળાજા તાલુકામાં કોન્ટ્રાક્ટ બેઝ પર નોકરી કરતી યુવતીએ ભાવનગરના ડોક્ટરને ફસાવવા માટે પ્લાન બનાવ્યો હતો. આ યુવતીએ ડોક્ટર સાથે સંબંધો કેળવ્યા હતાં. ત્યાર બાદ યુવતીએ ડોક્ટરને ફ્લેટ પર મળવાના બહાને બોલાવીને તેમને કેફી પીણું પીવડાવી બેભાન કરી દીધા હતાં. ત્યાર બાદ ડોક્ટરના નગ્ન અવસ્થાના વીડિયો ઉતારીને તેમના મિત્રોને મોકલ્યા હતાં.

આ યુવતીએ ડોક્ટરને બ્લેકમેલ કરીને તેમની પાસે પાંચ લાખ રૂપિયા અને એક કારની માગ કરી હતી. ડોક્ટરે ભરતનગર પોલીસ સ્ટેશનમાં સમગ્ર બનાવની હકિકત જણાવી ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુનો દાખલ કરીને બ્લેકમેલ કરનાર યુવતીને શોધવા પ્રયાસો શરૂ કર્યા હતાં. પોલીસે આ યુવતીએ ડોક્ટર સિવાય અગાઉ કોને આ પ્રકારે શિકાર બનાવ્યા છે તેની પણ તપાસ હાથ ધરી હતી.

# રાજ્ય સરકારે કૃષિ પેકેજ જાહેર કર્યા બાદ મોરબી જિલ્લાના ચાર ગામોમાં સરવે શરૂ કરાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં ચોમાસાની સિઝનમાં ખાસ કરીને સૌરાષ્ટ્રમાં ખેડૂતોના પાકને ભારે નુકસાન થયું હતું. ત્યાર બાદ રાજ્ય સરકારે કૃષિ પેકેજ જાહેર કર્યું હતું, પરંતુ મોરબી જિલ્લાના ચાર ગામોમાં આ સહાય જાહેર કર્યા બાદ સરવેની કામગીરી શરૂ કરવામાં આવી હતી.

ગુજરાતમાં ઓગસ્ટ અને સપ્ટેમ્બર મહિનામાં સૌરાષ્ટ્રના અનેક વિસ્તારોમાં વરસાદ થયો હતો. આ વરસાદને કારણે ખેડૂતોનો પાક નાશ પામ્યો હતો. ખેતરોમાં પાણી ભરાઈ જવાને કારણે કપાસ, મગફળી સહિતના પાકોને મોટા પ્રમાણમાં નુકસાન થયું હતું. જેથી રાજ્ય સરકારે ખેડૂતો માટે કૃષિ પેકેજની જાહેરાત કરી હતી. મોરબી જિલ્લામાં આવતા પાંચ તાલુકામાં ભારે વરસાદના કારણે ખેડૂતોના ઊભા પાકને મોટું નુકસાન થયું હોવાથી જે તે સમયે સર્વેની કામગીરી શરૂ કરવામાં આવી હતી.

પરંતુ હળવદ તાલુકાના ઘનશ્યામગઢ, દેવળિયા, અજીતગઢ અને ઘાટીલા ગામના ખેડૂતો દ્વારા સર્વે કરવાનો વિરોધ કરીને તમામ ખેડૂતોને સહાય આપવામાં આવે તેવી માગ સાથે તે સમયે હળવદના મામલતદારને આવેદન પત્ર પાઠવવામાં આવ્યું હતું. ત્યારે ટેકનિકલ કારણોસર સર્વેની કામગીરી આ ચાર ગામમાં થઈ શકી ન હતી, પરંતુ સરકાર દ્વારા કૃષિ પેકેજ જાહેર કરી દેવામાં આવ્યું હતું. ત્યાર બાદ હવે આ ચારેય ગામના ખેડૂતો કૃષિ સહાયથી વંચિત રહે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે.

હાલમાં આ ચાર ગામમાં ખેતી પાકમાં થયેલા નુકસાનનો સર્વે કરવા માટે અંદાજે ૫૦ જેટલા અધિકારી અને કર્મચારીની ટીમ કામ કરી કરી રહી છે. જિલ્લા ખેતીવાડી અધિકારીએ કહ્યું હતું કે, આ ચાર ગામોમાં પાક નુકસાનીનો સર્વે પૂર્ણ થશે ત્યાર બાદ ઉચ્ચ કક્ષાએ તે અંગેની જાણ કરીને આ ચારેય ગામના ખેડૂતોને પણ સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા કૃષિ રાહત પેકેજનો લાભ મળે તેવી વ્યવસ્થા કરશે.

# ભાવનગરમાં પિતા-પુત્રએ માર મારતાં પરપ્રાંતીય યુવકે ઝેરી દવા ગટગટાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: ભાવનગરમાં મજૂરી કામ કરતાં પરપ્રાંતીય યુવાનને તેના ઘરમાં ઘૂસીને પિતા પુત્રએ માર માર્યો હતો અને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. જેથી તેને લાગી આવતાં તેણે ઝેરી દવા ગટગટાવી હતી. જેથી તેને સારવાર અર્થે હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આ યુવકે માર મારનાર પિતા અને પુત્ર સામે પોલીસ ફરિયાદ કરતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ભાવનગરના મોતીતળાવ વિસ્તારમાં રહેતા મજૂરી કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતા પરપ્રાંતીય વેતાલભાઈ વ્યાસને તેમના જ વિસ્તારમાં રહેતા આરિફ અને તેના દીકરા સાહિલે ઘરમાં ઘૂસીને ધાક ધમકીઓ આપી હતી. સાહિલે વેતાલભાઈને માર મારી ઈજા પહોંચાડી હતી. આ દરમિયાન આસપાસના લોકો એકઠા થઈ જતાં બંને પિતા પુત્ર વેતાલને મારી નાંખવાની ધમકી આપી ત્યાંથી જતા રહ્યાં હતાં.

અગાઉ પણ આ પિતા પુત્રએ પરપ્રાંતીય યુવક સાથે બોલાચાલી કરીને ઝઘડો કર્યો હતો. જેથી તેને લાગી આવતાં તેણે ઝેરી દવા ગટગટાવી હતી. ત્યારબાદ તેને સારવાર અર્થે શહેરની સર.ટી હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આ બનાવ અંગે યુવકે પોલીસ ફરિયાદ કરતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

# ગુજરાતમાં દારૂ બંધી છતાં તાપીના અધિક મેજિસ્ટ્રેટનું ડ્રાય ડે અંગે જાહેરનામું: કૉંગ્રેસે કર્યા પ્રહાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગાંધીના ગુજરાતમાં આઝાદી બાદથી દારૂબંધી અમલી છે. દારૂ વેચવા અને પીનારાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવે છે. જો કે તેમ છતાં તાપી જિલ્લા અધિક મેજિસ્ટ્રેટે એક જાહેરનામું બહાર પાડ્યું હતું. જેમાં ૨૦મી નવેમ્બરે તાપી જિલ્લામાં ડ્રાય ડે જાહેર કરાયો છે. તાપી જિલ્લા અધિક મેજિસ્ટ્રેટનું આ જાહેરનામાની ચારે બાજુ ચર્ચા થઈ રહી છે. કૉંગ્રેસે પણ આ મુદ્દે રાજ્યની ભાજપ સરકાર પર આકરા શાબ્દિક પ્રહારો કર્યા હતા.

આ જાહેરનામા અંગે મળતી માહિતી મુજબ ૨૦મી નવેમ્બરે મહારાષ્ટ્રમાં વિધાનસભા ચૂંટણી યોજાશે. તેને ધ્યાનમાં રાખીને મહારાષ્ટ્ર-ગુજરાતની સરહદે આવેલા તાપી જિલ્લાના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ આર. આર.બોરડે જાહેરનામું પ્રસિદ્ધ કર્યું હતું. જેમાં તાપી જિલ્લાને મહારાષ્ટ્રની ચૂંટણીના મતદાન દરમિયાન ૪૮ કલાક સુધી ડ્રાય ડે જાહેર કર્યો છે. આ હુકમનો ભંગ કરનાર સજાને પાત્ર થશે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં દારૂબંધી છે, ત્યારે તાપી જિલ્લા અધિક મેજિસ્ટ્રેટ દ્વારા આ જાહેરનામું બહાર પાડતા સ્થાનિક રાજકારણ ગરમાયું છે.

સમગ્ર બાબતે વિવાદ વકરતા તાપી-વ્યારાના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ આર.આર બોરડએ નિવેદન આપવું પડ્યું હતું. તેમનું કહેવું છે કે, અમને ઉપરના અધિકારીઓએ કહ્યું હોવાથી આ રીતનું નોટિફિકેશન બહાર પાડ્યું છે'. આ મુદ્દે ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ સમિતિના મુખ્ય પ્રવક્તા ડો. મનીષ દોશીએ ભાજપ સરકાર પર આકરા પ્રહાર કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, તાપીના અધિક મેજિસ્ટ્રેટનું જાહેરનામું એ નશાબંધીનો કાયદો કાગળ પર હોવાની પોલ ખોલી નાખી છે. ભાજપા સરકારમાં હપ્તા રાજ - ભ્રષ્ટાચારના લીધે કરોડો લિટર દારૂ ગુજરાતમાં ઠલવાઈ રહ્યો છે. દારૂના ખેપીયા, બૂટલેગરો, અસામાજિક તત્ત્વોને ભાજપા સરકારે છૂટોદોર આપ્યો હોય તેવું વારંવાર બહાર આવી રહ્યું છે.

# કચ્છના અંજારમાં પરિચિત મહિલાએ દંપતીના ઘરમાંથી ૯.30 લાખની કિંમતના સોના-ચાંદીના દાગીના ચોર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: પૂર્વ કચ્છના અંજાર શહેરમાં રહેતા દંપતીના ઘરમાં અવરજવર કરતી પરિચિત મહિલાએ જ કબાટમાં રાખેલાં રૂ. ૯.૩૦ લાખના સોના-ચાંદીના ઘરેણાંની ચોરી કરી હોવાનો ચોંકાવનારો બનાવ પ્રકાશમાં આવતાં પંથકમાં ચકચાર મચી જવા પામી હતી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે અંજાર પોલીસ મથકમાં મફતનગરમાં રહેતા ડોસાભાઈ ગઢવીએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, છ મહિના અગાઉ સોના-ચાંદીના ઘરેણાંઓને તેમના પત્નીએ બેડરૂમના કબાટમાં મૂકી તાળું મારી દીધું હતું. દિવાળીના તહેવારોમાં ઘરેણાં પહેરવા માટે ગત ૩૧ ઓક્ટોબરે કબાટનું લોક ખોલ્યા બાદ તેમના તમામ ઘરેણાં ગાયબ હોવાનું માલૂમ પડ્યું હતું. આ ઘટનામાં તેમના ઘરે આવતી ઉષા પારીયા નામની આધેડ મહિલા પર તેમને શંકા ગઈ હતી. આ મહિલા ફરિયાદીની પત્નીને પોતાની દીકરી ગણાવીને ઘરકામમાં મદદ કરતી હતી. ફરિયાદીએ ઉષાબેનને ચોરી અંગે પૂછપરછ કરી ત્યારે મહિલાના જવાબો સાંભળીને તેમનો શક મજબૂત થયો હતો.